હજરતે ફરમાવ્યું છે.

“ ખોદા [illegible] જેને ભલાઈ ચાહે છે તેને દીનમાં સમજ આપે ”

બેહેશતી ઝેવર

અથવા

સ્વર્ગનું ઘરેણું.

ભાગ ૪ થો.

છપાવી પ્રસિદ્ધ કર્તા

અબદુર રહીમ બી૦ મરહુમ મૌલાના ગુલામ મોહમદ સાહેબ

મેનેજર કુતુબખાના આહેલીયહ મુ૦ રાંદેર જી. સુરત

[illegible] સને ૧૩૪૩ હીજરી

ત્રીજી આવૃત્તિ] [પ્રત ૧૦૦૦

છાપનાર—ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક

શ્રી “ અનાવિલબંધુ ” પ્રીન્ટીંગ પ્રેસ, ભાગ્યવાળી પોળ, બરાનપુરી ભાગળ—સુરત

કી૦ છ આના

હજરતે ફરમાવ્યું છે.

"ખોદા જેના વિષે ભલાઈ ધારે છે તેને દીનમાં સમજ આપે છે."

બેહેશ્તી ઝેવર

અથવા

સ્વર્ગનું ઘરેણું.

ભાગ ૪ થો.

છપાવી પ્રસિદ્ધ કર્તા

અબદુર રહીમ બી૰ મરહુમ મૌલાના ગુલામ મોહમદ સાહેક

મેનેજર કુતુબખાના સાહેકીયહ મુ૰ રાંદેર જી. સુરત

ઝિલહજ સને ૧૩૪૩ હીજરી

ત્રીજી આવૃત્તિ] [પ્રત ૧૦૦૦

છાપનાર—ગોવિંદજી ડાહ્યાભાઈ નાયક

શ્રી "અનાવિલબંધુ" પ્રીન્ટીંગ પ્રેસ, ભાજીવાળી પોળ, બરાનપુરી ભાગળ—સુરત

કી૰ છ આના

પૃષ્ઠ	વિષય.

પૃષ્ઠ	વિષય

પ્રસ્તાવના.

ઘણો મહેરબાન રહમ કર્તા અલ્લાહના નામથી.

હઝાર હઝાર હમ્દ અને શુક્ર કે તેણે પોતાનો માર્ગ મેળવવાના અનેક સાધનો ઠેરવ્યા છે જે તે પર ચાલે તેનો બેડો પાર છે પણ જે નહીં ચાલે તે નુકસાની પામનાર છે અને હઝાર દોરૂદ તથા સલામ તેના પ્યારા પેગમ્બર હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ) માટે તથા તેમના સઘળા સહાબા તથા તમામ ઇમાનવાળાઓ માટે છે

એ પછી ગુલામ મોહમ્મદ મીન હાજી હાફેજ સાદેક કહે છે કે, છોકરીઓની તરબીયત માટે **બેહેસ્તી ઝેવર** અમૂલ્ય કિતાબ છે જેનો ત્રીજો ભાગ પ્રગટ થયો અને લોકોએ ઘણા માનથી વાચ્યો, અને આ ચોથો ભાગ એકવાર છપાયા પછી બીજી આવૃત્તિનો વખત ખુદાએ દેખાડયો એનો પાચમો, છઠો, સાતમો અને આઠમો ભાગ પણ પ્રગટ થયા છે ખુદા કરે તેની મેહેરથી તેના ફજલથી બાકીના ચાર ભાગ પહેલો, બીજો, નવમો અને દસમો ભાગ પ્રગટ કરવાની શકિત આપે, અને અગિયારમો ભાગ જે ખાસ મરદોના મસઅના તથા દવા ઇલાજનો છે તે પણ પ્રગટ કરાવે, જે તેના નામ પ્રમાણે ગોહરજ છે *

મુસલમાનોની ખરાબીનુ એક કારણ ઓરતોનુ અભણુ રહેવુ છે, પણ એ ખરાબી તેઓને મેટરીક કે બી એ બનાવવાથી જાય નહીં, પણ એનો ખરાબીનુ વધુ કારણુ બને છે, એમ હુ માનુ છુ અને તેના દાખલામા મેટરીક કે બી એ તથા ગુજરાતીમા પાસ થઇ સુધરેલી સ્ત્રીઓને રજુ કરૂ છુ તેઓનો સ્વભાવ, ચાલચલગત કેવા રહે છે તે ઉપર બારીકીથી નજર નાખતા એ તાલીમ ઝેર સમાન છે, એવી શીખનારીઓની આગળ મોટાનો વકર રહેતો નથી આપમુખત્યાર થવા ચાહે છે અને નવી ફેશનના ખોરાક પોશાકમા ધણીને ગાડો બનાવે છે આવા વિચારથી પારસીઓની સ્ત્રીઓમા ફેલાયલી બદીને જોઈ કોઈ લેખકે જામે જમશેદ તા ૨૦-૫-૧૨ મા "પારસીઓની સ્ત્રી કેળવણી અને ભવિષ્યમા તેનો બારે સતાપ" ના મથાળા હેઠળ લાબો આરટીકલ લખ્યો છે જે વાચવા લાએક છે એવીજ તરેહ બીજા આરટીકલો પણ ઘણા નીકળ્યા છે જે સઘળા ધ્યાન આપવા લાએક છે

---

* આ પ્રસ્તાવના મરહુમ મૌલાના ગુલામ મોહમદ સાહેબે બેહેશતી ઝેવર ભા ૪ થાની બીજી આવૃત્તિ છપાઇ ત્યારે લખી હતી અને ત્યાર સુધીમા એ પુસ્તકના બીજા ભાગો છપાયા ન હતા ખુદાના ફજલથી એ કિતાબના બધા ભાગો છપાઈ ગયા છે લી **અબદુર રહીમ.**

ઔરતોની શી ફરજ છે, તેઓને માથે શો બોજો ઉપાડવાનો છે, તે કોને તાબે થનાર છે એ બાબતો શીખવ્યાથી તથા તેઓના ચલણ સ્વભાવ સારા થાય એવા સાધનો શીખવ્યાથી તે ખરાબી દૂર થઇ મુસલમાનોની તરક્કી થવાની આશા છે અને આ પુસ્તકના દશે ભાગ તે સુધારાને જાહેર લાવનાર છે અને જે કોઇ એ બાગોને જોશે તેને જણાઇ આવશે કે સરકારી શાળાઓમા ચાલુ ચોપડીઓ ભણાવવી તે છોકરીઓનો વખત ગુમાવવો છે અને તેઓ પોતાની જરૂરી વાતોથી અજ્ઞાન રહે છે એવી શાળાઓમા મદદ કરવી તે પોતાનો પૈસો જાએઅ કરવો છે અને લિલ્લાહ ખાતા વક્ફ ખાતાથી તેવી સ્કુલો ચલાવવી કે મદદ આપવી હરામ છે, અને વક્ફ કરનારની નેમથી ઉલટા ચાલવુ છે મદરસાના વક્ફથી અંગ્રેજી સ્કુલ ચલાવવી પણ એજ પ્રમાણે છે, તેના હરામ થવામા કશો શક નથી એવુ કરનાર મોતવલ્લી તે પૈસાનો જુમ્મેદાર છે

આ દશે ભાગમા શી શી બાબતો સમાયલી છે તેને એક નજર સમજુ માણસ જોશે એટલુજ નહિ પણ માત્ર દશે ભાગનુ સાકળ્યુજ તપાસશે તો તેને ખાતરી થશે કે છોકરીઓને આ સ્વર્ગનાજ ઘરેણાથી શણગારવી જોઇએ

ગાયકવાડ સરકારના રાજ્યમા ફરજ્યાત કેળવણી છે જેથી સઘળી મુસલમાન છોકરીઓને સ્કુલમા જવુ પડે છે તેઓની તાલીમ માટે તેઓની જરૂરીઆતનો ખીયાલ રાખી તેવી ટેક્ષ બુકો ચલાવવાની માગણી કરવી જોઇએ હુ ધારૂછુ કે અમલદારો જરૂર કબુલ રાખશે અને આ બેહેશતી ઝેવરના દશે ભાગોનુ સાકલ્યુ તેઓને દેખાડશે તો એનેજ શ્રેષ્ઠા મળશે, પણ કોશીશ થવી જોઇએ, ગફલતમા રહેવુ નહીં જોઇએ "આપણે શુ" નો શબ્દ કહી છુટવુ નહીં જોઇએ

આ ચોથા ભાગનુ સાકળીઉં નીચે લખવામા આવે છે જેથી ખાતરી થશે કે એ ભાગ કેટલો જરૂરનો છે, ગામડાના અભણ માણસો તો કોરે રહ્યા પણ પોતાને હુશયાર ચાલાક ગણી સુધરેલો ગણનાર પણ આમા સમાયલા અગત્યના મસઅલાથી અજ્ઞાન જોશે તેનુ કારણ એજ છે કે જરૂરતની તાલીમ અપાતી નથી.

બેહેશ્તી ઝેવર ભાગ ૪

સ્વર્ગનું ઘરેણું

ઘણો મેહેરબાન રહમ કર્તા અલ્લાહના નામથી.

નિકાહનું બયાન.

નિકાહ પણ અલ્લાહ તઆલાની મોટી નેઅમત છે દુન્યા અને દીન બનેના કામો એનાથી દુરૂસ્ત થઇ જાય છે અને એમા ઘણા ફાયદાઓ અને અપાર સદ્ગુણો છે માણસ ગુનાહથી બચે છે મન ઠેકાણેસર થઇ જાય છે નીયત આમતેમ ભમતી નથી અને મોટી વાત તો એજ છે કે ફાયદો ને ફાયદો અને સવાબનો સવાબ કેમકે પતિ અને પત્નિનું સાથે બેસીને મોહ અને પ્યારની વાતો કરવી, હાસી અને મજાખમા દિલ ખુશ કરવુ નફિલ નમાઝોથી બેહતર છે

૧ મસઅલો નિકાહ ફક્ત બે શબ્દોથી બંધાઇ જાય છે જેમકે કોઇએ ગવાહોની રૂબરૂમા કહ્યું કે મે મારી દીકરીનો નિકાહ તમારી સાથે કરી દીધો, તેણે કહ્યુ કે મે કબુલ કીધો, બસ નિકાહ બંધાઇ ગયો અને બને પતિ પત્નિ થઇ ગયા પણ જો તે (નિકાહમા દેનાર)

ને ઘણી દીકરીઓ હોય તો માત્ર એટલુજ કહેવાથી નિકાહ થશે નહિ પણ નામ લઇને એમ કહે કે મે મારી દીકરી કુદ્દુસીયા (છોકરીનુ નામ)ના નિકાહ તમારી સાથે કીધા, તે (નિકાહ કરનાર) કહે મે કબૂલ કીધા

૨ મસઅલો કોઇએ કહ્યુ કે તમારી ફલાણી દીકરીનો નિકાહ મારી સાથે કરી દીઓ, તેણે કહ્યુ મે તેણીના નિકાહ તમારી સાથે કરી દીધા તો નિકાહ થઇ ગયા પછી ગમેતો તે કહે મે કબૂલ કીધા અથવા નહીં કહે તોપણ નિકાહ તો થઇ ગયા

૩ મસઅલો જો પોતે ઓરત ત્યા હાજર હોય અને ઇશારો કરીને એમ કહે કે મે એના નિકાહ તમારી સાથે કરી દીધા, તે કહે કે મે કબુલ કીધા, ત્યારે પણ નિકાહ થઇ ગયા નામ લેવાની જરૂર નથી. અને જો તે પોતે હાજર નહિ હોય તો તે (ઓરત)નુ નામ પણ લીએ એટલા જોરથી નામ લીએ કે ગવાહ લોકો સાભળી લીએ અને જો બાપને પણ લોકો નહિ જાણુતા હોય અને ફકત બાપનુ નામ લેવાથી માલૂમ નહિ થઈ શકે કે કોનો નિકાહ કરવામા આવે છે, તો દાદાનુ નામ પણ લેવુ જરૂરનુ છે મતલબ એ કે એવો પત્તો બોલવો જોઇએ કે સાભળનારા સમજી લીએ કે ફલાણી (ઓરત) ના નિકાહ થાય છે

૪ મસઅલો નિકાહ થવાને વાસ્તે એ પણ શરત છે કે ઓછામા ઓછા બે મરદોની અથવા એક મરદ અને બે ઓરતોની રૂબરૂમા નિકાહ કરવામા આવે અને તે લોકો પોતાને કાને નિકાહ થતો અને તે બંને શબ્દો બોલાતા સાભળે, ત્યારે નિકાહ થશે. જો એકાતમા એકે કહ્યુ કે મે મારી દીકરીના નિકાહ તમારી સાથે કીધા અને બીજાએ કહ્યુ કે મે કબુલ કીધા તો નીકાહ થશે નહિ એવીજ રીતે જો ફકત એક માણસની રૂબરૂ નિકાહ કીધા ત્યારે પણ નહિ થયા.

૫ મસઅલો જો મરદ કોઇ નથી ફકત ઓરતોજ છે ત્યારે પણ નિકાહ દુરૂસ્ત નથી પછી દશ બાર ઓરતો કેમ ન હોય બે ઓરતોની સાથે (ગવાહીમા) એક મરદ હોવોજ જોઇએ

૬ મસઅલો, જો એક મરદ તો હોય પણ મુસલમાન નહિ હોય ત્યારે પણ નિકાહ થશે નહિ તેવીજ રીતે તેઓ મુસલમાન તો છે, પણ તે બને અથવા બેમાનો એક હજી જુવાન થયેલો નથી, ત્યારે પણ નિકાહ દુરૂસ્ત નથી તેવીજ રીતે જો એક મરદ અને બે ઓરતોની રૂબરૂ નિકાહ થયો, પણ હજી તે ઓરતો અથવા તે બને ઓરતોમાની એક જુવાન થયલી નથી ત્યારે પણ નિકાહ દુરૂસ્ત થયો નથી

૭ મસઅલો વધારે સારૂ એજ છે કે મોટા મેળાવડામા નિકાહ કરવામા આવે જેમકે જુમ્માની નમાઝ પછી જુમ્મા મસીદમા અથવા કોઇ બીજે ઠેકાણે જેથી તે નિકાહ સારી રીતે મશહુર થઇ જાય અને સતાઇને નિકાહ કરે નહિ પણ જો કોઈ એવીજ અડચણ આવી પડી કે જેથી ઘણા લોકોને નિકાહની ખબર થઈ શકી નહીં તો ઓછામા ઓછા બે મરદો અથવા એક મરદ અને બે ઓરતો હાજર હોવીજ જોઇએ, જેઓ પોતાને કાને નિકાહ થતો સાભળે.

૮ મસઅલો જો મરદ પણ જુવાન છે અને ઓરત પણ જુવાન છે તો તે બને પોતાનો નિકાહ પોતે કરી શકે છે (તે એવી રીતે કે) બે ગવાહોની રૂબરૂ ને બનેમાથી એક કહીદે કે મે મારો નિકાહ તારી સાથે કીધો બીજો કહે મે કબુલ કીધો બસ નિકાહ થઈ ગયો

૯ મસઅલો જો કોઇએ પોતાનો નિકાહ પોતે નહિ કીધો પણ કોઇથી કહી દીધુ કે તમે મારો નિકાહ કોઇથી કરી દીઓ અથવા એમ કહ્યુ કે મારો નિકાહ ફલાણાથી કરી દીઓ અને તેણે બે શાહેદોની રૂબરૂ નિકાહ

કરી દીધો, ત્યારે પણ નિકાહ થઈ ગયો હવે જો તે ઇન્કાર પણ કરે ત્યારે પણ કઇ થઈ શક્તુ નથી

જે લોકોથી નિકાહ કરવો હરામ છે તેઓનું બયાન

૧ મસઅલો પોતાની ઓલાદ સાથે, અને પૌત્ર અને પરપૌત્ર અને નવાસાઓ વીગેરેની સાથે નિકાહ દુરસ્ત નથી અને બાપ, દાદો, પરદાદો, નાનો, પરનાનો વીગેરેથી પણ દુરસ્ત નથી

૨ મસઅલો પોતાનો ભાઇ, મામો, કાકો અને ભત્રીજો અને ભાણેજની સાથે નિકાહ દુરસ્ત નથી. અને શરઅમા ભાઇ તે છે જે એકજ મા બાપથી હોય અથવા તે બનેનો બાપ એકજ હોય અને મા બે હોય અથવા તે બનેની મા એક હોય અને બાપ બે હોય એ સૌ ભાઇઓ છે અને જેનો બાપ પણ જુદો હોય અને મા પણ જુદી હોય તે ભાઈ નથી, તેની સાથે નિકાહ જાએઝ છે

૩ મસઅલો જમાઈ સાથે પણ નિકાહ દુરસ્ત નથી પછી ગમે તો છોકરી જમાઇને ઘેર ગઇ હોય અને બંને ધણી ધણિઆણી એક સાથે રહ્યા હોય અથવા હજી છોકરી જમાઇને ઘેર ગઇ નહીં હોય, દરેક રીતે નિકાહ હરામ છે

૪ મસઅલો કોઇનો બાપ મરી ગયો અને માએ બીજો નિકાહ કીધો, પણ મા હજી તેની પાસે રહેવા નહિ પામી એટલામા મરી ગઇ અથવા તેણે તલાક દીધી ત્યારે આ સાવકા બાપ સાથે નિકાહ કરવો જાએઝ છે પણ જો મા તેની સાથે રહી ચુકી હોય તો તેનાથી નિકાહ કરવો દુરસ્ત નથી

૫ મસઅલો સાવકી ઓલાદ સાથે નિકાહ દુરસ્ત નથી એટલે એક મરદની ઘણી ઓરતો છે, ત્યારે સોકની ઓલાદ સાથે કોઇ પણ રીતે નિકાહ દુરસ્ત નથી. પછી ગમે તો તે ઓરત પોતાના ધણી સાથે રહી હોય અથવા નહિ રહી હોય. દરેક રીતે નિકાહ હરામ છે.

૬ મસઅલો સસરો અને સસરાના બાપ કે દાદા સાથે પણ નિકાહ દુરસ્ત નથી

૭ મસઅલો જ્યા સુધી પોતાની બેહેન નિકાહમા (કોઇની સાથે) હોય ત્યા સુધી બનેવીની સાથે નિકાહ જાએઝ નથી, પણ જો બેહેન મરી જાય અથવા તેણે તેણીને છોડી (તલાક) દીધી અને ઇદ્દત પૂરી થઇ ચુકી ત્યારે હવે બનેવીથી નિકાહ દુરસ્ત છે અને તલાકની ઇદ્દત પૂરી થવા પહેલા નિકાહ દુરસ્ત નથી.

૮ મસઅલો જો બે બહેનોએ એકજ મરદથી નિકાહ કીધા તો જેનો નિકાહ પહેલા થયો હોય તે દુરસ્ત છે અને જેનો નિકાહ પછી કરવામા આવ્યો તે નિકાહ થયો નથી.

૯ મસઅલો એક ઓરતનો નિકાહ એક મરદની સાથે થયો ત્યારે હવે જ્યા સુધી તે ઓરત તે મરદના નિકાહમા છે ત્યા સુધી તે ઓરતની ફોઈ અને તેની માશી અને ભાણેજ અને ભત્રીજીના નિકાહ તે મરદથી થઇ શકતા નથી.

૧૦ મસઅલો જો બે ઓરતોમા એવુ સગપણ હોય કે જો તે બે ઓરતોમાથી એક મરદ હોત તો તે બનેમા નિકાહ થઇ શકત નહિ. એવી બે ઓરતો એક મરદની સાથે એક સાથે નિકાહમા જોડાઈ શકતી નથી જ્યારે એક મરી જાય અથવા તેને તલાક મળી જાય, અને ઇદ્દત ગુજરી જાય, ત્યારે બીજી ઓરત તે મરદની સાથે નિકાહ કરે

૧૧ મસઅલો. એક ઓરત છે અને તેની સાવકી છોકરી છે એ બને સાથે જો કોઇ મરદ સાથે નિકાહ કરી લીએ તો દુરસ્ત છે

૧૨ મસઅલો દત્તક કરી લીધેલા છોકરાનો શરઅમા કઇ ગણતરી નથી છોકરો કરી લેવાથી ખરેખર તે છોકરો થઇ શકતો નથી, તેથી કરીને દત્તક કરી લીધેલા છોકરા સાથે નિકાહ કરી લેવા જાએઝ છે

૧૩ મસઅલો. સગો મામો નથી પણ કોઈ દૂરના સગપણથી મામો થાય છે. તો તેનાથી નિકાહ

દુરસ્ત છે તેમજ કોઇ દુધના સગપણુથી ભાણેજ કે ભત્રીજો થતો હોય તેનાથી પણુ નિકાહ દુરસ્ત છે તેમજ જો પોતાનો સગો ભાઇ નથી પણુ પિત્રાઇ ભાઇ, અથવા મામા ભાઇ, અથવા ફૂવા ભાઇ, અથવા માશી ભાઇ છે તો તેનાથી પણુ નિકાહ દુરસ્ત છે.

૧૪ મસઅલો. તેમજ બે બેહેનો જો સગી બેહેનો નહોય મામાબેહેનો, અથવા પિત્રાઈ બેહેનો અથવા ફુઈ બેહેનો, અથવા માશી બેહેનો હોય તો તે બને એક સાથે એક મરદ સાથે નિકાહ કરી શકે છે એવી બેહેન હોવા છતા બનેવીથી નિકાહ કરવો દુરસ્ત છે એજ હાલ ફૂઈ અને માશીનો છે, કે જો કોઇ આવેનુ સગપણુ નીકળતુ હોય તો ફૂઇ ભત્રીજી, અને માસી ભાણેજનો એક સાથેજ એક મરદ જોડે નિકાહ દુરસ્ત છે

૧૫ મસઅલો જેટલી તરેહના સગપણુ એક કુટુબના હોવાથી હરામ છે તેટલાજ સગપણુ કોઇનુ દૂધ પીવાથી પણુ હરામ છે એટલે દુધ ધવાડનારીના ધણીથી નીકાહ દુરસ્ત નથી કેમકે તે તેણીનો બાપ થયો અને દૂધ-ભાઇથી પણુ નિકાહ દુરસ્ત નથી જે કોઇને તેણીએ ધવાડયુ હોય તેની અને તેની ઓલાદ સાથે નીકાહ દુરંસ્ત નથી કેમકે તેઓ તેણી-નીજ ઓલાદ ગણુાશે દૂધ ધવાડવાના પ્રમાણુમા મામો, ભાણેજ, કાકો ભત્રીજો સૌની સાથે નિકાહ હરામ છે

૧૬ મસઅલો દૂધબેહેનો બને એક સાથે એક મરદના નિકાહમા રહી શકતી નથી સારાશ કે જે હુકમ ઉપર બયાન કરવામા આવ્યો, દૂધના સગપણુમા પણુ તેજ હુકમ લાગુ પડશે

૧૭ મસઅલો કોઈ મરદે કોઇ ઓરત સાથે ઝિના કીધી, તો હવે તે ઓરતની મા અને તે ઓરતની ઓલાદને તે મરદની સાથે નિકાહ કરવો દુરસ્ત નથી

૧૮ મસઅલો કોઇ ઓરતે જુવાનીના જોશમા બુરી નીયતથી કોઇ મરદને હાથ અડકયો તો હવે તે ઓરતની મા અને ઓલાદને તે મરદથી નિકાહ કરવો જાએઝ નથી તેવીજ રીતે જો કોઇ મરદે કોઇ ઓરત પર હાથ ચાલાકી કીધી તો તે મરદ તેણીની મા અને ઓલાદ પર હરામ થઇ ગયો.

૧૯ મસઅલો રાતના પોતાની ધણીઆણીને જગાડવા વાસ્તે ઉઠયો અને ભૂલથી હાથ દીકરી પર પડી ગયો અથવા સાસુપર પડી ગયો અને પોતાની સ્ત્રી સમજીને જુવાનીની ઇચ્છા સાથે તેણીને અડકયો તો હવે તે મરદ પોતાની ઓરત માટે હમેશને માટે હરામ થઇ ગયો હવે કોઇ પણુ રીતે તેદુરસ્ત થઇ શકતો નથી અને હવે જરૂરનું છે કે એ મરદ તે ઓરતને તલાક દઇ દીએ

૨૦ મસઅલો. કોઇ છોકરાએ પોતાની સાવકી માપર ખરાબ નીયતથી હાથ નાખ્યો તો હવે તે ઓરત પોતાના ધણીપર બિલકુલ હરામ થઇ ગઇ હવે કોઇ પણુ રીતે તેણી પોતાના ધણીપર હલાલ થઈ શકતી નથી અને જો તે સાવકી મા તેણીના સાવકા છોકરા સાથે એમ કરે ત્યારે પણુ એજ હુકમ છે

૨૧ મસઅલો મુસલમાન ઓરતના નિકાહ મુસલમાન સિવાય કોઈપણુ બીજા ધર્મ અથવા દીનવાળા મરદ સાથે દુરસ્ત નથી

૨૨ મસઅલો કોઇ ઓરતના ધણીએ તલાક દીધી અથવા મરી ગયો તો જયા સુધી તલાકની ઇદ્દત અને મરવાની ઇદ્દત પૂરી નહી થાય ત્યા સુધી બીજા મરદ સાથે નિકાહ કરવો દુરસ્ત નથી.

૨૩ મસઅલો, જે ઓરતનો નિકાહ કોઈ મરદ સાથે થઈ ગયો હોય તો હવે તલાક લીધા વગર અને ઇદ્દત પૂરી કીધા વગર બીજા મરદ સાથે નિકાહ કરવો જાએઝ નથી

૨૪ મસઅલો જે ઓરતનો ધણી નહોય અને તેણીને ઝિનાથી હમલ રહ્યો હોય (વ્યભિ-ચારથી ગર્ભવતી થઈ હોય) તો તેણીનો નિકાહ

પણ દુરસ્ત છે પણ બચ્ચુ અવતરે તે પહેલા તેણીની સાથે સોહબત કરે નહિ. પણ જો તેણીએ એવા મરદ સાથે નિકાહ કીધો કે જેની સાથે તેણીએ ઝિના કીધી હતી તો સોહબત કરવી પણ દુરસ્ત છે

૨૫ મસઅલો જે મરદના નિકાહમા ચાર ઓરતો હોય હવે તે મરદ સાથે પાચમી ઓરતનો નિકાહ દુરસ્ત નથી અને જો તે ચારમાથી તેણે એક ઓરતને તલાક દીધી તો જયા સુધી તલાકની ઇદ્દત પૂરી નહી થાય ત્યા સુધી કોઇ બીજી ઓરત તે મરદ સાથે નિકાહ કરી શકતી નથી

૨૬ મસઅલો સુન્ની છોકરીનો નિકાહ શિયા મઝહબવાળા મરદ સાથે ઘણા આલેમોના ફતવાઓમા દુરસ્ત નથી

વલીનું બયાન

છોકરા અને છોકરીના નિકાહનો જેને અખત્યાર હોય છે તેને વલી કહે છે.

૧ મસઅલો છોકરા અને છોકરીનો વલી સૌથી પહેલા તેનો બાપ છે જો બાપ ન હોય તો દાદો તે નહોય તો પરદાદો, જો તેઓમાનો કોઇ નહોય તો સગો ભાઇ સગો ભાઇ નહોય તો સાવકો ભાઇ એટલે જે બે ભાઇ અથવા ભાઇબેહેનનો બાપ તો એકજ હોય પણ મા જુદી જુદી હોય તે પછી ભત્રીજો, પછી ભત્રીજાનો છોકરો ફરી તેનો પૌત્ર જો એ લોકોમાથી કોઇ નહોય તો સગો કાકો, પછી સાવકો કાકો એટલે બાપનો સાવકો ભાઇ, ફરી સગા કાકાનો છોકરો પછી તેનો પૌત્ર, પછી સાવકા કાકાનો છોકરો. ફરી તેનો પૌત્ર, જો એ લોકોમાનો કોઇ નહોય તો બાપનો કાકો વલી છે, ફરી તેની ઓલાદ. જો બાપનો કાકો, અને તેના છોકરા, પૌત્રો અને પરપૌત્રો કોઇ નહોય તો દાદાનો કાકો, ફરી તેના છોકરાઓ, ફરી પૌત્ર ફરી પરપૌત્ર વિગેરે, જો એ લોકોમાનો કોઇ નહિ હોય તો મા વલી છે. (મા) પછી દાદી, પછી નાની, પછી નાનો, પછી સગી બેહેન, ફરી સાવકી બેહેન જે એકજ બાપથી હોય, ફરી સાવકી બેહેન કે ભાઇ જે એકજ માથી હોય, તે પછી ફૂઇ, તે પછી મામો, ફરી માશી વિગેરે

૨ મસઅલો નાબાલેગ (જુવાનીએ નહિ પોહચેલુ માણુસ) કોઇનુ વલી થઇ શકતુ નથી. અને કાફેર કોઈ મુસલમાનનો વલી થઇ શકતો નથી અને ગાડો માણુસ પણ કોઇનો વલી થઇ શકતો નથી

૩ મસઅલો બાલેગા એટલે જુવાન ઓરત પોતે મુખત્યાર છે ગમે તો નિકાહ કરે ગમે તો નહિ કરે અને જેની સાથે તેનુ મન ચાહે તેની સાથે (નિકાહ) કરે. કોઇ માણુસ તેણીના ઉપર જોરજુલમ કરી સકતુ નથી જો તે પોતે પોતાનો નિકાહ કોઇ સાથે કરી લીએ તો નિકાહ થઇ જશે. પછી ગમેતો વલીને ખબર (એ નિકાહની) હોય અથવા નહિ હોય અને વલી (એ નિકાહથી) ગમે તો રાજી હોય અથવા નહિ હોય દરેક રીતે નિકાહ દુરસ્ત છે પણ જો પોતાના કરતા હલકા કુટુંબવાળા સાથે નિકાહ કીધા, અને પોતાના કુફમા નહિ કીધા અને વલી નાખુશ છે, અથવા નિકાહ તો પોતાના કુફમા કીધા પણ જેટલી મેહેર તેના શિવાઇ કુટુંબમા બાધવામા આવે છે જેને શરેઅમા મેહેરે મિસલ કહે છે તેનાથી ઘણીજ કમતી મેહેર પર નિકાહ કરી લીધો,[1] તો એ

[1] આ મસલાથી ખુલ્લુ જણાયુ કે ગેર કુફમા અથવા ઓછી મેહેરમાં વલીને આડે આવવાનુ હકક છે પણ જો સ્ત્રી પોતાના ગામમા નહી કરે અને બીજા ગામમા નિકાહ કરે કુફમા અને પૂરી મેહેરથી તો વલીને આડે આવવાનો હકક નથી, આથી તમો સમજી શકશો કે સૂરત તથા સૂરત જીલ્લાના, તેમ ભરૂચ જીલ્લાના કેટલાક ઓરાઓએ બંદોબસ્ત કર્યો છે ફલાણા ફલાણા ગામમા છોકરી દેવી નહી અને આપનારને દંડ છે આફિ આવે એ હરામ છે એવો બંદોબસ્ત તોડવો ફરજ છે. અને કેટલીક છોકરીના માબાપ છોકરા [illegible] પાસેથી રૂપીઆ લે છે અને તે રૂપીઆ પોતે [illegible]મ કરે છે એ હરામ છે એ બધી દૂર કરવાનો બંદોબસ્ત કરવાની ઘણી જરૂર છે [illegible] મો

તમામ હાલતોમા નિકાહતો થઇ ગયો પણ તેણીનો વલી ને નિકાહને તોડાવી શકે છે મુસલમાન હાકિમ પાસે ફરીયાદ કરે અને તે (હાકિમ) નિકાહને તોડી દે પણ એ ફરીયાદનો હક તે વલીને છે જેનુ બયાન માના વલીપણા પહેલા થયલુ છે એટલે બાપથી લઇને દાદાના કાકાના દીકરા અને પૌત્ર સુધી

૪ મસઅલો કોઇ વલીએ જુવાન છોકરીના નિકાહ તેણીને પુછ્યા વગર અને તેણીની રજા લીધા વગર કરી દીધા તો તે નિકાહ તેણીની રજાખુશીના ઉપર અટકેલા રહે છે જો તે છોકરી રજા આપે તોજ નિકાહ થઇ જશે અને જો તેણી રાજી નહિ હોય, અને તેણી રજા નહિ આપે તો નહિ થશે અને રજા (તેણીની) કેવી રીતે લેવી તેની રીત આગળ આવે છે

૫ મસઅલો જુવાન કુવારી છોકરીથી વલીએ આવીને કહ્યુ કે, હુ તમારો નિકાહ ફલાણાની સાથે કરી આપુ છુ, અથવા કરી દીધો તે સાભળીને તેણી ચુપ રહી અથવા મો મલકાવ્યુ અથવા (ધીમેથી) રડવા લાગી તો બસ એજ રજા છે હવે તે વલી નિકાહ કરી દે, તો દુરસ્ત થઇ જશે અથવા (નિકાહ) કરી દીધો હતો તો તે જાએઝ થઇ ગયો એમ (કદી) નહિ સમજવુ કે જો તે પોતાને મોઢેજ (હા) કહેશે ત્યારેજ રજા (અપાયલી) સમજાય જે લોકો જોરજુલમથી કબુલ કરાવે છે તે ઠીક કરતા નથી

૬ મસઅલો વલીએ રજા લેતી વખતે (તેણીના) ધણીનુ નામ નહિ લીધુ, અને તેમજ તેણીને (તેણીના ધણીનુ નામ) પહેલાથી માલૂમ પણ નથી, તો એવે વખતે ચુપ રહેવાથી (તેણીની) ખુશી સાબેત થશે નહિ અને રજા અપાયલી ગણાશે નહિ પણ (તે છોકરો જેની સાથે તેણી પરણે છે તેનુ) નામ ઠેકાણુ (બરાબર) બતલાવવુ જરૂરી છે જેથી છોકરી એટલુ સમજી જાય કે તે ફલાણો માણસ છે તેવીજ રીતે જો મેહેર નહિ બતલાવી. અને મેહેરે મિસલથી બહુજ કમતી પર નિકાહ કરી દીધા, તો છોકરીની વગર રજાએ નિકાહ થશે નહિ જેને વાસ્તે કાયદા મુજબ ફરીથી રજા લેવી જોઇએ

૭ મસઅલો જો તે છોકરી કુવારી નથી પણ તેણીનો એક નિકાહ પેહેલા થઇ ગયો છે, (અને) એ બીજો નિકાહ છે તેણીના વાલીએ રજા લીધી અને પૂછ્યુ, તો માત્ર ચુપ રહેવાથી રજા થઇ જશે નહિ, પણ જીભથી કહેવુ જોઇએ, જો તેણીએ જીભથી (હા વિગેરે કઇ) કહ્યુ નહિ, માત્ર ચુપ રહેવાથી વલીએ નિકાહ કરી દીધો, તો નિકાહ અટકેલો રાખવામા આવશે પછી જો તેણી જીભથી કબુલ રાખે તો નિકાહ થઇ ગયો અને જો તે કબુલ નહિ રાખે તો નિકાહ થયો નથી

૮ મસઅલો બાપના હોવા છતા કાકા કે ભાઇ વિગેરે કોઇ બીજા વલીએ કુવારી છોકરીથી રજા માગી તો ફકત ચુપ રહેવાથી રજા ગણાશે નહિ પણ જીભથી રજા દેવી જોઇએ, ત્યારે રજા અપાયલી ગણાશે. પણ જો બાપેજ તેઓને રજા લેવા વાસ્તે મોકલ્યા હોય ત્યારે તો માત્ર ચુપ રહેવાથી રજા આપી એમ સમજાશે, મતલબ એ કે જે વલી સૌ કરતા વધારે પહેલો (ઉત્તમ) હોય અને શરેઅથી તેનેજ રજા પૂછવાનો (પ્રથમ) હક હોય, જ્યારે તે પોતે અથવા તેનો મોકલેલો માણસ, રજા લીએ ત્યારેજ (છોકરીના) ચુપ રહેવાથી રજા થશે અને જો હક હોય દાદાનો અને પૂછ્યુ ભાઇએ અથવા હક હતો ભાઇનો અને પૂછ્યુ કાકાએ, તો એવે વખતે (તેણીના) ચુપ રહેવાથી રજા થશે નહિ

૯ મસઅલો વલીએ પૂછ્યા વગર અને રજા લીધા વગર નિકાહ કરી દીધો. ફરી નિકાહ થઈ ગયા પછી પોતે વલીએ અથવા તેના મોકલેલા કોઇ માણસે આવીને (છોકરીને) ખબર આપી કે તારો નિકાહ ફલાણા સાથે કરી દેવામા આવ્યો તો એ હાલતમા પણ ચુપ રહેવાથી રજા થઇ જશે અને નિકાહ દુરસ્ત થઇ જશે.

અને જો કોઇ બીજાએ ખબર દીધી અને જો તે ખબર દેનાર સારો માતબર માણુસ છે, અથવા બે માણુસો છે, ત્યારે પણ ચુપ રેહવાથી નિકાહ જાએઝ થઇ જશે અને જો ખબર દેનાર એક માણુસ અને તે પણ ભરોસેદાર નથી તો માત્ર ચુપ રહેવાથી નિકાહ દુરસ્ત થશે નહિ પણ તે નિકાહ અટકેલો રહેશે જ્યારે જીભથી રજા દઇ દીએ અથવા કોઇ બીજી એવી વાત થાય જેથી રજા સમજાઈ જાય ત્યારે નિકાહ સહીહ થશે

૧૦ મસઅલો જે હાલતમા જીભથી કહેવુ જરૂરી છે, અને ઓરતે (જીભથી) નહિ કહ્યુ પણ જ્યારે (તેણીનો) પતિ તેની પાસે આવ્યો ત્યારે સોહબત (સભોગ)થી નકાર નહિ કીધો ત્યારે પણ નિકાહ દુરસ્ત થઇ ગયો

૧૧ મસઅલો એજ હુકમ છોકરાનો પણ છે, કે જો તે જૂવાન (બાલેગ) હોય તો તેના પર જબરદસ્તી કરી શકતા નથી અને વલી તેની રજા વિના નિકાહ કરી શકતો નથી, જો વગર પૂછે નિકાહ કરી દેશે તો (તે છોકરાની) રજાપર અટકેલો રહેશે જો રજા દઇ દીધી તો થઇ ગયો, નહિ તો નિકાહ થયો નથી પણ એટલો ફરક છે, કે છોકરાના ફકત ચુપ રહેવાથી રજા થઇ જતી નથી જીભથી કહેવુ અને બોલવુ જોઇએ

૧૨ મસઅલો જો છોકરી કે છોકરો બાલેગ ન હોય તો તેઓને પોતાનો અખત્યાર નથી વલી વગર તેઓનો નિકાહ થતો નથી. જો તેણે વલી વગર પોતાના નિકાહ કરી લીધા અથવા કોઇ બીજાએ કરી દીધા, તો વલીની રજાપર તે (નિકાહ) અટકેલો છે જો વલી રજા દેશે તો નિકાહ થશે નહિ તો થશે નહિ અને વલીને તેનો નિકાહ કરવાનો અથવા નહિ કરવાનો પૂરેપૂરો અખત્યાર છે જેની સાથે તે ચાહે તેની સાથે કરી દીએ, નાબાલેગ છોકરા અને છોકરીઓ, તે નિકાહને, તે વખતે રદ કરી શકતા નથી પછી ગમે તો તે બાલેગ નહિ થયલી છોકરી કુવારી હોય અથવા તેણીનો પહેલા નિકાહ થઇ ચુકયો હોય, અને તે પોતાના ધણીને ઘેર ગઇ પણ હોય બનેનો એકજ હુકમ છે

૧૩ મસઅલો નાબાલેગ છોકરા કે છોકરીનો નિકાહ જો બાપે અથવા દાદાએ પઢાવી દીધો હોય તો જુવાન (બાલેગ) થયા પછી પણ તે નિકાહને રદ કરી શકતા નથી, પછી ગમે તો પોતાનાજ કુફ (ગોત્ર)મા કીધો હોય અથવા પોતાનાથી હલકી જાતવાળા સાથે કરી દીધો હોય અને ગમે તો મેહેરે મિસલપર કીધો હોય અથવા તેનાથી ઘણી ઓછી મેહેરપર નિકાહ કરી દીધો હોય દરેક રીતે નિકાહ સહીહ છે અને જુવાન થયા પછી પણ તેઓ (છોકરો અને છોકરી જે બનેના નિકાહ મજકૂર રીતે થયા હોય) કઇ (તોડ ભાગ પોતાના નિકાહમા) કરી શકતા નથી

૧૪ મસઅલો અને જો બાપ દાદા સિવાય કોઇ બીજા વલીએ નિકાહ કીધો છે, અને જેની સાથે નિકાહ કરી દીધો તે છોકરો કૂફ (જાત)મા બરાબર દરજ્જાનો છે, (હલકી જાતનો નથી) અને મેહેર પણ મહેરે મિસ્લ મુકર્રર કીધી છે, એવી હાલતમા તે વખતે તો નિકાહ દુરસ્ત થઇ જશે પણ જુવાન થયા પછી તેઓને અખત્યાર છે, જોઇએ તો તે નિકાહને તેવોજ બાકી રાખે અથવા મુસલમાન હાકેમની પાસે ફરીઆદ કરીને તોડી નાખે, અને જો તે વલીએ છોકરીના નિકાહ હલકી જાતવાળા મરદ સાથે કરી દીધો અથવા મેહેરે મિસલથી બહુજ કમી મેહેરપર નિકાહ કરી કીધો છે, અથવા છોકરાનો નિકાહ જે છોકરી સાથે કીધો છે તેણીની મેહેર તે છોકરીની મેહેરે મિસલથી બહુજ વધારે મુકર્રર કીધી તો તે નિકાહ થયો નથી

૧૫ મસઅલો બાપ કે દાદા સિવાય કોઇ બીજાએ નિકાહ કરી દીધો હતો અને છોકરીને પોતાનો નિકાહ થવાની ખબર હતી, ફરી જુવા

ન થઇ ગઇ, અને હજી સુધી તેણીના ધણીએ તેણી સાથે સોહબત કીધી નથી, તો જ્યારે જુવાન થઇ હોય તેજ વખતે પોતાની નારાજી જાહેર કરી દીએ, કે હું રાજી નથી, અથવા એમ કહે કે હું એ નિકાહને બાકી રાખવા ચાહતી નથી ગમે તો તે ઠેકાણે કોઇ હોય અથવા નહિ હોય અને તે તદન એકલી બેઠેલી હોય, દરેક હાલતમા કહી દેવુ જોઇએ, પણ માત્ર એમ કરવાથી નિકાહ ટૂટશે નહીં, શરઅના હાકેમ પાસે જાય (અને નિકાહ તોડાવવા વિષે ફરીયાદ કરે) અને ને નિકાહને તોડી નાખે ત્યારે નિકાહ ટુટી જશે જુવાન થયા પછી જો એક પળ* અથવા દમભર પણ ચુપ રહેશે તો હવે નિકાહ તોડાવવાનો તેને અખત્યાર રહેશે નહિ, અને જો તેણીને પોતાના નિકાહની ખબર નહી હતી, જુવાન થયા પછી ખબર મળી, તો જ્યારે ખબર થાય ત્યારે તરતજ નિકાહથી ઇનકાર કરે જો એક પળ પણ ચુપ રહેશે તો નિકાહ તોડાવવાનો અખત્યાર જતો રેહશે

૧૬ મસઅલો અને જો તેનો ધણી સોહબત (સભોગ) કરી ચુકયો તે પછી તેણી જુવાન થઈ ત્યારે જુવાન થતાજ અને (પોતાના નિકાહની) ખબર થતાજ તરતજ ઇનકાર કરવાની જરૂર નથી પણ જ્યા સુધી તેણીની રાજી ખુશીનો હાલ માલૂમ પડશે નહી ત્યા સુધી કબુલ કરવાનો અથવા કબુલ નહીં કરવાનો અખત્યાર બાકી છે ગમે તેટલો વખત વીતી જાય (તો કાઇ હરકત નથી.) પણ જ્યારે તેણે સાફ સાફ કહી દીધુ કે હુ (આ નિકાહને) કબુલ મજૂર રાખુછુ, અથવા કોઈ બીજી એવીજ વાત માલૂમ પડી કે જેથી (તેણીના નિકાહ વાસ્તે) રાજીખુશી સાબેત થાય, જેમકે પોતાના ધણીની સાથે એકાંતમા ધણીધણિઆણી પ્રમાણે રહી તો હવે અખત્યાર (નિકાહથી ઇનકાર કરવાનો) જતો રહ્યો અને નિકાહ (કાયમ રાખવો) લાજેમ થઇ પડયો

૧૭ મસઅલો (ઉપર લખી ગયલા મસઅલીના) કાયદા મૂજબ (વલીનુ બયાન ન ૧) જે વલીને નાબાલેગ ઓરતના નિકાહ કરી દેવાનો હક હોય તે વલી પરદેશમા છે અને તે વલી એટલે આઘે છે કે જો તેની રાહ જોવાય અને તેની સલાહ મશવેરો લેવાય તો એવી તક જતી રહેશે, અને માગુ મોકલનાર એટલી વાર થોભશે નહીં, અને ફરી એવી જગ્યા મળવી મુશકેલ છે, તો એવી હાલતમા તે વલીથી પછીના દરજ્જાનો વલી પણ નિકાહ કરી દઇ શકે છે જો તેણે તે (પરદેશવાળા તેના કરતા આગલા દરજ્જાના વલી)ને પૂછયા વગર નિકાહ કરી દીધા તો નિકાહ થઇ ગયો અને જો એટલે બધે દૂર (પરદેશમા તે વલી) નહોય તો તેની પરવાનગી લીધા વિના બીજા (ઉતરતા દરજ્જાના) વલીને નિકાહ કરી દેવા નહીં જોઇએ જો કરશે તો તેજ વલીની રજા ખુશીપર આધાર રહેશે જ્યારે તે (પરદેશમા ગયલો) વલી રજા દેશે ત્યારે નિકાહ દુરસ્ત થશે

૧૮ મસઅલો એજ પ્રમાણે હકદાર વલી હાજર હોવા છતા બીજા વલીએ નાબાલેગના નિકાહ કરી દીધા જેમકે હકતો બાપનો હતો અને દાદાએ નિકાહ પઢાવી દીધો અને બાપથી કઇ પણ સલાહ પુછવામા આવી નહિ તો તે નિકાહ બાપની રજા ઉપર અટકેલો રહેશે અથવા (નિકાહ કરી દેવાનો) હકતો ભાઇનો હતો અને નિકાહ કાકાએ કરી દીધા તો ભાઇની પરવાનગી પર અટકેલો રહેશે

૧૯ મસઅલો કોઇ ઓરત ગાંડી થઇ ગઇ અને તેની અક્કલ જતી રહી, અને તેનો

* મજકુર મસઅલો છોકરીઓને વાસ્તે છે અને જો છોકરો જુવાન થયો તો તરત નિકાહના ના પાડવાની તેને કઇ જરૂર નથી. પણજ્યા સુધી તેની રજા ખુશી માલૂમ નહિ પડે ત્યા સુધી કબુલ રાખવાનો અથવા નહિ રાખવાનો અખત્યાર બાકી રહે છે.

જુવાન દીકરો પણ હાજર છે, અને બાપ પણ છે. જો તે ઓરતના નિકાહ કરી દેવા મનજુર હોય તો તેણીનો વલી તેણીનો દીકરો છે કેમકે વલી હોવામા (કોઈ પણ ઓરતનો) દીકરો (તેણીના) બાપ કરતા વધારે હકદાર છે

કયા કયા લોકો આપણી બરાબરી અને કુફના છે અને કયા કયા નથી.

૧ મસઅલો શરીઅતમા એ વાતની ઘણી સભાળ લેવાયલી છે કે વગર બરાબરી અને વગર કુફવાળાની સાથે નિકાહ નહિ કરવામા આવે એટલે છોકરીનો નિકાહ કોઇ એવા મરદની સાથે નહિ કરો કે મરદ દરજ્જામા અને જાતમા તેણીની બરાબરીનો નહિ હોય

૨ મસઅલો (શરીઅતમા) બરાબરી ઘણી ચીજોમા ગણવામા આવે છે એકતો વશમા બરાબર હોવુ બીજુ મુસલમાન હોવામા ત્રીજુ દીનદારીમા, ચોથુ માલમા, અને પાચમુ ધધામા

૩ મસઅલો વશમા બરાબરી તો એ છે કે શેખ[1] અને સૈયદ, અને અનસારી, અને અલવી એ સૌ એક બીજાની બરાબર છે એટલે અગર જો સૈયદોનો રૂતબો બીજાઓથી વધારે છે, પણ જો સૈયદની છોકરી શેખને ત્યા પરણાવી તો એમ નહિ કહેવાશે કે તેણીના કુફમા નિકાહ નહિ થયો એ પણ કુફ છે.

૪ મસઅલો વશમા ગણત્રી બાપની છે માની કાંઈ ગણત્રી નથી જો બાપ સૈયદ છે તો દીકરો પણ સૈયદ છે મા ગમે તે હોય જો કોઇ સૈયદે કોઇ બહારની (અજાણ્યુ) ઓરતની સાથે નિકાહ કરી લીધો તો તેના દીકરા સૈયદ છે અને દરજ્જામા સૌ સૈયદોની બરાબર છે બેશક જેના માબાપ બેઉ ચોથ ખાનદાનના હોય એ જુદી વાત છે, અને તેની ઇજ્જત (માન) વધારે છે પણ શરીઅતમાતો સૌ એકજ દરજ્જાના (અને કુફના) ગણાશે.

૫ મસઅલો મોગલ અને પઠાન સૌ એકજ કોમ છે[1] અને શેખ અને સૈયદોની બરાબરીના નથી જો શેખ અથવા સૈયદની છોકરીના વિવાહ તેઓને ત્યા થયા તો ગેરકુફમા અને હલકા દરજ્જામા નિકાહ થએલો કહેવાશે,

૬ મસઅલો મુસલમાન હોવામા બરાબરી ફકત મોગલ પઠાન વિગેરે કોમોમા માતબર છે શેખ, સૈયદ, અનસારી અને અલવીઓમા એ વાત માતબર નથી. ત્યારે જે માણસ પોતે મુસલમાન થઈ ગયો અને તેનો બાપ કાફેર હતો તે માણસ, જે ઓરત કે પોતે પણ મુસલમાન છે અને તેણીનો બાપ પણ મુસલમાન હતો તેણીની બરાબરીનો નથી અને જે મરદ પોતે મુસલમાન છે અને તેનો બાપ પણ મુસલમાન છે પણ તેનો દાદો મુસલમાન નથી તે મરદ, જે ઓરતનો દાદો પણ મુસલમાન છે તેણીના કુફનો નથી

૭ મસઅલો જે મરદના બાપ દાદા બને મુસલમાન હોય પણ પરદાદો મુસલમાન નહિ હોય, તો તે મરદ, જે ઓરત કે તેના પુર્વજોમાં ઘણી પેઢીઓ સુધી સૌ મુસલમાનોજ 'હોય તેણીની બરાબરીનો સમજાશે મતલબ એ કે દાદા સુધી મુસલમાન હોવુ માતબર છે, અને પરદાદા અને પરદાદાના બાપ સુધીમા બરાબરી હોવી જરૂરની નથી

---

[1] આ શેખની મતલબ સિદ્દીકી શેખ ફારૂકી શેખ અને ઉસમાના શેખ છે જો એવા શેખોમાના કોઈનો વશ સચવાયો હોય તો તે કોરેશી હોવાને લીધે સૈયદોનો કુફ છે. ગુ. મો

[1] એવીજ તરેહ વોરા અને મીયાભાઇ એકજ કોમ છે એટલે વશની રૂએ વોરા ચડતા નથી અને મીયાભાઈ ઉતરતા નથી બને સરખા છે અને જેમ સૈયદો માલ ધધાને લીધે આપસમા કુફમાં જુદા પડે છે તેમ વોરા અને મીયાભાઈ પણ ધધો અને માલને લીધે જુદા પડશે અને કુફ રહેશે નહીં એજ હાલ મેમણ અને વોરાનો છે ગુ મો.

૮ મસઅલો. દીનદારીમા બરાબર હોવાની મતલબ એ છે કે, જે દીનપર બરાબર ચુસ્ત રીતે ચાલતો નહોય લુચ્ચો, તોફાની, શરાબી, બદકાર હોય તે માણુસ પરહેજગાર, સારા ચાલ ચલણુની, દીનદાર ઓરતના કુફના ગણાશે નહીં

૯ મસઅલો માલમા બરાબરીના અર્થ એ છે કે તદન ગરીબ કંગાલ માલદાર ઓરતની બરાબરીનો નથી. અને જો તે બિલકુલ ગરીબ માણુસ તો નથી પણુ જેટલી મેહેર પહેલી રાતે દેવાનો રિવાજ છે એટલી મેહેર જો તે દઇ શકતો હોય તો પોતાના કુફનો છે, અગર જો તે પૂરી મેહેર નહિ દઇ શકે, અને એ કઇ જરૂર નથી કે જેટલા પૈસાવાળા છોકરીવાળા હોય તેટલોજ માલદાર છોકરો પણુ હોવો જોઇએ અથવા લગભગ તેટલો શ્રીમત હોય

૧૦ મસઅલો ધધામા બરાબરીનુ હોવુ એ છે કે, વણુકર દરજીની કુફનો નથી તેમજ હજામ, ધોબી વિગેરે પણુ દરજીના દરજ્જાના નથી

૧૧. મસઅલો ગાડો માણુસ, અકકલવાળી હોશીયાર ઓરતના કુફનો નથી

મેહેરનું બયાન.

૧ મસઅલો નિકાહમા મેહેરને વાસ્તે કઇ વાતચીત થાય અથવા નહીં થાય દરેક હાલતમા નિકાહ તો થઇ જશે, પણુ મેહેર દેવી પડશે એટલુજ નહિ પણુ જો કોઇ એવી શરત કરી લીએ કે અમે મેહેર દેશુ નહિ વગર મેહરનો નિકાહ કરીએ છીએ ત્યારે પણુ મેહેર દેવી પડશે

૨ મસઅલો ઓછામા ઓછી મેહેરની રકમ આશરે પોણુાત્રણુ રૂપીઆભાર ચાદી છે અને વધારે (મેહેર કેટલી હોવી જોઇએ તે) રકમની કઇ હદ નથી ગમે તેટલી મુકર્રર કરે પણુ મેહેર ઘણી વધારે રાખવી ઠીક નથી. તો જો કોઇએ ફકત એક રૂપીઆભાર ચાદી અથવા એક રૂપીઓ અથવા અર્ધો રૂપીયો મેહેર મુકરર કરીને નિકાહ કીધા ત્યારે પોણુાત્રણુ રૂપીઆભાર ચાદી દેવી પડશે. શરીઅતમા એથી ઓછી મેહેર થઈ શકતી નથી અને જો રૂખસતી (આણુ જાય તે) પેહલાજ તલાક દઇ દીએ તો એની અર્ધી મેહેર દીએ

૩ મસઅલો, કોઇએ દસ, વીસ, સો, અથવા હજાર રૂપીઆ પોતાની ગજા પ્રમાણે મેહેર મુકર્રર કીધી અને ઓરતને પોતાને ઘેર લઇ આવ્યો, અને તેણીની સાથે સોહબત કીધી અથવા સોહબત તો નહિ કીધી પણુ એકાતમા ધણિધણીઆણી કોઇ એવી જગ્યાએ રહ્યા કે જ્યા સોહબત કરવાથી રોકનાર અથવા મનાઇ કરનાર કોઇ ચીજ નહિ હતી, તો પૂરેપૂરી મેહેર જેટલી કે મુકર્રર કીધી છે અદા કરવી વાજેબ છે. અને જો એવી કોઇ વાત (એટલે સોહબત કે એકાત કઇ) થઇ નહિ હતી કે એટલામા છોકરો કે છોકરી ગુજરી ગઇ ત્યારે પણુ પૂરેપૂરી મેહેર દેવી વાજેબ છે અને જો એવી કોઇ વાત [એટલે એકાત સોહબત] થઇ નહિ અને ધણીએ તલાક દઇ દીધી તો અર્ધી મેહેર દેવી વાજેબ છે સાર એ થયો કે ધણી ધણિઆણીમા જો એવુ એકાત વાસ થયુ જેમકે ઉપર બયાન થયુ, અથવા બનેમાથી કોઇ મરી ગયુ તો પૂરે પૂરી મેહેર વાજેબ થઇ ગઇ અને જો તેવુ એકાત અને એક ઠેકાણે ભેગા થવા પહેલાજ તલાક થઇ ગઇ તો અર્ધી મેહેર વાજેબ થઇ

૪ મસઅલો જો બને (ધણીધણિયાણી) માથી કોઇ બીમાર હતુ, અથવા રમઝાનનો રોઝો રાખેલો હતો, અથવા હજનુ એહરામ બાધેલુ હતુ, અથવા ત્યા કોઇ ઝાખતુ કે, તાકીને જોતુ હતુ, એવી હાલતમા બને (ધણી-ધણિઆણી) એક જગ્યાએ ભેગા મળ્યા તો એવુ એકાત માતબર નથી અને એવા એકાતથી પુરે પુરી મેહેર વાજેબ થતી નથી જો તલાક દઇ દેશે તો તેણી અર્ધી મેહેરની હકદાર છે પણુ જો રમઝાનનો રોઝો નહિ હતો. પણુ નઝરનો કે

કજાનો કે નફિલ રોઝો બનેમાથી કોઈ રાખતુ હતુ, એવી હાલતમા એકાતમાં તેણી (ધણી પાસે) રહી તો પૂરેપૂરી મેહેર લેવાને હકદાર છે. ધણી પર પૂરેપૂરી મેહેર વાજેબ થઇ ગઇ

૫ મસઅલો ધણી નામરદ છે. પણ બેઉ ધણી ધણિઆણીમા તેવુ એકાત થઈ ગયુ છે, ત્યારે પણ પૂરેપૂરી મેહેર તેણી મેળવશે, તેવીજ રીતે જો કોઇ હીજડાએ (નપુસકે) નિકાહ કરી લીધો ફરી એકાતવાસમા ભેગા થયા પછી તલાક દઈ દીધી ત્યારે પણ પૂરેપૂરી મેહેર તેણીને મલશે

૬ મસઅલો ધણી ધણિઆણી એકાતમા રહ્યા પણ છોકરી એટલી નાની ઉમરની છે કે સોહબત કરવાને લાયક નથી અથવા છોકરો એવો નાનો છે કે સોહબત કરી શકતો નથી, તો આ એકાતથી પણ પૂરેપૂરી મેહેર વાજેબ થાય નહિ

૭ મસઅલો જો નિકાહની વખતે મેહેર વિષે તદ્દન કઇ વાતચીત થઇજ નથી કે કેટલી છે અથવા એવી શરતે નિકાહ કીધો કે વગર મેહેરે નિકાહ કરૂ છુ, મેહેર કઈ પણ હુ દઇશ નહિ. ફરી બેઉમાથી કોઇ મરી ગયુ, અથવા એવી એકાતમા ભેગા મળ્યા કે જે એકાત શરીઅતમા માતબર ગણાયલી છે ત્યારે પણ મેહેર આપવામા આવશે અને એવી હાલતમા મેહેરે મિસલ દેવી પડશે અને જો મઝ્કૂર હાલતમા તેવી (માતબર) એકાત પેહલા ધણીએ તલાક દઈ દીધી તો મેહેર લેવાને તેણી હક ધરાવતી નથી, પણ ફક્ત એક જોડુ લુગડાનુ તેણીને મળશે અને એ જોડુ આપવું મરદપર વાજેબ છે નહિ દેશે તો ગુનેહગાર થશે

૮ મસઅલો લુગડાના જોડામા માત્ર ચાર કપડા મરદપર વાજેબ છે એક કુરતો, એક માથાબાધણુ, એટલે ઓઢણી, એક ઇજાર અથવા એક સાડી જે ચીજનો (તે દેશમા) રિવાજ હોય, એક મોટી ચાદર કે જેને માથાથી પગ સુધી વિંટાળી શકે. એના સિવાય બીજુ કોઇ લુગડું વાજેબ નથી

૯ મસઅલો મરદની જેવી તાકાત હોય તેવા લુગડા દેવા જોઇએ જો સાધારણ ગરીબ માણુસ હોય તો સુતરાઉ લુગડા, અને જો બહુ ગરીબ તો નથી પણ બહુ પૈસાદાર પણ નથી તો સુતર અને રેશમ ભેળીને વણેલા કપડાના લુગડા, અને જો ઘણોજ દોલતવાન હોય તો સારા ઉમદા લુગડા દેવા જોઇએ, પણ દરેક હાલતમા એ વાતનુ ધ્યાન રાખે કે એ જોડાની કીંમત મેહેરે મિસલની અર્ધી રકમથી વધી નહિ જાય અને એક રૂપીયો ૭ આના એટલે એક રૂપીયો અને એક પાવલી અને એક બે આની ભાર ચાદીની જે કિમત થાય તેના કરતા ઓછી કીંમતનુ પણ હોવુ જોઇએ નહિ એટલા ઘણા ભારી લુગડા કે જેઓની કીંમત અર્ધી મેહેર મિસલ કરતા વધી જાય મરદપર વાજેબ નથી જો તે પોતાની ખુશીથી બહુ કીંમતી, એ કરતા વધારે ભારી લુગડા દઈ દીએ તો જુદી વાત છે.

૧૦ મસઅલો નિકાહની વખતે તો કઈ મેહેર મુકર્રર કરવામા આવી નહિ પણ નિકાહ પછી ધણી ધણિઆણીએ પોત પોતાની રાજી ખુશીથી કઇ મુકર્રર કરી લીધુ તો હવે મેહેરે મિસલ આપવામા આવશે નહિ પણ બનેએ પોતાની ખુશીથી જે કઇ ઠેરવી લીધુ હોય તેજ દેવાડવામા આવશે પણ જો [ઉપર બયાન થઇ ગયુ] તેવુ એકાત થાય તે પહેલાજ જો તલાક મળી ગઇ તો એવી હાલતમા મેહેર મેળવવાને તેણી હકદાર નથી પણ માત્ર ઉપર બયાન થયુ તેજ એક જોડો લુગડા તેણીને મળશે

૧૧ મસઅલો સો અથવા હજાર રૂપીઆ પોતાની ગુંજાશ મુજબ મેહેર મુકર્રર કીધી. પછી ધણીએ પોતાની ખુશીથી કઇ મેહેરમાં વધારી દીધુ અને કહ્યું કે હુ સોને ઠેકાણે દોઢસો દઇશ. તો જેટલા રૂપીઆ વધારે દેવાના કહ્યા

છે તે પણુ (મેહેરમા દેવા) વાજેબ થઇ ગયા નહિ દેશેનો ગુનેહગાર થશે અને (ઉપર લખ્યો છે) તેવો એકાત થાય તે પેહલા જો તલાક મળી ગઈ તો જેટલી અસલ મેહેર હતી તેનોજ અર્ધો ભાગ દેવામા આવશે. પછીથી જેટલી મેહેર વધારી હતી ને ગણવામા આવશે નહિ તેવીજ રીતે ઓરતે પોતાની રાજીખુશીથી જો થોડી મેહેર માફ કરી દીધી તો જેટલી મેહેર માફ કીધી હોય તેટલી માફ થઇ ગઇ, અને જો પૂરી મેહેર માફ કીધી હોય તો પૂરી માફ થઇ ગઇ. હવે તેણી પોતાની મેહેર મેળવવાને હકદાર નથી

૧૨ મસઅલો જો ધણીએ દબાણુ કરીને, ધમકી આપીને અથવા હેરાન કરીને મેહેર માફ કરાવી લીધી તો એવી રીતે માફ કરવાથી મેહેર માફ થશે નહિ હજી પણુ તેના પર મેહેર અદા કરવી વાજેબ છે

૧૩ મસઅલો મેહેરમા રૂપીયા કે સોનુ આદી કઇ મુકર્રર નહિ કીધુ પણુ કોઈ ગામ કે બગીચો, અથવા કોઇ જમીન મુકર્રર થઇ તો એ પણુ દુરસ્ત છે જે બગીચો (કે જમીન કે ગામ) મુકરર કીધો હોય તેજ દેવુ પડશે.

૧૪ મસઅલો મેહેરમા કોઇ ઘોડો કે હાથી કે જનાવર મુકર્રર કીધુ પણુ એ મુકર્રર નહિ કીધુ કે ફલાણો ગોડો દઇશ એ પણુ દુરસ્ત છે એક દરમીયાની ઘોડો જે બહુ કીમતી પણુ ન હોય તેમજ બહુજ હલકી કીમતનો પણુ નહિ હોય તેવો દેવો જોઇએ અથવા તેની કીંમત દઈ દીએ પણુ જો ફકત એટલુજ કહ્યુ કે એક જનાવર દઇશ અને એમ નહિ જણુાવ્યુ કે કયુ જનાવર દઇશ તો એ મેહેર મુકર્રર કરવી ખરી ઠરી નહિ મેહેરે મિસલ દેવી પડશે

૧૫ મસઅલો કોઇએ ગેરકાયદે નિકાહ કીધા હતા તેથી કરીને ધણી ધણિઆણીમા વિયોગ (જુદાઇ) કરવામા આવ્યો જેમકે કોઇએ છુપી રીતે પોતાના નિકાહ કરી લીધા બે ગવાહોની હજરમાં નહિ કીધા. અથવા બે ગવાહો તો હતા પણુ બેહરા હતા તેઓએ જે શબ્દોથી નિકાહ બધાય છે તે શબ્દો સાભળ્યા નહિ' અથવા કોઇ (ઓરત)ના ધણીએ તલાક દઇ દીધી હતી, અથવા મરી ગયો હતો, અને હજી ઇદ્દત પૂરી નહિ થવા પામી અને તેણીએ બીજા નિકાહ કીધા અથવા એવીજ કોઈ બીજી ગેર-કાયદે વાત બની તેથી કરીને બંનેમા જુદાઇ કરાવવામા આવી પણુ હજી મરદે સોહબત કીધી નથી તો કઇ પણુ મેહેર મળશે નહીં એટલુ જ નહિ પણુ જો (ઉપર બયાન થઇ ગયુ) તેવુ એકાત વાસ થઇ ગયુ હોય ત્યારે પણુ મેહેર મળશે નહિ પણુ જો સોહબત કરી ચુકયો હોય તો મેહેરે મિસલ આપવામા આવશે પણુ જો નિકાહની વખતે કઇ મેહેર ઠેરવવામા આવી હતી, અને મેહેર મિસલ તેના કરતા વધારે છે, તો તેજ ઠેરવેલી મેહેર મળશે, મેહેરે મિસલ મળશે નહિ

૧૬ મસઅલો કોઇએ પોતાની ઓરત સમજીને કોઈ પારકી ઓરત સાથે સોહબત કરી લીધી તો તેણીને પણુ મેહેરે મિસલ દેવી પડશે અને એ સોહબતને ઝિના કહેશુ નહિ અને કઇ ગુનો પણુ થશે નહિ એટલુજ નહિ પણુ ગર્ભ રહી ગયો તો તે છોકરાનો વશ ઠીક છે, તેના વશમા કઇ પણુ કલક નથી અને તે છોકરાને હરામનો કહેવો દુરસ્ત નથી અને જ્યારે માલૂમ પડી જાય કે એ મારી ઓરત નથી તો હવે તે ઓરતથી તરત વેગળો થઇ જાય હવે તેણીની સાથે સોહબત કરવી દુરસ્ત નથી અને તે ઓરતને પણુ ઇદ્દત પૂરી કીધા વગર પોતાના ધણી પાસે રહેવુ અને તેણીના ધણીને તેણીની સાથે સોહબત કરવી દુરસ્ત નથી, અને ઇદ્દતનુ બયાન આગળ આવશે ઇંનશા અલ્લાહો તઆલા

૧૭ મસઅલો જે દેશમા પેહલીજ રાત્રે પૂરી મેહેર દઈ દેવાનો રિવાજ હોય ત્યા પેહ-લેજ દહાડે આખી મેહેર લઇ લેવાનો ઓરતને અખત્યાર છે. જો પેહલે દહાડે તેણીએ માગણી

નહિ કીધી, તો જ્યારે માગે ત્યારે દેવુ મરદ પર વાજેબ છે, વાર લગાડી શકતો નથી

૧૮ મસઅલો હિંદુસ્થાનમા દસ્તુર છે કે મેહેરનુ લેણુ દેણુ તલાક પછી અથવા મરવા પછી થાય છે. એટલે જ્યારે તલાક મળી જાય છે ત્યારે (ઓરત) મેહેરનો દાવો કરે છે અથવા ધણી મરી ગયો અને કેટલોક માલ છોડી ગયો ત્યારે તે માલમાથી (ઓરત પોતાની મેહેર) લઈ લેછે અને જો ઓરત મરી ગઇ તો તેણીના વારસો મેહેરનો દાવો કરનારા થાય છે અને જ્યા સુધી ધણી ધણિઆણી સાથે રહે છે ત્યા સુધી નહિ કોઈ (મેહેર) આપે છે અને નહિ તેણી માગે છે તો એવી જગ્યાએ એવી રીતના સબબથી તલાક મળવા પહેલા મેહેરનો દાવો તેણી કરી શકતી નથી અલબત પહેલી રાત્રે જેટલી મેહેર પેહેલાથી દેવાનો રીવાજ હોય તેટલી મેહેર પેહેલાથી દેવી વાજેબ છે, પણ જે કોમમા એવી (પેહેલાથી મેહેર દેવાની) રીત નહિ હોય તો તે કોમપર એ હુકમ લાગુ પડશે નહિ.

૧૯ મસઅલો જેટલી મેહેર પેહલાથી દેવાનો રિવાજ હોય તેટલી મેહેર જો પેહલાથી નહિ દીધી તો ઓરતને અખત્યાર છે કે જ્યા સુધી તેટલી મેહેર નહિ પામે ત્યા સુધી મરદને સોહબત કરવા નહિ દીએ અને જો એક વખતે તે સોહબત કરી ચુકયો છે ત્યારે પણ અખત્યાર છે કે હવે બીજી વખતે કે ત્રીજી વખતે (પોતાના ઉપર) કાબુ પામવા નહિ દીએ, અને જો તેણીનો ધણી તેણીને પોતાની સાથે પરદેશ લઇ જવા માગે તો તેટલી (મેહેર) લીધા વગર પરદેશ નહિ જાય. એવીજ રીતે જો ઓરત એવી હાલતમા પોતાના કોઇ મહરમ (એટલે જે મરદની સાથે નિકાહ કરવા જાએઝ નથી તેવા) સગા સાથે પરદેશ ચાલી જાય, અથવા મરદના ઘેરથી પોતાને પીએર ચાલી જાય, તો ધણી તેઓને રોકી શકતો નથી અને જ્યારે (અગાઉ આપવામાં આવે છે) તેટલી મેહેર જો દઇ દેવામા આવી તો હવે ધણીની રજાવગર કઈ કરી શકતી નથી તેની રજા વગર કોઇ પણ ઠેકાણે જવુ આવવુ જાએઝ નથી, અને ધણી જ્યા ચાહે ત્યા તેણીને લઇ જાય, જવાથી નકાર કરવો (તેણીને) દુરસ્ત નથી.

૨૦ મસઅલો મેહેરની નીયતથી ધણીએ કઇ દીધુ તો જેટલુ દીધુ હોય તેટલી મેહેર અદા થઇ ગઇ. દેતી વખતે ઓરતને એ વાત બતલાવવાની જરૂર નથી કે હુ મેહેર દઇ રહેલો છુ

૨૧ મસઅલો મરદે કઇ દીધુ પણ ઓરતતો કહી રહેલી છે કે એ ચીજ તમે મને એમજ દીધી, મેહેરમા દીધી નથી, અને મરદ કહી રહેલો છે કે એ વસ્તુ મે મેહેરમા દીધી છે. તો મરદની વાત આતબર ગણાશે, પણ ખાવા પીવાની કઇ ચીજ હશે તો તેને મેહેરમા ગણીશુ નહિ, અને મરદની એ વાત પર ભરોસો કરીશુ નહિ

મેહેરે મિસલનું બયાન.

ખાનદાની મેહેર એટલે મહેરે મિસલનો અર્થ એ છે કે તે ઓરતના બાપના વંશમા કોઇ બીજી ઓરતને જુવો જે એ ઓરતની જેવી હોય એટલે જો એ ઓછી ઉમરની હોય તો તે ઓરત પણ નિકાહની વખતે કમ ઉમરની હોવી જોઇએ જો એ ઓરત પણ ખુબસુરત હોય તો તે ઓરત પણ ખુબસુરત હોય એનો નિકાહ પણ કુવારી હાલતમા થયો અને તેણીનો નિકાહ થયો ત્યારે તેણી પણ કુવારી હતી, નિકાહની વખતે જેટલી માલદાર એ છે તેટલી માલદાર તેણી પણ હતી. જે દેશની રહેનાર એ ઓરત છે તેજ દેશની રહેનાર તેણી પણ છે, જો એ ઓરત દીનપર ચુસ્ત ચાલનારી, હોશીયાર, સુઘરેલી લખતા વાચતા જાણુનારી છે તો તેણી પણ તેવીજ હોય. સાર એ કે જે વખતે તેણીનો

નિકાહ થયો તે વખતે મજકુર વાતોને સર ખાવતા તેણી એ ઓરતના જેવીજ હતી, જેનો નિકાહ હમણાજ થયો. તો તેણીની જે મેહેર ઠેરવાયલી તેજ એ ઓરતની મેહેરે મિસલ છે

૧ મસઅલો બાપના વંશની ઓરત એટલે જેવી કે બેહેનો, ફૂઇ, પિત્રાઇ બેહેન વિગેરે, એટલે એ ઓરતના દાદા તરફની છોકરીઓ મેહેરે મિસલ જોતી વખતે માની મેહેર જોશુ નહિ, પણ જો મા બાપના કુટુંબની છે, જેમ કે બાપે પોનાના કાકાની છોકરી સાથે નિકાહ કરી લીધો હતો, તો તેણીની મેહેરે મિસલ ગણાશે

કાફેરોના નિકાહનું બયાન

૧ મસઅલો. કાફેર લોક પોતાના ધર્મના માતબર કાયદા મુજબ જેની રીતથી નિકાહ કરતા હોય, શરીઅત તે નિકાહને પણ માતબર ગણે છે, જો તે (કાફેર ધણી ધણીઆણી) બંને સાથે મુસલમાન થઇ જાય તો હવે ફરીથી નિકાહ પઢાવવાની કંઇ જરૂર નથી તેજ નિકાહ હજી પણ બાકી છે

૨ મસઅલો જો તે (કાફેર ધણી ધણીઆણી બનેમાથી એક મુસલમાન થઇ ગયુ અને બીજુ નહિ થતુ તો નિકાહ તુટી ગયો હવે ધણી ધણીઆણી તરીકે સાથે રહેવુ દુરસ્ત નથી

૩ મસઅલો જો ઓરત મુસલમાન થઈ ગઇ અને (તેણીનો) મરદ મુસલમાન થયો નહિ, તો હવે જ્યા સુધી પૂરા ત્રણ હેઝ તેણીને આવી નહિ જાય ત્યા સુધી બીજા મરદથી તેણીનો નિકાહ જાએઝ નથી

ઓરતોમાં એક સરખાપણુ વાપરવાનું બયાન

૧ મસઅલો જે મરદની ઘણી ઓરતો હોય તો મરફ પર વાજેબ છે કે સૌને બરાબર રાખે જેટલુ એક ઓરતને દીધું હોય તો બીજી પણ તે ચીજ તેટલીજ લેવાને હકદાર છે પછી ગમે તો બને કુંવારીઓ હોય અથવા બને પરણેલી હોય, અથવા એક કુંવારી હોય અને બીજી પેહલા કોયની સાથે પરણેલી અને હવે એ માણુસ તેને પરણી લાવ્યો હોય સૌનો એકજ હુકમ છે જો એકની સાથે એક રાત રહ્યો તો બીજીની પાસે પણ એક રાત રહે એકની પાસે જો બે કે ત્રણ રાત રહ્યો તો બીજીની પાસે પણ બે કે ત્રણ રાત રહે જેટલો માલ, ઘરેણુ, લુગડા એકને દીધા, તેટલોજ માલ ઘરેણા લુગડાનો બીજી ઓરત પણ દાવો કરી શકે છે

૨ મસઅલો જેણીનો નિકાહ હાલ તરત થયો હોય અને જેણી પુરાની ઓરત હોય બંનેને હક્ક બરાબર છે, કંઇ ફરક નથી

૩ મસઅલો સરખાપણુ માત્ર રાતના રહેવામા છે દિવસે પાસે રહેવામા સરખાપણુ જરૂરી નથી જો દહાડે એક ઓરત પાસે વધારે વાર રહ્યો અને બીજી ઓરત સાથે ઓછી વાર રહ્યો તો કંઇ હરકત નથી, અને રાતની વખતે બરાબરી વાજેબ છે જો એકની પાસે મગરીબ પછીજ આવી ગયો અને બીજી પાસે એશા પછી આવ્યો તો ગુનોહ થશે અલબત જે માણુસ રાત્રે નોકરી કરતો હોય અને દિવસે ઘરમા રહેતો હોય જેમ કે ચોકીદાર પેહરેગીર, તેવા મરદને વાસ્તે દિવસે સરખાપણુ રાખવાનો હુકમ છે

૪ મસઅલો સોહબત કરવામા બરાબરી કરવી વાજેબ નથી, એટલે જો એક ઓરતની વારીમા તેણી સાથે સોહબત કીધી હોય તો બીજી ઓરતની વારીમા બીજી સાથે પણ સોહબત કરવીજ જોઇએ એ જરૂરી નથી

૫ મસઅલો મરદ બીમાર હોય કે તદુરસ્ત હોય દરેક હાલતમા (ઓરતો સાથે) રહેવામા સરખાપણુ રાખે

૬ મસઅલો જો એક ઓરતની સાથે વધારે મોહબ્બત હોય અને બીજી સાથે ઓછી મોહબ્બત હોય તો એમા કંઇ ગુનોહ નથી, કેમકે દિલ પોતાના અખત્યારમા હોતુ નથી

૭ મસઅલો સફરમા જતી વખતે (ઓરતોમાં) બરાબરી રાખવી વાજેબ નથી, જેને જોઇએ

તેણીને સાથે લઈ જાય, અને વધારે સારૂ તો એ છે કે (લીલી સુખી અથવા પાસા નાખીને ચીઠ્ઠી નાખીને) નામ કઢાવી લીએ, જેનુ નામ નીકળે તેણીને સાથે લઈ જાય જેથી કોઇ પોતાના મનમા નારાજ થાય નહિ

ધાવવું અને ધવડાવવાનું બયાન.

૧ મસઅલો જ્યારે બચ્ચુ પેદા થાય ત્યારે માને વાજેબ છે કે તેને ધવડાવે, પણ જો બાપ માલદાર હોય અને કોઇ દાયણને ઢુંઢી શકે તો દૂધ નહિ ધવાડવામા કંઈ ગુનોહ પણ નથી

૨ મસઅલો પોતાના ધણીની રજા લીધા વિના કોઈ બીજાના બચ્ચાને ધવડાવવુ જાએઝ નથી, અલબત્ત જો કોઈ બચ્ચું (દૂધ વિના) ભૂખથી બેચેન હોય અને તેની હલાક થઇ જવાની બીક હોય તો એવે વખતે વગર રજાએ ધવડાવવુ પણ દુરસ્ત છે.

૩ મસઅલો વધારેમાં વધારે દૂધ પીવડાવવાની મુદત બે વરસ છે બે વરસ પછી દૂધ પીવડાવવુ હરામ છે તદન દુરસ્ત નથી.

૪ મસઅલો જો બચ્ચુ કઇ ખાવાપીવા લાગ્યું અને તેથી કરીને બે વરસ પૂરા થાય તે અગાઉ દૂધ છોડાવી દીધુ ત્યારે પણ કંઇ હરકત નથી

૫ મસઅલો જ્યારે બચ્ચુ કોઇ બીજી ઓરતનુ દુધ પીએ તો તે ઓરત તે બચ્ચાની મા થઇ ગઈ અને તે (ધવડાવનારી) દાયણનો ધણી જેના બચ્ચાનુ એ દૂધ છે, એ બચ્ચાનો બાપ થઇ ગયો અને તેની ઓલાદ એ બચ્ચાના દૂધ ભાઇ અને દૂધ બહેન થયા અને (તેઓ સાથે) નિકાહ હરામ થઇ ગયો અને જે જે તરેહનુ સગપણ વંશના સબંધથી (નિકાહની બાબતમા) હરામ છે તેજ સગપણ દૂધના સબંધથી પણ હરામ થઇ જાય છે પણ ઘણા આલેમોના ફતવાઓમા એ હુકમ ત્યારેજ છે કે બચ્ચાએ બે વરસની (ઉમરનો થાય તે) અંદરજ દૂધ પીધું હોય જો બચ્ચુ બે વરસનું થઇ ગયુ તે પછી કોઇ બીનુ દૂધ પીધુ તો એવી રીતે ધાવવુ કંઇ ગણત્રીનું નથી નહિ તે ધવડાવનારી મા બની અને નહિ તેણીની ઓલાદ તે બચ્ચાનાં દૂધભાઇ અને દૂધબેહેન બન્યા તેથી કરીને જો તેઓમા એક બીજા સાથે નિકાહ કરી દેવામા આવે તો દુરસ્ત છે પણ હઝરત ઇમામ અઅઝમ (રદી) જે બહુજ મોટા ઇમામ છે તેવણ ફરમાવે છે કે, જો અઢી વરસની (બચ્ચાની ઉમર થાય તે) દરમ્યાનમા પણ જો ધાવ્યુ હોય તો પણ નિકાહ દુરસ્ત નથી હા જો અઢી વર્ષ પછી ધાવ્યુ હોય તો તેનુ ધાવવુ કંઇ પણ ગણતરીનુ નથી લેશ પણ રોકાણ વગર સૌ આલેમોની આગળ નિકાહ દુરસ્ત છે

૬ મસઅલો જ્યારે બચ્ચાના ગળામા દૂધ ઉતરી ગયુ ત્યારે સૌ તરેહના સગપણ જે અમે લખી ગયા છીએ તે હરામ થઇ ગયા પછી ગમે તો થોડુ દૂધ ગળામા ઉતર્યું હોય અથવા વધારે એ કોઇ પણ વાત ગણત્રીની નથી

૭ મસઅલો જો બચ્ચુ છાતીથી ધાવ્યુ નહિ પણ તેણીએ પોતાનુ દૂધ કાઢી તે બચ્ચાના ગળામા નાખી દીધુ તો એથી કરીને પણ તે સૌ તરેહના સગા હરામ થઇ ગયા એવીજ રીતે જો બચ્ચાના નાકમા દૂધ નાખી દીધુ ત્યારે પણ ઉપર જણાવેલા સગા (નિકાહને વાસ્તે) હરામ થઇ ગયા અને જો કાનમા દુધ ટપકાવ્યુ તો એની કંઇ હરકત નથી.

૮ મસઅલો. જો ઓરતનુ દુધ પાણીમા અથવા કોઈ દવામા મેળવીને બચ્ચાને પીવડાવ્યું ત્યારે જુઓ કે દુધ વધારે છે કે પાણી અથવા બને બરાબર છે જો દુધ વધારે હોય અથવા (પાણી અને દુધ) બને બરાબર હોય તો (જે ઓરતનુ તે દુધ છે) તેણી મા થઈ ગઈ અને સૌ તરેહના સગા નિકાહ વાસ્તે હરામ થઇ ગયા.

અને જો પાણી કે દવા વધારે છે તો એની કંઈ હરકત નથી, તે ઓરત મા બની નથી,

૯ મસઅલો ઓરતનુ દુધ બકરી અથવા ગાયના દુધમા ભેળાઇ ગયુ અને બચ્ચાએ ખાઇ લીધુ ત્યારે જુઓ કે વધારે કયુ દુધ છે, જો ઓરતનુ દુધ વધારે હોય અથવા (ગાય કે બકરીનુ દુધ અને ઓરતનુ દુધ) બને બરાબર હોય તો સૌ સગા (નિકાહને વાસ્તે) હરામ થઇ ગયા અને જે ઓરતનું દુધ છે (તે ઓરતનું) એ બચ્ચુ તેની ઓલાદ બની ગયુ. અને જો ગાય કે બકરીનુ વધારે છે તો એની કઇ હરકત નથી એમ સમજાશે કે જાણે તે બચ્ચાએ (તે ઓરતનુ દુધ) પીધુજ નથી

૧૦ મસઅલો જો કોઇ કુવારી છોકરીને દુધ ઉતરી આવ્યુ અને તે દુધને કોઇ બચ્ચા એ પી લીધુ તો એથી પણ સૌ તરેહનાસગા હરામ થઇ ગયા

૧૧ મસઅલો મરી ગઇલી ઓરતનુ દુધ દોહીને કોઇ બચ્ચાને પીવડાવી દીધુ તો તેથી પણ સૌ તરેહના સગા હરામ થઇ ગયા

૧૨ મસઅલો બે બચ્ચાઓએ એક બકરી અથવા એકજ ગાયનુ દુધ પીધુ તો તેથી કઇ થતુ નથી, તેઓ (દુધ) ભાઇ બેહેન થયા નહિ.

૧૩ મસઅલો જવાન મરદે પોતાની ઓરતનુ દુધ પી લીધું તો (તેથી તે ઓરત તે મરદપર) હરામ નહિ થઈ અલબત બહુ મોટો ગુનોહ થયો કેમકે બે વરસની ઉમર થાય તે પછી (કોઇ ઓરતનુ) દુધ બીલકુલ હરામ છે

૧૪ મસઅલો એક છોકરો અને એક છોકરી છે બંનેએ એકજ ઓરતનુ દુધ પીધુ છે, તો તેઓમા નિકાહ થઇ શકતા નથી ગમે તો એકજ ઉંમરના તેઓ હતા તે વખતે પીધુ હોય અથવા એકે પેહલા અને બીજાએ કેટલાક વરસ પછી પીધુ હોય બનેનો એકજ હુકમ છે

૧૫ મસઅલો એક છોકરીએ ઇબરાહીમ (નામના અમુક માણુસ)ની ઓરતનુ દુધ પીધુ છે તો તે છોકરીનો નિકાહ ઇબરાહીમ સાથે પણ થઇ શકતો નથી તેમજ ઇબ્રાહીમના બાપ કે દાદા સાથે તેમજ ઇબરાહીમની ઓલાદ સાથે પણ થઇ શકતો નથી એટલુજ નહિ પણ ઇબરાહીમની બીજી ઓરતથી જે ઓલાદ હોય તેઓમાથી કોઇની સાથે પણ થઇ શકતો નથી

૧૬ મસઅલો. (ધારોકે એક અમુક બચ્ચા) અબ્બાસે ખદીજા (નામની એક અમુક ઓરત)નુ દુધ પીધુ અને ખદીજાના ધણી અહમદની એક બીજી ઓરત ઝૈનબ નામની હતી જેને (અહમદ તરફથી) તલાક મળી ચુકી છે તો હવે ઝૈનબ પણ અબ્બાસ સાથે નિકાહ કરી શકતી નથી કેમકે અબ્બાસ તો ઝૈનબના ધણીની ઓલાદ છે અને ધણીની ઓલાદ સાથે નિકાહ દુરસ્ત નથી તેવીજ રીતે જો અબ્બાસ પોતાની ઓરતને છોડી દીએ (તલાક દઈ દીએ) તો તે ઓરત અહમદ સાથે નિકાહ કરી શકતી નથી કેમકે તે તેણીનો સસરો છે અને અહમદની બેહેન સાથે અબ્બાસના નિકાહ થઇ શકશે નહિ કેમકે એ બને ફૂઇ ભત્રીજા થાય છે પછી ગમે તો તેણી અહમદની સગી બેહેન થતી હોય અથવા દુધબેહેન હોય, બનેનો એકજ હુકમ છે, પણ અબ્બાસની બેહેન સાથે અહમદ નિકાહ કરી શકે છે

૧૭ મસઅલો અબ્બાસની એક બેહેન (ધારોકે) મરયમ નામની છે, મરયમે એક ઓરતનુ દુધ પીધુ પણ અબ્બાસે તે ઓરત (જેકે મરયમની દાયણ છે અથવા કોઇ પારકા માણુસની ઓરત છે તેણી)નુ દુધ નહિ પીધુ. તો તેણી (એટલે મરયમને ધવાડનારી ઓરત)નો નિકાહ અબ્બાસ સાથે થઇ શકે છે

૧૮ મસઅલો અબ્બાસના છોકરાએ ફાતમા [નામની ઓરત]નુ દુધ પીધુ તો ફાતમાના નિકાહ અબ્બાસ સાથે થઇ શકે છે

૧૯ મસઅલો અહમદ અને સુલેમાન બે ભાઇઓ છે અને સુલેમાનને એક દુધબેહેન છે

[illegible] જોઈ તેના નિકાહ થઈ શકે છે પણ મુસેમાન જોઈ થઈ શકશે નહિ. એવા મસઅલાઓને ઘણી સારી રીતે સમજી લીઓ. એવી તરેહના મસઅલા મુશ્કેલ હોય છે એમા સમજણ ઓછી પડે છે. તેથી કરીને અમે વધારે મસઅલા લખતા નથી જ્યારે એવી કોઇ જરૂર પડે ત્યારે કોઇ સારા જાણિતા મોટા આલેમથી[૧] પુછી સમજી લેવુ જોઇએ

૨૦ મસઅલો. કોઇ મરદને કોઇ ઓરત સાથે લગ્ન સબંધ જોડાયો પછી એક ઓરત આવી અને તેણીએ કહ્યુ કે મેં તો એ બંને (ધણી ધણિઆણી)ને ધવડાવ્યાં છે અને એ ઓરત સિવાય બીજુ કોઈ માણુસ એ ધવાડવાનુ કહેતુ નથી તો માત્ર તે ઓરતનાજ કહેવાથી દૂધનુ સગપણુ સાબેત થતુ નહિ તે બને [ધણી ધણિઆણી)ના નિકાહ દુરસ્ત છે, પણુ જ્યારે બે માતબર અને દીનચુસ્ત મરદો અથવા એક દીનચુસ્ત મરદ અને બે દીનદાર ઓરતો ધવડાવવાની ગવાહી દીએ ત્યારે તે (દૂધના) સગપણુની સાબેતી થશે હવે અલબત નિકાહ હરામ થઇ ગયો એવી શાહેદી વગર (દૂધ ધાવવુ) સાબેત થશે નહિ પણુ જો ફકત એકજ મરદ અથવા એકજ ઓરતના કહેવાથી અથવા બે ત્રણુ ઓરતોના કહેવાથી (પોતાનુ) મન શાહેદી દીએ કે એણી સાચુ કહેતી હશે નકકી એમજ થયુ હશે તો એવા વખતે નિકાહ કરવા નહિ જોઇએ કેમકે જાણી જોઇને શકમા પડવુ એ શુ ફાયદાનુ ? અને જો કોઇએ (એવા શક પડતે ઠેકાણે નિકાહ) કરી પણુ લીધા તો હરકત નથી નિકાહ થઇ ગયા

૨૧ મસઅલો. [illegible] દવામા નાખવુ જાએઝ નથી. [illegible] જો નાખી દીધુ ત્યારે હવે તે (દવા)નુ ખાવુ કે લગાડવું દુરસ્ત નથી, હરામ છે. તેવીજ રીતે દવાની રૂએ આખમા કે કાનમાં (ઓરતનુ) દૂધ નાંખવું પણ જાએઝ નથી મતલબ એકે માણુસના દુધથી કોઇ પણુ ફાયદો હાંસલ કરવો અને તેને વાપરવુ દુરસ્ત નથી

તલાકનું બયાન..

૧ મસઅલો ધણી જુવાન થઇ ચુકયો હોય, અને ગાંડો પગલો ન હોય, તે જો તલાક દીએ તો તલાક થઇ જશે. અને જે છોકરો હજી જુવાન થયો નથી, અને જે માણુસ ગાંડો પગલો હોય કે જેની અકકલ ઠેકાણે નથી, એ બનેમાથી કોઇ જો તલાક દેશે તો તલાક થશે નહિ

૨ મસઅલો. સુતેલા માણુસને મોઢે નીકલ્યુ કે તને તલાક છે અથવા તેણે કહી દીધું કે મારી ઓરતને તલાક, તો એવી રીતે (ઊંઘમા) બબડવાથી તલાક થશે નહિ

૩ મસઅલો કોઇએ જોરજુલમથી કોઇથી તલાક દેવડાવી બહુજ મારધાડ કીધી ધમકી દીધી કે તલાક દઇ દે નહિ તો તને મારી નાખીશ તેથી નાચાર થઇને તેણે તલાક દીધી ત્યારે પણુ તલાક થઇ ગઇ

૪ મસઅલો. કોઇએ શરાબ વિગેરેના નિશામાં પોતાની ઓરતને તલાક દઇ દીધી જ્યારે ભાન આવ્યુ ત્યારે પસ્તાયો ત્યારે પણુ તલાક થઇ ગઇ. એવીજ રીતે ગુસ્સામા તલાક દેવાથી પણુ તલાક થઇ જાય છે

૫ મસઅલો ધણી સિવાય બીજા કોઇને તલાક દેવાની સત્તા નથી અલબત જો ધણી એમ કહી દીએ કે તું તેણીને તલાક દઇ દે તો (જે માણુસને ધણીએ એમ કહ્યુ હોય) તે માણુસ પણુ (તેની ઓરતને તલાક) દઇ શકે છે.

---

૧ મોટા આલેમનુ એટલા માટે કહ્યુ કે તેઓજ એ કામને લાયક હોય છે વાઇજીઓ અને પીરજાદા ઘણુ કરીને જાહેલ હોય છે, છતા જો તેઓને કોઈ મસલો પૂછે તો નહીં આવડવાનો ઈકરાર કરતા નથી, ફરી મન પર આવે તેમ ઠોકે છે પોતે ગુમરાહ થઈ બીજાને ગુમારાહ કરે છે જેથી ગામડાવાળાઓને ઘણુ નુકસાન થાય છે ગુ. મો.

તલાક દેવાનું બયાન

૧ મસઅલો. તલાક દેવાનો અખત્યાર ફક્ત મરદને છે જ્યારે મરદે તલાક દીધી તો તલાક થઇ ગઈ ઓરતનુ એમા કઇ ચાલતુ નથી ગમે તો તેણી તલાકને મજુર રાખે અને ગમે તો નહીં રાખે. દરેક રીતે તલાક થઇ ગઇ અને ઓરત પોતાના ધણીને તલાક દઇ શકતી નથી

૨ મસઅલો મરદને ફક્ત ત્રણ તલાક દેવાનો અખત્યાર છે એથી વધારેનો અખત્યાર નથી. તેથી કરીને જો ચાર કે પાચ તલાક દીધી ત્યારે પણ ત્રણજ તલાકો થઇ

૩ મસઅલો જ્યારે ધણીએ પોતાને મોઢે કહી દીધુ કે મે મારી ઓરતને તલાક દીધી માત્ર એટલુંજ કહેવાથી તલાક થઇ ગઇ, ગમે તો કોઇ માણસની રૂબરૂમા કહે અથવા ગમેતો એકાતમા કહે, અને ગમેતો તે ઓરત સાભળે અથવા નહિ સાભળે દરેક હાલતમા તલાક થઇ ગઇ.

૪ મસઅલો તલાક ત્રણ તરેહની છે એકતો એવી કે, જેમા નિકાહ તદન તુટી જાય છે હવે નિકાહ કીધાવગર તે મરદ પાસે રહેવુ જાએઝ નથી જો ફરીથી તેજ ધણી (જેણે તલાક દીધી હોય તેની) પાસે રહેવા ચાહતી હોય અને તે ધણી પણ તેણીને રાખવા રાજી હોય તો ફરીથી નિકાહ કરવા પડશે એવી તલાકને **બાએન તલાક** કહે છે. બીજી તલાક એવી હોય છે કે જેમા નિકાહ એવી રીતે તુટી જાય છે કે જો બીજી વાર નિકાહ કરવા બને ચાહે તો (ઓરતને) કોઇ બીજા મરદ સાથે પહેલા નિકાહ કરવા પડશે અને જ્યારે તે બીજા મરદ પાસેથી તલાક મળી જાય ત્યારે ઇદ્દત પૂરી થયા પછી તે આગલા ધણી સાથે નિકાહ થઇ શકશે એવી તલાકને **મોગલ્લઝા** (તલાક) કહે છે ત્રીજી તરેહની તલાક એવી થાય છે કે નિકાહ હજી તુટયા નથી ખુલ્લા શબ્દોમા એક કે બે તલાક દીધા પછી જો મરદને પસ્તાવો થયો તો ફરીથી નિકાહ કરવાની જરૂર નથી નિકાહ કિધા વગર પણ તેણીને રાખી શકે છે પછી ધણી ધણિઆણી પ્રમાણે રહેવા લાગે તો દુરસ્ત છે. અલબત જો ધણી તલાક દઇને તેજ વાત પર કાયમ રહ્યો અને તે વાતથી ફર્યો નહિ તો જ્યારે તલાકની ઇદ્દત ગુજરી જશે ત્યારે નિકાહ પણ તુટી જશે અને ઓરતથી જુદાઇ થઇ જશે અને જ્યા સુધી ઇદ્દત નહિ ગુજરે ત્યા સુધી (ઓરતને) રાખવી કે નહિ રાખવી બંને વાતનો મરદને અખત્યાર છે, એવી તલાકને **રજઈ** તલાક કહે છે. અલબત જો ત્રણ તલાકો દઇ દીધી તો હવે (તે ઓરતને રાખવાનો ધણીને) અખત્યાર નથી

૫ મસઅલો તલાક દેવાની બે રીત છે એકતો એકે, ખુલ્લા શબ્દોમા કહી દીધુ કે મેં તને તલાક દીધી અથવા એમ કહ્યુ કે, મે મારી ઓરતને તલાક દીધી સાર એ કે, એવી સાફ વાત કહી દીધી કે જેના તલાક દેવા વગર બીજો કઇ અર્થ થઇ શકતો નથી. એવી તલાકને **સરીહ** કહે છે, બીજી રીત એ કે ખુલ્લે ખુલ્લા શબ્દો નહિ બોલે પણ ભરમ ભરેલા એવા શબ્દો કહે જે શબ્દોનો અર્થ તલાકનો પણ થઇ શકતો હોય, અને તલાક સિવાય બીજો અર્થ પણ નીકળી શકે જેમકે કોઇ માણસ પોતાની ઓરતને કહે કે, મે તને છોડી દીધી તો એના એક અર્થ તો એ થયા કે મે તને તલાક દઈ દીધી બીજી મતલબ એ નિકળી શકે છે કે મે તને તલાક તો નહિ દીધી પણ તને હવે હુ મારી પાસે રાખીશ નહિ હમેશ પોતાના પીઅરમા પડેલી રહે તારી ખબર લઇશ નહિ અથવા એમ કહે કે "મારી સાથે તને કઇ લેવુ દેવુ નથી મને તારી સાથે કઇ મતલબ નથી. તું મારાથી જુદી થઈ ગઇ મે તને જુદી કરી દીધી મારા ઘરથી ચાલી જા, નિકળી જા. ચાલ દુર થા પોતાના માબાપને ઘર જઇને બેસ, પોતાને ઘેર જા, મારો તારો બનાવ થશે નહિ," એવીજ તરેહના બીજા શબ્દો કે જેમાં બને

મતલબો નિકળી શકતી હોય એવી તલાકને કિનાયા કહે છે

સરીહ તલાકનુ બયાન

૧ મસઅલો. જો ખુલ્લે ખુલ્લા શબ્દોમા તલાક દીધી તો જીભથી નિકળતાની સાથેજ તલાક થઇ ગઇ. પછી નૈયત તલાક દેવાની હોય અથવા નહિ હોય, એટલુજ નહિ પણ મશ્કરી ઠઠ્ઠામા કહી દીધુ હોય, દરેક રીતે તલાક થઇ ગઈ અને ખુલ્લા શબ્દોમા તલાક દેવાથી (ઉપર લખેલી) ત્રીજી તરેહની તલાક થઇ જાય છે, એટલે ઇદ્દત પૂરી થાય તે પહેલા તેણીને રાખવાનો અથવા નહિ રાખવાનો અખત્યાર છે અને એક વખત તલાક કહેવાથી એકજ તલાક પડશે, બે ત્રણ તલાક પડશે નહિ અલબત જો ત્રણ વખત કહે અથવા એમ કહે કે તને ત્રણ તલાકો દીધી ત્યારે ત્રણ તલાક થશે

૨ મસઅલો કોઇએ એક તલાક દીધી તો જ્યા સુધી ઓરત ઇદ્દતમા રહે ત્યા સુધી બીજી તલાક અને ત્રીજી તલાક દેવાનો અખત્યાર રહે છે, જો (બે કે ત્રણ તલાક) દેશે તો (તલાકો) થઇ જશે

૩ મસઅલો કોઇએ એમ કહ્યુ કે તને તલાક દઇ દઇશ તો તેથી કરીને તલાક થઇ નહીં એવીજ રીતે જો કોઇ વાતમા એમ કહ્યુ કે જો તું ફલાણુ કામ કરશે તો તલાક દઈ દઇશ ત્યારે પણ તલાક થઇ નહિ પછી ગમે તો તે કામ કરે ગમેતો નહિ કરે પણ જો એમ કહે કે જો ફલાણુ કામ કરશે તો (તને) તલાક છે, તો તે કામ કરવાથી તલાક થઇ જશે.

૪ મસઅલો. કોઇએ તલાક દઇને તેની સાથેજ "ઇનશાઅલ્લાહ" પણ કહી દીધુ તો તલાક થઈ નહિ. તેવીજ રીતે જો એમ કહ્યુ કે "જો ખોદા ચાહે તો તને તલાક છે" એમ કહેવાથી પણ કોઇ તરેહની તલાક લાગુ પડતી નથી. અલબત જો તલાક દઇને જરા થોભ્યો ફરી ઇનશાઅલ્લાહ કહ્યુ તો તલાક થઇ ગઇ.

૫ મસઅલો કોઇએ પોતાની ઓરતને તલાકન (એટલે તલાક દીધેલી) કરીને પોકારી અગર જો મજાક મસકરીમા પોકાર્યું હોય તો પણ તલાક થઇ ગઇ

૬ મસઅલો. કોઇએ (પોતાની ઓરતને કહ્યુ) "જ્યારે તુ મુબઇ જાય તો તને તલાક છે" ત્યારે જ્યાસુધી મુબઈ નહિ જશે ત્યાસુધી તલાક પડશે નહિ, જ્યારે ત્યા જશે ત્યારે તલાક થઇ જશે

કિનાયા તલાકનું બયાન.

૧ મસઅલો અને જો ખુલ્લે ખુલ્લા શબ્દોમા તલાક નહિ દીધી પણ ગોળગોળ શબ્દો કહે અને અસારાથી તલાક દીયે તો તે શબ્દો બોલતી વખતે જો તલાકની નૈયત હતી તો તલાક થઇ ગઈ પેહલી તરેહની એટલે બાએન તલાક થઇ હવે નિકાહ કીધા વગર તેણીને રાખી શકતો નથી, અને જો તલાકની નૈયત નહોતી પણ બીજા અર્થની રૂએ કહ્યુ હતુ તો તલાક થઈ નહિ. અલબત જો (તેના બોલવા વિગેરેની) ઢબ ઉપરથી માલૂમ થઇ જાય કે તલાકજ દેવાની નૈયત હતી પણ હવે તે જુઠુ બોલે છે તો હવે ઓરતને તેની સાથે રહેવુ નહિ જોઇએ અને એમજ સમજે કે મને તલાક મળી ગઇ જેમકે ઓરતે ધણીને (ગુસ્સામા) કહ્યુ મારો તારો બનાવ બનશે નહિ મને તલાક દઈ દે તેણે કહ્યુ ઠીક મે તને છોડી દીધી. આ ઠેકાણે ઓરતને એમજ સમજવુ જોઇએ કે મને તલાક થઈ ગઇ

૨ મસઅલો. કોઇએ ત્રણ વખત કહ્યુ કે તને તલાક તલાક તલાક છે ત્યારે તો ત્રણ તલાક થઇ ગઇ. અથવા ગોળગોળ શબ્દોમા ત્રણવાર કહ્યુ ત્યારે પણ ત્રણ તલાક થઈ ગઇ. પણ જો નૈયત એકજ તલાકની છે ફકત મજબુતીને વાસ્તે ત્રણ વખત કહી હતી કે જેથી વાત ખુબ પાકી થઇ જાય. ત્યારે એકજ તલાક થઇ. પણ ઓરતને ધણીના મનની વાત તો

ખબર નથી તેથી કરીને તેણીને તો એમજ સમજવુ જોઇએ કે ત્રણ તલાકો અને મળી ગઇ

ધણીને ઘેર જવા પહેલાં તલાક થઇ જવાનુ બયાન.

૧ મસઅલો હજી ધણી પાસે જવા નહિ પામી એટલામા ધણીએ તલાક દઇ દીધી અથવા ધણીને ઘેર જવુ તો થયુ પણ હજી ધણી ધણિઆણીમા એવો એકાંત થયો નહિ જેવો કે શરીઅતમા માતબર છે, જેનુ બયાન મેહેરના અધ્યાયમા આવી ચુકયુ છે અને તેવી રીતે એકઠા થયા પેહેલાજ તલાક દઇ દીધી તો તલાક બાએન થઇ ખુલ્લા શબ્દોમા દીધી હોય. અથવા ગોળગોળ શબ્દોમા દીધી હોય એવી ઓરતને જયારે તલાક દેવામા આવે છે. ત્યારે પહેલીજ તરેહની એટલે બાએન તલાક થાય છે અને એવી ઓરતને વાસ્તે તલાકની ઇદ્દત પણ કંઇ નથી તલાક મળતાની સાથેજ બીજા મરદ જોડે નિકાહ કરી શકે છે અને એવી ઓરતને તલાક દીધા પછી હવે બીજી કે ત્રીજી તલાક દેવાનો પણ અખત્યાર (મરદને) નથી જો દેશે તો (બીજી કે ત્રીજી તલાક) થશે નહિ અલબત જો પહેલીજ વખત એમ કહી દીએ કે " તને બે તલાક અથવા ત્રણ તલાક છે' તો જેટલી દીધી છે તેટલી થઇ જશે અને જો એમ કહ્યુ કે તને " તલાક છે તલાક છે તલાક છે " ત્યારે પણ એવી ઓરતને એકજ તલાક થશે

૨ મસઅલો એવી (ઉપરના મસઅલામા બયાન થયલી) ઓરતને એમ કહ્યુ કે " જો તુ ફલાણુ કામ કરશે તો તલાક છે તલાક છે તલાક છે " અને તેણીએ તે કામ કરી લીધું તો તે કામ કરવાની સાથેજ ત્રણ તલાક થઇ ગઇ

૩ મસઅલો અને જો ધણી ધણિઆણીમા એકાંતવાસ થઇ ચુકયો હોય પછી સોહબત થઇ હોય અથવા હજી નહિ થઇ હોય એવી ઓરતને ખુલ્લે ખુલ્લા શબ્દોમાં તલાક દેવાથી રજઇ તલાક થઇ જાય છે. જેમાં નિકાહ કીધા વગર પણ રાખી લેવાનો અખત્યાર રહે છે અને ગોળગોળ શબ્દો કહેવાથી બાએન તલાક પડે છે અને ઇદ્દતમા પણ બેસવુ પડશે. ઇદ્દત પૂરી થયા વગર બીજા સાથે નિકાહ કરી શકતી નથી અને ઇદ્દતની મુદ્દત દરમ્યાન તેણીનો ધણી બીજી અને ત્રીજી તલાક પણ દઇ શકે છે

ત્રણ તલાક દેવાનું બયાન.

૧ મસઅલો કોઇએ પોતાની ઓરતને ત્રણ તલાક દઇ દીધી તો હવે તે ઓરત તદન તે મરદને વાસ્તે હરામ થઇ ગઇ હવે જો (તે ઓરત સાથે) ફરીથી નિકાહ કરે ત્યારે પણ તેણીને તે મરદની સાથે રહેવુ હરામ છે અને એ નિકાહ થયો નથી ગમે તો ત્રણ તલાકો ખુલ્લા શબ્દોમા દીધી હોય અથવા ગોળગોળ શબ્દોમા દીધી હોય સૌનો એકજ હુકમ છે હવે જો તેજ મરદ સાથે રહેવા ચાહતી હોય અને નિકાહ કરવા માગે તો તેની માત્ર એકજ રીત છે તે એ છે કે, પેહલા કોઇ બીજા મરદ સાથે નિકાહ કરીને સોહબત કરાવે, પછી જયારે તે બીજો મરદ મરી જાય અથવા તલાક દઇ દીએ ત્યારે ઇદ્દત પૂરી કરીને પેહલા ધણી સાથે નિકાહ કરી શકે છે બીજો ધણી કીધા વગર પેહલા ધણીની સાથે નિકાહ કરી શકતી નથી જો બીજો ધણી તો કીધો પણ હજી સોહબત કરવા તે પામ્યો નહિ અને તે મરી ગયો. અથવા સોહબત કરવા પહેલાજ તલાક દઇ દીધી તો એ વાત કંઇ ગણત્રીની નથી પહેલા ધણી સાથે ત્યારેજ નિકાહ થઇ શકે છે કે જયારે બીજા ધણીએ સોહબત પણ કીધી હોય એ (સોહબત કીધા) વગર પહેલા ધણી સાથે નિકાહ દુરસ્ત નથી તે ખુબ સમજી લેશો

૨ મસઅલો ત્રણ તલાકો એક સાથે દઇ દીધી જેમકે એમ કહી દીધુ ' તને ત્રણ તલાક" અથવા એમ કહ્યુ " તને તલાક છે તલાક છે તલાક છે ' અથવા જુદી જુદી ત્રણ તલાકો

દીધી; જેમકે એક આજે, એક કાલે અને એક પરમદહાડે અથવા એક આ મહિનામા અને એક બીજા મહિનામા અને એક ત્રીજા મહિનામા એટલે ઇદ્દતની મુદ્દત દરમ્યાન ત્રણ તલાક દીધી સૌનો એકજ હુકમ છે અને સાફખુલા શબ્દો મા તલાક દઇને ફરી રોકી રાખવાનો અખત્યાર ત્યારેજ હોય છે કે જયારે ત્રણ તલાકો નહિ દીધી હોય ફક્ત એક કે બે તલાક દીએ જયારે ત્રણ તલાક દીવી ત્યારે કઇ હવે થઇ શકતુ નથી

૩ મસઅલો કોઇએ પોતાની ઓરતને એક તલાક રજઇ દીધી ફરી ધણી રાજી થઇ ગયો અને તેણીને રોકી રાખી ફરી બેચાર વરસ પછી કોઈ વાતપર ગુસ્સે થયો ત્યારે એક રજઇ તલાક બીજી દીધી જેમા રોકી રાખવાનો (મરદને) અખત્યાર હોય છે ફરી જયારે ગુસ્સો જતો રહ્યો તો તેણીને રોકી રાખી અને જવા દીધી નહિ એ બે તલાકો થઇ ગઇ હવે એ પછી જો એક તલાક બીજી દઈ દેશે ત્યારે તો ત્રણ પુરી થઈ જશે અને તેનો તેજ હુકમ થશે જે અમે હમણા બયાન કીધો, કે બીજો ધણી કીધા વિના તે મરદ સાથે નિકાહ થઇ શકતો નથી એવીજ રીતે જો કોઇએ બાએન તલાક દીધી, જેમા રોકી રાખવાનો અખત્યાર રહેતો નથી નિકાહ તુટી જાય છે, ફરી પસ્તાવા લાગ્યો અને ધણી ધણિઆણીએ રાજી થઇને ફરીથી નિકાહ પઢાવી લીધો કેટલોક વખત પછી ગુસ્સો આવ્યો અને એક બાએન તલાક દઇ દીધી, અને ગુસ્સો ઉતરી ગયા પછી ફરી નિકાહ પઢાવી લીધો એ બે તલાકો થઇ. હવે ત્રીજી વખતે જો તલાક દેશે તો ફરી તેજ હુકમ છે કે બીજો ધણી કીધા વગર તેની સાથે નિકાહ કરી શકતી નથી,

૪ મસઅલો જો બીજા મરદ સાથે એવી શરતથી નિકાહ થયો કે સોહબત્ કીધા પછી છોડી દેશે. તો એવા કોલકરારનો કઇ પણ ભરોસો નથી. તેને અખત્યાર છે ચાહે તો છોડી દીએ અથવા નહિ છોડે, અને જયારે ચાહે ત્યારે છોડે અને એવા કોલકરાર સાથે નિકાહ કરવો બહુ મોટો ગુનોહ અને હરામ છે, ખોદાતઆલાના તરફથી લાનત થાય છે. પણ નિકાહ થઇ જાય છે ત્યારે જો એ નિકાહ પછી પાછલા ધણીએ (જેણે એવી ખરાબ રીતે નિકાહ કીધા હતા તેણે) સોહબત કરીને છોડી દીધી અથવા તે મરી ગયો તો આગલા ધણીને વાસ્તે તેણી હલાલ થઇ જશે

કોઇ શરતથી તલાક દેવાનું બયાન.

૧ મસઅલો નિકાહ કરવા પહેલા કોઇ ઓરતને કહ્યુ કે, જો હુ તારી સાથે નિકાહ કરૂ તો તને તલાક છે તો જ્યારે તે ઓરત સાથે નિકાહ કરશે ત્યારે નિકાહ કરવાની સાથેજ બાએન તલાક થઇ જશે હવે ફરીથી નિકાહ કીધા વગર તેણીને રાખી શકતો નથી, અને જો એમ કહ્યુ હોય કે જો તારી સાથે નિકાહ કરૂ તો તને બે તલાક છે. ત્યારે બે તલાક બાએન થઇ જશે અને જો ત્રણ તલાક કહી હતી તો ત્રણ તે થઇ ગઇ અને હવે મોગલ્લઝા તલાક થઇ ગઇ

૨ મસઅલો નિકાહ થતાની સાથેજ જયારે તેણીને તલાક થઇ ત્યારે તેણે તે ઓરત સાથેજ ફરીથી નિકાહ કરી લીધા તો હવે તે બીજા નિકાહ કરવાથી તલાક થશે નહિ પણ જો એમ કહ્યુ હોય કે જેટલી વખત તારી સાથે નિકાહ કરૂ તેટલી દરેક વખતે તને તલાક છે ત્યારે તો જ્યારે નિકાહ કરશે ત્યારે દરેક વખતે તલાક થતી જશે હવે એવી ઓરતને રાખવાનો કોઇ પણ રસ્તો નથી બીજો ધણી કરીને જો ફરીથી એ ધણી સાથે નિકાહ કરશે ત્યારે પણ તલાક થઇ જશે.

૩ મસઅલો. કોઇએ કહ્યુ કે જે ઓરત સાથે હુ નિકાહ કરૂ તેણીને તલાક. ત્યારે જે કોઇ ઓરત સાથે નિકાહ કરશે તેણીને તલાક થઇ જશે. અલબત જો તલાક થઇ ગયા પછી જો તેજ ઓરત સાથે નિકાહ કરી લીધો તો તલાક થઇ નહિ.

૪. મસઅલો કોઇ એવી ઓરતને કે જેની સાથે હજી નિકાહ કીધા નથી તેણીને એવી રીતે કહ્યુ કે જો તુ ફલાણુ કામ કરશે તો તલાક છે. એમ કહેવુ કઇ પણ ગણત્રીનુ નથી જો તેણીની સાથે નિકાહ કરી લીધા અને નિકા થયા પછી તેણીએ તેજ કામ કીધુ ત્યારે પણ તલાક થઇ નહીં કેમકે જે ઓરત હજી નિકાહમા દાખલ થઈ નથી તેણીને તલાક દેવાની એજ રીત છે કે એમ કહે કે જો તારી સાથે નિકાહ કરૂ તો તને તલાક છે, બીજી કોઈ પણ રીતે તલાક થઇ શકતી નથી

૫ મસઅલો અને જો પોતાની ઓરતને કહ્યુ કે જો તુ ફલાણુ કામ કરશે તો તને તલાક છે જો તુ મારી પાસેથી જાય તો તને તલાક છે. જો તુ એ ઘરમા જાય તો તને તલાક છે અથવા કોઈ બીજી વાત થવાથી તલાક દીધી તો જ્યારે તેવુ કામ કરશે તલાક થઇ જશે. અને જો નહિ કરશે તો થશે નહિ અને (એવી રીતે તલાક થવાથી) રજઇ તલાક પડશે જેમા વગર નિકાહ કીધે રોકી રાખવાનો (મરદને) અખત્યાર હોય છે અલબત જો તે મરદ કોઈ ગોળગોળ શબ્દ કહેતે, જેમકે એમ કહે કે જો તુ ફલાણુ કામ કરશે તો મારી સાથે તારે કઇ સબધ નથી જ્યારે તેવુ કામ કરશે ત્યારે બાએન તલાક થશે પણ તેમા શરત એછે કે તે શબ્દ કહેની વખતે મરદની નીયત તલાક દેવાની હોય

૬ મસઅલો જો એમ કહ્યુ કે ફલાણુ કામ જો તુ કરે તો તને બે તલાક છે અથવા ત્રણુ તલાક છે તો જેટલી તલાકો કહેશે તેટલી થશે.

૭ મસઅલો, પોતાની ઓરતને કહ્યુ હતુ કે જો તુ તે ઘરમા જશે તો તને તલાક છે અને તે ચાલી ગઇ અને તલાક થઇ ગઈ ફરી ઇદ્દત પૂરી થાય તે પેહલા તે મરદે તેણીને રોકી રાખી અથવા ફરીથી નિકાહ કરી લીધા, તો હવે ફરીથી તેજ ઘરમા જવાથી તલાક થશે નહિ, અલબત જો એમ કહ્યુ હોય કે જેટલો વખત તુ તે ઘરમા જશે તેટલી વખત તને તલાક છે, અથવા એમ કહ્યું કે જ્યારે પણ તુ તે ઘરમા જાય દરેક દરેક વખત તને તલાક છે તો એવી હાલતમા ઇદ્દતની મુદ્દત દરમ્યાન (રોકવાથી) અથવા ફરીથી નિકાહ કરવા પછી પણ બીજી વખતે તેજ ઘરમા જવાથી બીજી તલાક થઈ ગઇ ફરી ઇદ્દત દરમ્યાન (રોકવાથી) અથવા ત્રીજી વખતે નિકાહ કીધા પછી જો ત્રીજી વખતે તે ઘરમા તેણીનુ જવુ થાય તો ત્રીજી તલાક થઇ જશે હવે ત્રીજી તલાક પછી તેણીની સાથે નિકાહ કરવા દુરસ્ત નથી અલબત જો બીજો ઘણી કીધા પછી ફરી તેણીએ તેજ આગલા ઘણી સાથે નિકાહ કીધા તો હવે તેજ ઘરમા જવાથી તલાક થશે નહિ

૮ મસઅલો, કોઇએ પોતાની ઓરતને કહ્યુ કે જો તુ ફલાણુ કામ કરે તો તને તલાક છે. હજી તેણીએ તે કામ કીધુ નહોતુ તે પહેલા તે મરદે પોતાના તરફથી એક તલાક દઈ દીધી અને કેટલીક મુદ્દત પછી ફરી તેજ ઓરત સાથે નીકાહ કીધા અને એ નિકાહ પછી તેણીએ તેજ કામ કીધુ તો ફરી તલાક થઇ ગઇ અલબત જો તલાક મલ્યા પછી અને ઇદ્દત પૂરી થયા પછી મઝકુર નિકાહ થાય તે પહેલા જો તેણીએ તેજ કામ કરી લીધુ હોય તો હવે મઝકુર નિકાહ જે ફરીથી કરવામા આવ્યા છે તે નિકાહ પછી તે કામ કરવાથી તલાક થશે નહિ અને જો તલાક મલ્યા પછી ઇદ્દતની મુદ્દત દરમ્યાનજ તેણીએ તેજ કામ કીધુ હોય ત્યારે પણ બીજી તલાક થઈ ગઇ

૯ મસઅલો કોઇએ પોતાની ઓરતને કહયુ કે જો તને હેઝ આવે તો તને તલાક છે તે પછી (તેણીએ) હેઝનુ લોહી જોયુ તો હમણાથી તલાકનો હુકમ લાગુ પડશે નહિ પણ જયારે પૂરા ત્રણ દહાડા અને ત્રણ રાતો વીતી જશે ત્યારે એ હુકમ લાગુ પડશે કે

જયારથી લોહી આવ્યુ હતુ તેજ વખતથી તલાક થઇ ગઇ હતી અને જો એમ કહયુ હોય કે જયારે તને એક હેઝ આવે ત્યારે તને તલાક તો હેઝ આવીને બન્ધ થાય ત્યારે તલાક થશે

૧૦ મસઅલો જો કોઇએ પોતાની ઓરતને કહયુ કે જો તુ રોઝો રાખે તો તને તલાક છે, તો રોઝો રાખતાની સાથે તલાક થઇ ગઇ અલબત જો એમ કહયુ કે જો તુ એક રોઝો રાખે અથવા આખા દહાડાનો રોઝો રાખે તો તને તલાક, ત્યારે રોઝો પુરો થાય ત્યારે તલાક થશે, જો રોઝો તોડી નાખે તો તલાક થશે નહિ

૧૧ મસઅલો ઓરતે ઘરથી બહાર જવાનો ઇરાદો કીધો મરદે કહયુ હમણા નહિ જા ઓરતે માન્યુ નહિ તેથી મરદે કહયુ તુ બહાર જાય તો તલાક છે તો એનો હુકમ એ છે કે જો તેજ વખતે બહાર જશે તો તલાક પડશે અને જો તેજ વખતે બહાર નહિ ગઇ અને કેટલીકવાર રહીને ગઇ તો તલાક થશે નહિ કેમકે તે (મરદ)ની મતલબ એજ હતી કે હમણા નહિ જાય ફરી રહીને જાય એ મતલબ નથી કે આખી ઉમરજ જતીજ નહિ

૧૨ મસઅલો કોઇએ એમ કહ્યુ કે જે દહાડે તારી સાથે નિકાહ કરૂ તને તલાક છે ફરી રાતની વખતે નિકાહ કીધા ત્યારે પણ તલાક પડી ગઇ. કેમકે વાતચીતમા તેની મતલબ એ છે કે જે વખતે તારી સાથે નિકાહ કરૂ તને તલાક છે

બીમાર તલાક દીએ તેનું બયાન.

૧ મસઅલો બીમારીની હાલતમા કોઇએ પોતાની ઓરતને તલાક દીધી ફરી ઓરતની ઇદ્દત પૂરી થઇ નહિ હતી તે પહેલા તે મરદ તેજ બીમારીમા મરી ગયો, ત્યારે ધણીના માલમાથી ઓરતને જેટલો ભાગ પોહોચે છે તેટલો વારસો તે ઓરતને પણ મળશે પછી ગમે તો એક તલાક દીધી હોય અથવા બે ત્રણ. અને ગમેતો રજઈ તલાક દીધી હોય અથવા બાએન સૌનો એકજ હુકમ છે જો ઇદ્દત પૂરી થઇ રહી ત્યારે ધણી મરી ગયો તો વારસો તેણીને મળશે નહિ. એવીજ રીતે જો ધણી તેજ બીમારીમા (કે જેમા તેણે તેણીને તલાક દીધી હતી) ગુજરી નહિ ગયો પણ તે બીમારીમાથી સારો થઇને પછી માદો થઇને મરી ગયો, ત્યારે પણ તેણી વારસાની હકદાર નથી પછી ગમે તો ઇદ્દત પૂરી થઇ ગઇ હોય અથવા પૂરી નહિ થઇ હોય

૨ મસઅલો ઓરતે તલાક માગી હતી તેથી મરદે તલાક દીધી ત્યારે પણ ઓરતને વારસો મળશે નહિ પછી ગમે તો (ધણી) ઇદ્દતની મુદ્દત દરમ્યાન મરી જાય અથવા ઇદ્દત પછી મરે બન્નેનો એકજ હુકમ છે, અલબત જો તલાક રજઇ દીધી હોય અને ઇદ્દતની અંદર મરે તો તેણીને મળશે.

૩ મસઅલો બીમારીની હાલતમા ઓરતને કહ્યુ કે જો તુ ઘરથી બહાર જાય તો તને બાએન તલાક છે, ફરી ઓરત બહાર ગઇ અને બાએન તલાક પડી ગઈ તો એવી હાલતમા તેણીને હિસ્સો [તેણીના ધણીના માલમાથી] મળશે નહિ કેમકે તેણીએ જાણી જોઇને પોતે એવુ કામ કેમ કીધુ કે જેથી તલાક થઇ અને જો એમ કહ્યુ કે જો તુ ખાણુ ખાય તો તને બાએન તલાક છે, અથવા એમ કહ્યુ કે તુ જો નમાઝ પઢે તો તને બાએન તલાક છે એવી હાલતમા જો તે મરદ ઇદ્દત દરમ્યાન મરીજાય તો ઓરતને હિસ્સો મળશે, કેમકે ઓરતના અખત્યારથી તલાક થઇ નહિ, કેમકે ખાવુ અને નમાઝ પઢવી એ જરૂરની વસ્તુ છે તેવા કામોને તેણી કેવી રીતે છોડી શકશે, અને જો રજઇ તલાક દીધી હોય તો પેહલા લખેલી હાલતમા પણ વારસો મળી શકશે મતલબ કે રજઈ તલાક દીધી હોય તો દરેક હાલતમા, જો તે મરદ ઇદ્દત દરમ્યાન મરી જાય તો ઓરતને વારસો મળે છે.

૪ મસઅલો કોઇ સારા તદુરસ્ત આદમી એ (પોતાની ઓરતને) કહ્યુ કે જ્યારે તુ ઘરથી બહાર નીકળે તો તને બાએન તલાક છે. ફરી જે વખતે તેણી ઘરથી બહાર નીકળી તે વખતે તે મરદ માંદો હતો અને તેજ બીમારીમા ઇદ્દત દરમ્યાન મરી ગયો ત્યારે પણ તેણીને વારસો મળશે નહિ.

૫ મસઅલો, તદુરસ્તીની હાલતમા કોઇએ કહ્યુ કે જ્યારે તારો (ઓરતનો) બાપ સફરથી આવે તો તને બાએન તલાક છે જ્યારે તેનો બાપ પરદેશથી આવ્યો ત્યારે તે મરદ બીમાર હતો અને તેજ બીમારીમા મરી ગયો ત્યારે તેણીને વારસો મળશે નહિ અને જો બીમારી ની હાલતમા મઝકુર વાત તેણે કહી હતી અને તેણીની ઇદ્દત દરમ્યાન તે મરી ગયો તો તેણીને વારસો મળશે

રજઇ તલાક દીધા પછી ઓરતને રોકી રાખવાનું બયાન.

૧ મસઅલો જ્યારે કોઇએ એક તલાક અથવા બે તલાક રજઈ દીધી ત્યારે ઇદ્દત પૂરી થાય તે પેહલા મરદને અખત્યાર છે કે પોતાની ઓરતને રોકી રાખે ફરીથી નિકાહ કરવાની જરૂર નથી પછી ઓરત રાજી હોય અથવા નહોય તેણીનો કઇ અખત્યાર નથી જો ત્રણ તલાક દીધી હોય તો તેનો હુકમ ઉપર બયાન થઇ ચુકયો, તેમા મંજકૂર અખત્યાર રહેતો નથી

૨ મસઅલો રજઅત કરવી એટલે ઓરતને રોકી રાખવાની રીત એ છે કે પોતાને મોઢે ખુલ્લે ખુલ્લુ કહી દીએ કે હુ તને ફરી રાખુ છુ તને છોડીશ નહિ, અથવા એમ કહે કે હુ તલાકથી ફર છું, અથવા ઓરતથી કહ્યુ નહિ પણ બીજા કોઇને કહ્યુ મે મારી ઓરતને ફરી રાખી લીધી અને તલાકથી ફરી ગયો ફકત એટલુજ કહેવાથી તે ઓરત પાછી તેની ઓરત થઇ ગઇ અથવા મોઢે કઇ કહ્યુ નહિ, પણ તેણીની સાથે સોહબત કીધી અથવા તેણીને ચુંબન લીધો અથવા જુવાનીના જુસ્સાથી તેણી ને અડકયો તો એમાથી એક પણ કામ કરવાથી તેણી તેની ઓરત થઇ ગઇ ફરીથી નિકાહ કરવાની જરૂર નથી

૩ મસઅલો જયારે ઓરતને રોકી રાખવાનુ મન હોય તો બેહતર વાત એ છે કે બે ચાર માણસોને ગવાહ બનાવી લીએ કે રખેને કદાચ કઇ ખટપટ આવી પડે તો કોઇ ઇનકાર કરી શકે નહિ, અગર કોઇને ગવાહ બનાવ્યા નહી પોતે એકલાએજ એમ કરી લીધુ ત્યારે પણ દુરસ્ત છે. મતલબતો હાસલ થઇજ ગઇ

૪ મસઅલો જો ઓરતની ઇદ્દત ગુજરી ગઇ ત્યારે એમ કરવા માગે તો કઇ થઇ શકતુ નથી. હવે જો ઓરત કબુલ રાખે અને રાજી હોય તો ફરીથી નિકાહ કરવા પડશે નિકાહ કીધા વગર રાખી શકતો નથી જો તે રાખવા ચાહે તોપણ ઓરતને તેની પાસે રહેવુ દુરસ્ત નથી

૫ મસઅલો જે ઓરતને હૈઝ આવતુ હોય તેણીને વાસ્તે તલાકની ઇદ્દત ત્રણ હૈઝ છે જ્યારે ત્રણ હૈઝ પૂરા થયા ત્યારે ઇદ્દત પૂરી થઇ ગઇ જ્યારે એ વાત સમજી ગયા ત્યારે હવે જાણવુ જોઇએ કે, ત્રીજુ હૈંઝ પૂરા દસ દહાડા સુધી આવ્યુ હોય ત્યારે તો જે વખતે ખુન બંધ થયુ અને દસ દહાડા પૂરા થયા તેજ વખતે ઇદ્દત પૂરી થઇ અને મરદને રોકી રાખવાનો જે અખત્યાર હતો તે જતો રહ્યો પછી ગમે તો ઓરતે ગુસલ કરી લીધુ હોય અથવા નહિ કીધુ હોય એ વાત કઇ ગણત્રીની નથી (કે તેણીએ હજી ગુસલ કીધુ નથી ત્યારે તેણીને રોકવાનો વખત બાકી છે) અને જો ત્રીજુ હૈંઝ દસ દહાડા કરતા ઓછા દહાડા આવ્યુ અને ખુન બંધ થઇ ગયુ અને ઓરતે હજી ગુસલ કીધુ નથી અને કોઈ નમાઝ પણ હજી તેણી ઉપર વાજેબ થઇ નથી, તો હજી મરદનો અખત્યાર બાકી છે. હજી પણ જો પોતાના

(તલાક દેવાના) ઇરાદાથી ફરી જાય, તો તેણી ફરીથી તેની ઓરત થઇ જશે અલબત જો ખુન બંધ થયા પછી તેણીએ ગુસલ કરી લીધુ અથવા ગુસલ તો કીધુ નહિ પણ એક નમાઝનો વખત ગુજરી ગયો, એટલે એક નમાઝની કઝા તેણીને માથે વાજેબ થઇ ગઇ તો મજકુર બંને હાલતોમા મરદનો અખત્યાર જતો રહ્યો હવે નિકાહ કીધા વગર રાખી શકતો નથી

૬ મસઅલો જે ઓરત સાથે હજી સોહબત કીધી નથી અને તેણીની સાથે એકાતમા પણ તે મરદ રહ્યો નથી તેણીને એક તલાક દેવાથી મરદને રોકી રાખવાનો તેણીપર અખત્યાર રહેતો નથી, કેમકે તેણીને જે તલાક વાય તે બાએન તલાકજ થાય છે જેમકે ઉપર બયાન થઇ ચુકયુ એને સારી રીતે યાદ રાખો

૭ મસઅલો જો બંને એક ઠેકાણે એકાતમા તો રહ્યા પણ મરદ કહે છે કે, મેં સોહબત કીધી નથી ફરી એવી કબુલાત પછી તલાક દીધી તો હવે તે તલાકથી ફરવાનો અખત્યાર (મરદને) નથી

૮ મસઅલો જે ઓરતને એક બે તલાક રજાઇ મળી ચુકી હોય જેમા મરદને તલાકથી ફરી જવાનો અખત્યાર હોય છે એવી ઓરતને જોઇએ કે સારી રીતે શણગાર કરીને હમેશા રહ્યા કરે કે રખેને ધણીનુ મન તેણીની તરફ વળી જાય અને તલાકથી ફરી જાય અને ધણીનો ઇરાદો જો તલાકથી ફરવાનો નહિ હોય તો તે મરદને જોઇએ કે જયારે ઘરમા આવે ત્યારે ખાસી ખખારીને આવે કે જેથી તેણીના શરીરનો ભાગ જો કઇ ખુલ્લો હોય તો તેણી ઢાકી લીએ, અને કોઇ નાદુરસ્ત જગ્યાપર નજર પડે નહિ. અને જયારે ઇદ્દત પૂરી થઇ જાય તો ઓરત કોઇ બીજે ઠેકાણે જઇને રહે

૯ મસઅલો જો હજી તલાકથી ફર્યો (રજીઅત કીધી) નહોય તો તે ઓરતને પોતાની સાથે સફરમા લઇ જવુ જાએઝ નથી, અને તે ઓરતને તે મરદની સાથે જવુ પણ દુરસ્ત નથી.

૧૦ મસઅલો. જો ઓરતને એક કે બે બાએન તલાક દઇ દીધી જેમાં રોકી રાખવાનો અખત્યાર નથી તેનો હુકમ એ છે કે જો કોઈ બીજા મરદ સાથે નિકાહ કરવા ચાહે તો ઇદ્દત પછી નિકાહ કરે, ઇદ્દત દરમ્યાન નિકાહ દુરસ્ત નથી અને જો તેજ મરદ સાથે નિકાહ કરવા રાજી હોય તો ઇદ્દત દરમ્યાન પણ થઇ શકે છે

(ઇલા) ઓરતની પાસે નહિ જવાની કસમ ખાવાનું બયાન.

૧ મસઅલો જેણે સમ ખાધા અને એમ કહ્યુ કે ખોદાની કસમ હવે સોહબત કરીશ નહી ખોદાના સમ તારી સાથે કદી સોહબત કરીશ નહિ હુ સમ ખાઉ છુ કે તારી સાથે સોહબત કરીશ નહિ, અથવા કોઇ બીજી રીતે કહ્યુ તો તેનો હુકમ એ છે કે જો તેણે સોહબત કીધી નહિ તો ચાર મહિના (એવી કસમ ખાધાને) ગુજરી ગયા બાદ ઓરતને બાએન તલાક થઇ જશે હવે નિકાહ કીધા વગર ધણી ધણિઆણી તરીકે તેઓ રહી શકતા નથી અને જો ચાર મહિના દરમ્યાનજ પોતાની કસમ તોડી નાખી અને સોહબત કરી લીધી તો તલાક થશે નહિ અલબત કસમ તોડવાનો કફારો દેવો પડશે એવી રીતે કસમ ખાવાને શરએ શરીફમા ઇલા કહે છે.

૨ મસઅલો હમેશને વાસ્તે સોહબત નહી કરવાની કસમ ખાધી નહી, પણ માત્ર ચારજ મહિનાને વાસ્તે સોગંદ ખાધા અને એમ કહ્યુ કે ખોદાના સમ ચાર મહિનાસુધી હુ તો તારી સાથે સોબત કરીશ નહિ, તો એનાથી પણ ઇલા થઇ ગયો એનો પણ એજ હુકમ છે કે જો ચાર મહીના સુધી સોહબત કરશે નહિ, બાએન તલાક પડી જશે અને જો ચાર મહિના પૂરા થાય તે પહેલાં સોહબત

કરી લે તો કસમના કફારાનુ બયાન ત્રીજા ભાગમાં લખેલુ છે

૩ મસઅલા જો ચાર મહિનાથી ઓછી મુદ્દતને વાસ્તે સમ ખાધા તો એ વાત કંઈ ગણત્રીની નથી તેથી ઇલા થશે નહિ ચાર મહીનાથી એક દિવસ ઓછાની જો કસમ ખાધી ત્યારે પણ ઇલા થશે નહિ, અલબત જેટલા દિવસના સમ ખાધા છે તેટલા દહાડા પુરા થાય તે પહેલા જો સોહબત કરશે તો કસમ તોડવાનો કફારો દેવો પડશે અને જો સોહબત કીધી નહિ તો ઓરતને તલાક થશે નહિ. અને કસમ પણ પુરી થઇ જશે

૪ મસઅલો. કોઇએ ફકત ચાર મહી-નાનેજ વાસ્તે સમ ખાધા ફરી પોતાની કસમ તોડી નહિ તેથી કરીને ચાર મહિના પછી તલાક થઇ ગઇ. અને તલાક પછી તેજ મરદ સાથે નિકાહ થઇ ગયા તો હવે નિકાહ પછી જો ચાર મહિના સુધી સોહબત કરે નહિ તો કંઇ હરકત નથી અને હમેશને વાસ્તે સમ ખાધા અથવા એમ કહી દીધુ કે હું કસમ ખાઉ છુ કે હવે તારી સાથે સોહબત કરીશ નહિ અથવા એમ કહ્યુ કે ખોદાના સમ તારી સાથે કદી સોહબત કરીશ નહિ ફરી પોતાની કસમ તોડી નહિ અને ચાર મહિના પછી તલાક થઈ ગઇ તે પછી ફરી તેણીનીજ સાથે નિકાહ કરી લીધા અને નિકાહ પછી ફરી ચાર મહીના સોહબત કીધી નહી. તો હવે બીજી તલાક પડી ગઇ જો ત્રીજી વખત ફરી તેણીની સાથે નિકાહ કીધા તો તેનો પણ એજ હુકમ છે એ નિકાહ પછી જો ચાર મહિના સુધી સોહબત નહીં કરશે તો ત્રીજી તલાક પડી જશે અને હવે બીજો ધણી કીધા વગર એ ધણી સાથે નિકાહ પણ થઇ શકશે નહિ. અલબત જો બીજા કે ત્રીજા નિકાહ પછી સોહબત કરી લેતે તો કસમ તુટી જતે અને હવે કદી તલાક થતે નહિ પણ કસમ તોડવાનો કફારો દેવો પડતે

૫ મસઅલો જો એવી રીતે એક પછી એક ત્રણ નિકાહ પછી ત્રણ તલાક થઈ ગઇ, તે પછી ઓરતે બીજો ધણી કરી લીધો જ્યારે તેણે છોડી દીધી તો ઇદ્દત પૂરી કીધા પછી ફરી તેજ પહેલા ધણી સાથે નિકાહ કરી લીધા. અને તેણે ફરી સોહબત કીધી નહિ તો હવે તલાક થશે નહિ પછી ગમે તેટલી વખત સુધી સોહબત કરે નહિ પણ જ્યારે સોહબત કરશે ત્યારે સોગનનો કફારો દેવો પડશે કેમકે સમ તો એમ ખાધા હતા કે કદી સોહબત કરીશ નહિ તે તુટી ગયા

૬ મસઅલો જો ઓરતને બાએન તલાક દીધી ફરી તેણીની સાથે સોહબત નહિ કરવાની કસમ ખાધી તે ઇલા થયો નહિ હવે ફરીથી નિકાહ કીધા પછી જો સોહબત નહિ કરે તો તલાક થશે નહિ, પણ જ્યારે સોહબત કરશે તો સમ તોડવાનો કફારો દેવો પડશે અને જો રજઇ તલાક દીધા પછી ઇદ્દત દરમ્યાન એવી કસમ ખાધી તો ઇલા થઈ ગયા હવે જો રજઅત કરીલે અને સોહબત કરે નહિ તો ચાર મહિના પછી તલાક થઇ જશે અને જો સોહબત કરશે તો સમ ખાવાનો કફારો દેવો પડશે

૭ મસઅલો ખોદાના સમ નહિ ખાધા પણ એમ કહ્યુ કે, જો તારી સાથે સોહબત કરૂ તો તને તલાક છે ત્યારે પણ ઇલા થઇ ગયો સોહબત કરશે તો રજઇ તલાક થઇ જશે, અને કસમ (તોડવા,નો કફારો એવી હાલતમા દેવો પડશે નહિ અને જો સોહબત નહિ કીધી તો ચાર મહિના પછી તલાક બાએન થઇ જશે અને જો એમ કહ્યુ કે જો તારી સાથે સોહબત કરૂ તો મારે માથે એક હજ છે અથવા એક રોઝો છે, અથવા એક રૂપીઆની ખેરાત છે, અથવા એક કુર્બાની છે તો એ તમામ હાલતોમા પણ ઇલા થઇ જશે જો સોહબત કરશે તો જે જે વાત કહી છે તે કરવી પડશે અને કફારો દેવો પડશે નહિ, અને જો સોહબત નહિ કીધી તો ચાર મહિના પછી તલાક થઇ જશે

ખોલઅનું બયાન.

૧ મસઅલો જો ધણી ધણિઆણીમા કોઈ તરેહથી બનાવ નહિ થઇ શકે અને મરદ તલાક પણ નહિ દેતો હોય તો ઓરતને જાએઝ છે કે, કઇ માલ દઇને અથવા પોતાની મેહેર દઇને પોતાના ધણીથી કહે કે એટલા રૂપીઆ લઇને મારી જાતને છોડી દે, અથવા એમ કહે કે જે મારી મેહેર તારાપર લ્હેણી છે તેના બદલામા મારી જાતને છોડી દે એના જવાબમા મરદ કહે કે મે છોડી દીધી તો એથી એક બાએન તલાક થઈ ગઇ મરદને રોકી રાખવાનો અખત્યાર નથી અલબત જો મરદે તેજ ઠેકાણે બેસીને જવાબ નહિ દીધો પણ ઉભો થઈ ગયો અથવા મરદ તો ઉભો થયો નથી પણ ઓરત ઉભી થઇ ગઇ, ત્યારે મરદે કહ્યુ "ઠીક છે, મે છોડી દીધી" તો એથી કઇ થયુ નથી જવાબ સવાલ બન્ને એકજ ઠેકાણે થવા જોઇએ એવી રીતે પોતાની જાત (ધણીના કબ-જામાથી) છોડાવવાને ખોલઅ કહે છે

૨ મસઅલો મરદે કહ્યુ મે તારાથી ખોલઅ કીધો ઓરતે કહ્યુ મે કબુલ કીધો તો ખોલઅ થઈ ગયો અલબત અગર ઓરતે તેજ ઠેકાણે જવાબ નહીં દીધો હોય ત્યાથી ઉભી થઇ ગઈ હોય અથવા ઓરતે કબુલજ નહિ કીધુ તો કઇ થયુ નથી પણ જો ઓરત પોતાની જગ્યાએ બેસી રહી અને મરદ એમ કહીને ઉભો થઈ ગયો અને ઓરતે તેના ઉઠવા પછી કબુલ કીધુ ત્યારે પણ ખોલઅ થઈ ગયો

૩ મસઅલો મરદે ફકત એટલુજ કહ્યુ કે મેં તારાથી ખોલઅ કીધો અને ઓરતે કબુલ કીધો રૂપીઆ પૈસાની વાતચીત ન મરદે કીધી અને ન તો ઓરતે, ત્યારે પણ મરદના જે હકક ઓરતપર છે અને ઓરતના જે હક મરદ પર છે સૌ માફ થઈ ગયા. જો મરદને માથે મેહેર બાકી હોય તો તેપણ માફ થઇ ગઇ, અને જો ઓરતને (મેહેર) મળી ચુકી હોય તો ઠીકજ છે હવે તે પાછી લેવી વાજેબ નથી. અલબત ઇદ્દત પૂરી થાય ત્યા સુધીનુ ખાણુ કપડુ અને રહેવાનું મકાન દેવુ પડશે પણ જો ઓરતે કહી દીધુ હોય કે ઇદ્દતનુ ખાણુ કપડું અને રહેવાનુ મકાન પણ તારાથી લઇશ નહિ તો તેપણ માફ થઇ ગયા.

૪ મસઅલો અને જો તેની સાથે કઇ માલ વિષે પણ કહી દીધુ જેમકે એમ કહ્યુ કે સો રૂપીયાના બદલામા મે તારી સાથે ખોલઅ કીધો ફરી ઓરતે કબુલ કરી લીધો તો ખોલઅ થઇ ગયો હવે ઓરતને માથે સો રૂપીઆ દેવા વાજેબ થઇ ગયા પોતાની મેહેર મેળવી ચુકી હોય તો પણ સો રૂપીયા દેવા પડશે, અને જો મેહેર હજી મળી નહિ હોય ત્યારે પણ દેવા પડશે અને મેહેર પણ મળશે નહિ. કેમકે ખોલઅના સબબથી તે માફ થઇ ગઇ.

૫ મસઅલો ખોલઅમા જો મરદની કસુર હોય તો મરદને માલ કે રૂપીયા કે જે મેહેર મરદને માથે દેવાની બાકી હોય તે બદલામા ખોલઅ કરવો મોટો ગુનોહ છે, અને હરામ છે જો કઇ માલ લીધો તો તેને પોતાના ખરચમા લેવો પણ હરામ છે અને જો ઓરતનીજ કસુર હોય તો જેટલી મેહેર દીધી હોય તેના કરતા વધારે માલ લેવો નહિ જોઇએ ફકત મેહેરનાજ બદલામા ખોલઅ કરી લીએ. જો મેહેર કરતા વધારે લીધુ તોપણ ઠીક છે, ખોટુ તો થયુ પણ એનો કઇ ગુનોહ નથી

૬ મસઅલો ઓરત ખોલઅ કરવા પર રાજી નહિ હતી. મરદે તેણીપર જોરજુલમ કીધો, અને ખોલઅ કરવા કબુલ કરાવ્યુ, એટલે મારીને અથવા ધમકાવીને ખોલઅ કરાવ્યો તો તલાક થઇ ગઇ, પણ ઓરતપર માલ વાજેબ નથી અને જો મરદને માથે મેહેર બાકી હોય તો તે પણ માફ થઇ નહિ.

૭ મસઅલો. એ સૌ મજકુર વાતો તે વખતે છે કે જ્યારે ખોલઅનો શબ્દ કહ્યો

અથવા (ઓરતે) એમ કહ્યુ હોય કે, સો રૂપીયા અથવા હજાર રૂપીયાના બદલામા મારી જાતને છોડી દે. અથવા એમ કહ્યું હોય કે મારી મેહેરના બદલામા મને છોડી દે અને જો એમ નહિ કહ્યુ પણ (ઓરતે) તલાકનો શબ્દ કહ્યો કે સો રૂપીઆના બદલામા મને તલાક દઇ દે તો તેને ખોલઅ કહીશુ નહિ જો મરદે તે માલના બદલામા તલાક દઇ દીધી, તો એક તલાક બાએન થઇ ગઇ. અને તેમા કોઇ હક્ક માફ થયો નહિ એટલે મરદ ઉપર ઓરતના જે હક્ક હતા તે માફ થયા નહિ. તેમજ ઓરતપર મરદના જે હકો હતા તે પણ માફ થયા નહિ ઓરત તે મેહેરનો દાવો કરી શકે છે, અને મરદ એ સો રૂપીયા ઓરત પાસેથી લઇ શકશે.

૮ મસઅલો મરદે કહ્યુ કે મે સો રૂપીયાના બદલામા તલાક દીધી, તો ઓરતના કબુલ કરવા ઉપર અટકેલી રહેશે જો કબુલ નહિ રાખે તો તલાક પડશે નહીં અને જો કબુલ રાખશે તો એક તલાક બાએન પડશે પણ જો જગ્યા બદલાઇ ગયા પછી કબુલ રાખે તો તલાક થશે નહિ

૯ મસઅલો ઓરતે કહ્યુ કે, મને તલાક દઇ દે મરદે કહ્યુ કે તુ પોતાની મેહેર વિગેરે પોતાના તમામ હકો માફ કરી દે તો તને તલાક દઇ દઉ તેથી કરીને ઓરતે કહ્યુ કે ઠીક મે માફ કીધા તે પછી મરદે તલાક નહીં દીધી તો કઇપણ માફ થયુ નહિ અને જો તલાક દઇ દીધી તો માફ થઇ ગયા

૧૦ મસઅલો ઓરતે કહ્યુ કે ત્રણસો રૂપીયાના બદલામાં મને ત્રણ તલાક દઇ દે તેથી મરદે એકજ તલાક દીધી તો ફક્ત એકસો રૂપીયા મરદને મળશે અને જો બે તલાક દીધી હોય તો બસો મળશે અને જો ત્રણ તલાક દેશે તો ત્રણસો રૂપીયા ઓરત પાસેથી મરદને દેવાડવામા આવશે. અને મજકુર તમામ હાલતોમા બાએન તલાકજ પડશે, કેમકે એ તલાક માલના બદલામા છે

૧૧ મસઅલો નાબાલેગ છોકરો અને ગાંડો, પગલો માણુસ પોતાની ઓરત સાથે ખોલઅ કરી શકતો નથી

પોતાની ઓરતને પોતાની મા બરાબર કહેવાનું બયાન.

૧ મસઅલો. કોઇએ પોતાની ઓરતને કહ્યુ કે તુ મારી મા બરાબર (જેવી) છે અથવા એમ કહ્યુ કે તુ મારે વાસ્તે માની બરાબર છે હુ તને મારી મા બરાબર ગણુ છુ હવે તુ મારી આગળ મારી મા જેવી અથવા મારી મા સરખી છે ત્યારે જુઓ કે એમ કહેવામા તે (મરદ)ની મતલબ શી છે જો તેની મતલબ એવી હોય કે મોટાઇમા અથવા અદબ કરવામા માના જેવી છે અથવા એવી મતલબ લીધી કે તુ તદન ઘરડી છે, (એટલે) તારી ઉમ્મર મારી માની બરાબર છે ત્યારે એમ કહેવાથી નો કઇ પણ નુકસાન થયુ નહિ તેવીજ રીતે જો એમ કહેતી વખતે કઇ નિયતજ નહિ કીધી અને કઈ મતલબ મનમા વિચારીજ નહિ એમજ કહી દીધુ ત્યારે પણ કઇ નુકશાન થયુ નહિ અને એમ કહેવાથી જો તલાક દેવાની અને છોડી દેવાની નીયત કીધી છે તો તેને એક તલાક બાએન થઇ ગઈ અને જો તલાક દેવાની નીયત પણ કીધી નહતી, અને ઓરતને છોડી દેવી એ ઇચ્છા નહતી, પણ મતલબ ફક્ત એટલીજ છે કે તુ મારી ઓરત છે મારા નિકાહમાથી હુ તને જુદી કરતો નથી, પણ હવેથી હુ તારી સાથે કદી પણ સોહબત કરીશ નહિ તારી સાથે સોહબત કરવી મે મારાપર હરામ કરી લીધી ફક્ત ખોરાકી પોશાકી લે અને પડી રહે સાર એ કે તેણીને છોડવાની નીયત નથી. ફક્ત સોહબત કરવાને પોતાના ઉપર હરામ કરી લીધી છે એને શરએ શરીફમા ઝેહાર કહે છે એનો હુકમ એ છે કે, તે ઓરત તેજ મરદના

નિકાહમા રહેશે પણ મરદ જ્યાસુધી તેનો કફારો અદા નહિ કરે ત્યા સુધી તેણીની સાથે સોહબત કરવી, અથવા જુવાનીના જુસ્સાથી તેણીને હાથ લગાડવો, તેણીના મોને ચુબન કરવું હરામ છે જ્યાસુધી કફારો નહિ દેશે ત્યાસુધી તે ઓરત હરામ રહેશે પછી ગમે તેટલા વરસ કેમ ન વીતી જાય જ્યારે મરદ કફારો દઇ દીએ, ત્યારે બંને ધણી ધણિઆણીની પેઠે રહે, ફરીથી નિકાહ કરવાની જરૂર નથી અને એનો કફારો તેવીજ રીતે દેવામા આવે છે કે જેવી રીતે રોઝો તોડવાનો કફારો દેવામા આવે છે

૨ મસઅલો જો કફારો દેવા પહેલાજ સોહબત કરી લીધી તો બહુજ મોટો ગુનોહ કીધો અલ્લાહ પાકથી તોબા કરીને ઇસ્તિગફાર પઢે અને હવે પછી પાકો ઇરાદો કરે કે હવે કફારો દીધા વગર ફરી કદી સોહબત કરીશ નહિ અને ઓરતને જોઇએ કે જ્યા સુધી કફારો નહિ દીએ ત્યા સુધી પોતાની પાસે આવવા નહિ દે

૩ મસઅલો. જો બેહેનની બરાબર અથવા દીકરી કે ફૂઇ અથવા એવી કોઇ ઓરતની બરાબર કહ્યું કે જેની સાથે નિકાહ કરવા હમેશને વાસ્તે હરામ છે, તો તેનો પણ એજ હુકમ છે

૪ મસઅલો. કોઇએ કહ્યુ કે તુ મારી વાસ્તે સુવરની બરાબર છે ત્યારે જો તલાક દેવાની કે છોડવાની નીયત હતી ત્યારે તો તલાક થઇ ગઇ અને જો ઝેહારની નીયત કીધી એટલે એવી મતલબ લીધી કે તલાક તો દેતો નથી પણ તેણીની સાથે સોહબત કરવાને હુ મારાપર હરામ કરૂ છુ ત્યારે તો કંઇ થયુ નથી એવીજ રીતે જો કઇ પણ નીયત નહિ કીધી ત્યારે પણ કંઇ થયુ નહિ.

૫ મસઅલો જો ઝેહારમા ચાર મહિના સુધી અથવા એથી વધારે મુદ્દત સુધી સોહબત નહિ કીધી, અને કફારો દીધો નહિ તો તલાક થઇ નહિ એથી ઇલા થતો નથી.

૬ મસઅલો જ્યાંસુધી કફારો નહિ દીએ ત્યાંસુધી જોવુ કે, વાતચીત કરવી હરામ નથી અલબત પેશાબની જગ્યાને જોવી દુરસ્ત નથી

૭ મસઅલો જો હમેશને વાસ્તે ઝેહાર નહિ કીધો પણ કેટલીક મુદ્દત મુકર્રર કીધી જેમકે એમ કહે કે, વરસ એકને વાસ્તે અથવા ચાર મહિના વાસ્તે તુ મારે માટે માની બરાબર છે તો જેટલી મુદ્દત મુકર્રર કીધી હોય તેટલી મુદ્દત ઝેહાર રહેશે જો તે મુદ્દત દરમ્યાન સોહબત કરવા ચાહે તો કફારો દીએ. અને જો તે મુદ્દત પછી સોહબત કરશે તો કઇ પણ દેવુ પડશે નહિ ઓરત હલાલ થઇ જશે

૮ મસઅલો ઝેહારમા પણ જો તુરત ઇનશાઅલ્લાહ કહી દીધું તો કઇ થયુ નહિ

૯ મસઅલો નાબાલેગ છોકરો અને ગાડો માણસ ઝેહાર કરી શકતા નથી જો કરશે તો તેથી કઇ (નુકસાન) થશે નહિ એવીજ રીતે જો કોઇ પારકી સ્ત્રી સાથે ઝેહાર કરશે કે જે સ્ત્રી સાથે હજી નિકાહ કીધો નથી ત્યારે પણ કઇ (નુકસાન) થયું નહિ હવે તેણીની સાથે નિકાહ કરવા દુરસ્ત છે

૧૦ મસઅલો ઝેહારનો શબ્દ જો કેટલીક વખત કહેશે જેમકે બે વખત કે ત્રણ વખત એમજ કહ્યુ કે તુ મારે વાસ્તે માની બરાબર છે ત્યારે જેટલી વખત કહ્યુ હોય તેટલા કફારા દેવા પડશે, પણ જો બે કે ત્રણ વખત કહ્યાથી ખૂબ પાકો ઇરાદો કરવાની નીયત હોય અને ફરીથી ઝેહાર કરવાની મતલબ નહોય તો એકજ કફારો દીએ

૧૧ મસઅલો જો બે ચાર ઓરતોને એવા (ઝેહારના) શબ્દો કહ્યા તો જેટલી ઓરતો હોય તેટલા કફારા દેવા પડશે.

૧૨ મસઅલો જો બરાબર અથવા જેવી કે સરખી એવા શબ્દો નહિ કહ્યા પણ એમ કહ્યુ કે તુ મારી મા છે અથવા એમ કહ્યુ કે તુ તો મારી બેહેન છે તો એથી કઇ થયું

નહિ ઓરત તેના ઉપર હરામ થઇ નહિ પણ એમ કહેવુ બુરૂં અને ગુનોહ છે તેવીજ રીતે પોકારતી વખતે એમ કહેવુ કે મારી બેહેન ફલાણુ કામ કરી દીઓ, એ પણ બુરૂ છે. પણ એમ કહેવાથી કઇ થતુ નથી

૧૩ મસઅલો કોઇએ જો એમ કહ્યુ કે જો તને રાખુ તો માને રાખુ, અથવા એમ કહ્યુ કે જો તારી સાથે સોહબત કરૂ તો જાણે મારી મા સાથે સોહબત કરૂ તો એથી કઇ થયુ નહિ (પણ એવી રીતે કહેવુ બુરૂ છે)

૧૪ મસઅલો જો એમ કહ્યુ હતુ કે તુ મારે વાસ્તે માની પેઠે હરામ છે, તો એથી જો તલાક દેવાની નીયત હોય તો તલાક થશે અને જો ઝેહારની નીયત કીધી હશે અથવા કઇ પણ નીયત નહિ કીધી હોય તો ઝેહાર થઇ જશે કફારો દઇને સોહબત કરવી જાએઝ છે

કફ્ફારાનુ બયાન.

ઝેહારનો કફારો તેવોજ છે કે જેવો રોઝો તોડવાનો કફારો છે બનેમા કઈ ફરક નથી તે ઠેકાણે (ત્રીજા ભાગમા) અમે સારી રીતે ખોલીને બયાન કીધુ છે ત્યા કાઢીને જોઇ લીઓ હવે અહિ કેટલીક જરૂરની બાબતો જે ત્યા બયાન થઇ નથી તે બયાન કરીએ છીએ

૧ મસઅલો જો તાકાત હોય તો મરદ લગોલગ સાઠ રોઝા રાખે વચ્ચે કોઇ રોઝો તુટવો જોઇએ નહિ અને જ્યા સુધી તે રોઝા પૂરા નહિ થાય ત્યાસુધી તે ઓરતની સાથે સોહબત કરે નહિ જો પૂરા થાય તે પહેલા તેજ ઓરત સાથે સોહબત કરી લીધી તો હવે સૌ રોઝા ફરીથી રાખે પછી ગમે તો દિવસની વખતે તે ઓરત સાથે સોહબત કીધી હોય અથવા તો રાતના અને પછી ગમેતો ભૂલથી એમ કીધુ હોય અથવા જાણી જોઇને સૌનો એકજ હુકમ છે

૨ મસઅલો જો મહિનાની પહેલી તારીખથી રોઝા રાખવા શરૂ કીધા તો પૂરા બે માસના રોઝા રાખે પછી ગમેતો પૂરા સાઠ દીવસ હોય અને ત્રીશ ત્રીશ દહાડાનો મહિનો હોય અથવા એથી કમી દિવસ હોય બને તરેહથી કફારો અદા થઇ જશે અને જો પહેલી તારીખથી રોઝા રાખવા શરૂ નહીં કીધા તો પૂરા સાઠ દિવસ રોઝા રાખે

૩ મસઅલો જો કફારો અદા કરવાને વાસ્તે રોઝા રાખતો હોય અને કફારો પૂરો થાય તે પહેલા દિવસે કે રાત્રે ભૂલથી સોહબત કરી લીધી તો કફારો ફરીથી દેવો પડશે

૪ મસઅલો અને જો રોઝો રાખવાની તાકાત નહિ હોય તોજ સાઠ ફકીરોને બે વખત ખાણુ ખવરાવે અથવા કાચુ અનાજ દઇ દીએ જો તમામ ફકીરોને હજી ખવરાવી ચુકયો નહનો કે દરમ્યાનમા તેણે સોહબત કરી લીધી ત્યારે ગુનોહ તો થયો પણ એમ કરવાથી કફારો ફરીથી દેવો પડશે નહી અને ખવરાવવાની તો એજ રીત છે, કે જે ઉપર બયાન કરવામા આવી

૫ મસઅલો કોઇને માથે ઝેહારના બે કફારા હતા તેણે સાઠ ફકીરોને આઠઆઠ શેર ઘઉ દઈ દીધા અને એમ સમજ્યો કે દરેક કફારાને વાસ્તે ચાર ચાર શેર દઉ છુ અને તેથી કરીને બને કફારા અદા થઇ ગયા પણ એમ કરવાથી એકજ કફારો અદા થશે બીજો કફારો ફરી દેવો જોઇએ અને જો એક કફારો રોઝો તોડવાનો હતો અને બીજો ઝેહારનો હતો અને તે બેને વાસ્તે (જો ઉપર પ્રમાણે આઠ આઠ શેર દઇને બને કફારા અદા થઇ જવાની નીયત કરશે તો) એમ કરવાથી બને કફારા અદા થઇ જશે

લેઆનનું બયાન

જ્યારે કોઇ પોતાની ઓરતપર ઝિનાનુ તોહમત મુકે અથવા જે બચ્ચુ પેદા થયું હોય તેને વાસ્તે કહે કે એ મારૂ છોકરૂ નથી કોણ જાણે કોનુ છે, ત્યારે એનો હુકમ એ છે કે

તે ઓરત કાઝી આગળ અથવા ઇસલામી શરીઅતના હાકેમ આગળ ફરીયાદ કરે, ત્યારે હાકેમ બનેને સમ ખવાડે પેહલા ધણીને એમ બોલવાનો હુકમ કરે કે "હુ ખોદા પાકને ગવાહ રાખીને કહુછુ કે જે તોહમત મે એણી ઉપર મુકયુ છે તેમાં હુ સાચો છુ" એવીજ રીતે ધણી ચાર વખત બોલે પછી પાચમી વખત બોલે કે "જો હુ જુઠો હોઉ તો મારાપર ખોદાની લઅનત પડે" જ્યારે મરદ પાચ વખત કહી રહે ત્યાર પછી ઓરત એમ કહે કે "હુ ખોદા પાકને ગવાહ રાખીને કહુ છુ કે એણે મારાપર જે તોહમત મુકયુ છે તે તોહમત મુકવામા એ જૂઠો છે" અને પાચમી વખત બોલે કે "જો આ તોહમત મુકવામા એ સાચો હોય તો મારા પર ખોદાનો ગજબ તુટી પડે" જ્યારે બંને કસમ ખાઇ રહે ત્યારે હાકેમ તે બેઉને જુદા કરી દેશે અને બાએન એક તલાક થઇ જશે અને હરે એ છોકરૂ બાપનુ ગણાશે નહિ માને સોપવામા આવશે એવી રીતે ધણી ધણિઆણી ના સોગન ખાવાને શરઅમા લેઆન કહે છે

ધણી ગુમ થઈ જાય તેનું બયાન

જેણીનો ધણી તદન એવો ગુમ થઈ ગયો હોય કે તે જીવતો છે કે મરી ગયો તેનો કઇ પતો મળતો ન હોય તો તે ઓરત પોતાનો નિકાહ કરી શક્તી નથી, કે રખેને આવી જાય જ્યારે રાહ જોતા જોતા એટલી મુદત વિતી જાય કે, ધણીની ઉમર નેવુ વરસની થઇ જાય તો હવે તે મરી ગયો એમ ગણાશે ત્યારે જો તે ઓરત હવે જુવાન હોય અને નિકાહ કરવા ચાહે તો (ઉપર મુજબ) નેવુ વરસ [ગણાયા] પછી ઇદ્દત પૂરી કરીને નિકાહ કરી શકે છે

ઈદ્દતનું બયાન

૧ મસઅલો. જ્યારે કોઇનો ધણી તલાક દઇ દીએ, અથવા ખોલઅ, કે ઇલા વિગેરે કોઈ પણ બીજી તરેહથી નિકાહ તુટી જાય અથવા ધણી મરી જાય તો એ તમામ હાલતોમા થોડા વખત સુધી ઓરતને એક ઘરમા રહેવુ પડે છે જ્યા સુધી એ મુદત પૂરી નહિ થઇ જાય ત્યા સુધી કોઇ બીજે ઠેકાણે તેણી જઇ શકતી નથી, તેમજ કોઇ બીજા મરદ સાથે નિકાહ પણ કરી શકતી નથી જ્યારે તે મુદત પૂરી થઇ જાય ત્યારે તેણી જે ચાહે તે કરી શકે છે, એ મુદત ગુજારવાને ઇદ્દત કહે છે,

૨ મસઅલો જો ધણીએ તલાક દઇ દીધી તો ત્રણ હેઝ આવે ત્યાસુધી ધણીનાજ ઘરમા જેમા તેણીને તલાક મળી છે ત્યાજ થોભી રહે તે ઘરથી બહાર નીકળે નહી, નહી દીવસે નીકળે અને નહી રાતના અને કોઇની સાથે નિકાહ પણ કરે નહિ જ્યારે પૂરા ત્રણ હેઝ આવી જાય ત્યારે ઇદ્દત પૂરી થઇ હવે મરજીમા આવે ત્યા જાય પછી મરદે ગમેતો એક તલાક દીધી હોય અથવા બે, કે ત્રણ તલાક દીધી હોય અને ગમેતો બાએન તલાક દીધી હોય અથવા રજઇ સૌનો એકજ હુકમ છે

૩ મસઅલો જો નાની ઉમરની છોકરીને તલાક મળી ગઇ કે જેને હૈઝ આવતુ નથી, અથવા એવી ઘરડી ડોશીને મળી કે તેણીને હવે હેઝ આવવુ બંધ થઇ ગયુ છે એ બને વાસ્તે ઈદ્દત ત્રણ મહિનાની છે ત્રણ મહિના થોભી રહે તે પછી અખત્યાર છે જે ચાહે તે કરે,

૪ મસઅલો કોઈ છોકરીને તલાક મળી ગઈ, તેણીએ મહિનાઓના હિસાબથી ઇદ્દત શરૂ કીધી, ફરી ઇદ્દત દરમ્યાનજ એક કે બે મહિના પછી હેઝ આવી ગયુ ત્યારે હવે પૂરા ત્રણ હેઝ આવી જાય ત્યા સુધી (ઘરમા) થોભેલી રહે જ્યા સુધી ત્રણ હેઝ પૂરા નહિ થાય ત્યા સુધી ઇદ્દત પૂરી થશે નહિ

૫ મસઅલો. જો કોઇ ઓરત (હમલવાળી (ગર્ભવતી) છે અને તેજ હાલતમા તેણીને તલાક મળી તો જ્યા સુધી બચ્ચુ પેદા થાય ત્યા સુધી થોભી રહે. એજ તેણીની ઇદ્દત છે. જ્યારે બચ્ચુ પેદા થઇ ગયુ ત્યારે ઇદ્દત પણ

પૂરી થઈ ગઇ તલાક મળી ગયા પછી જો થોડીજ વારમા બચ્ચુ પેદા થઇ જાય તો તેજ વખત તે ઇદ્દત પણ પૂરી થઈ જશે

૬ મસઅલો જો કોઇએ હેઝની હાલતમાં તલાક દીધી તો જે હેઝમા તલાક દીધી તે હેઝ ગણાશે નહિ, તેને છોડીને ત્રણ હેઝ પુરા કરે

૭ મસઅલો તલાકની ઇદ્દત તેજ ઓરત પર છે કે જેણીને સોહબત થયા પછી ત-લાક મળી હોય અથવા સોહબત તો હજી થઇ નથી પણ ધણી ધણીઆણી એકાતમા રહી ચુકયા ત્યાર પછી તલાક મળી પછી ગમેનો એવુ એકાત થયુ હોય કે જેથી પૂરી મેહેર દેવાડવામા આવે છે અથવા એવુ એકાત થયું હોય કે જેથી પૂરી મેહેર વાજેબ થતી નથી ગમેતેમ હોય પણ ઇદ્દતમા બેસવુ વાજેબ છે અને જો હજી તદન કોઇ તરેહનો તેઓ બંને વચ્ચે એકાત થયો ન હતો અને તલાક મળી ગઇ તો એવી ઓરતપર ઇદ્દત નથી જેમકે ઉપર બયાન થઇ ચુકયુ છે

૮ મસઅલો પારકી ઓરતને પોતાની સમજીને સોહબત કરી લીધી ફરી માલમ પડયુ કે એ મારી ઓરત નહોતી ત્યારે એ ઓરતને પણ ઇદ્દતમા બેસવુ પડશે જ્યા સુધી ઇદ્દત પૂરી નહિ થાય ત્યા સુધી પોતાના ધણીને પણ તે ઓરત સોહબત કરવા દીએ નહિ નહિતો બનેપર ગુનોહ થશે એની ઇદ્દત પણ એજ છે જે હમણા ઉપર બયાન થઇ જો તેજ દહાડે તેણીને ગર્ભ (હમલ) રહી ગયો તો બચ્ચુ પેદા થાય ત્યા સુધી રાહ જુએ અને ઇદ્દનમા બેશે અને તે બચ્ચુ હરામનું ગણાશે નહિ. તેનો વશ (નસબ) બરાબરજ રહેશે, જેણે ધોકો ખાઇને સોહબત કીધી હતી તેનુજ છોકરૂ ગણાશે

૯ મસઅલો કોઇએ ગેરકાયદે નિકાહ કીધા, જેમકે કોઇ ઓરત સાથે નિકાહ કીધા ફરી માલમ થયુ કે તેનો ધણી જીવતો છે, અને તેણીને હજી તલાક દીધી નથી અથવા માલુમ પડયુ કે એ ધણી ધણિઆણીએ નાનપણમા એકજ ઓરતનુ દૂધ પીધુ હતુ, એનો હુકમ એ છે કે જો મરદે તેણીની સાથે સોહબત કરી લીધી ફરી હાલ માલુમ પડયા પછી જુદાઈ કરવામાં આવી ત્યારે પણ ઇદ્દતમા બેસવુ પડશે. જે વખને મરદ તોબા કરીને જુદો થયો, તે વખતથીજ ઇદ્દત શરૂ થઈ ગઇ અને જો હજુ સોહબત નહિ થઈ હોય તો ઇદ્દત વાજેબ નથી પણ એવી ઓર-તની સાથે સારી રીતે એકાત થઇ ચુકયો ત્યારે પણ ઇદ્દત વાજેબ નથી ઇદ્દત ત્યારેજ છે કે જ્યારે સોહબત થઈ ચુકી હોય

૧૦ મસઅલો ઇદ્દતમા ખાણુ અને લુગડુ (ઓરતનુ) તેજ મરદ પર વાજેબ છે કે જેણે તલાક દીધી હોય અને તેનુ બયાન સારી રીતે આગળ આવે છે

૧૧ મસઅલો કોઇએ પોતાની ઓરતને બાએન તલાક દીધી અથવા ત્રણ તલાક દીધી ફરી ઇદ્દત દરમ્યાનજ ભૂલથી તેણીની સાથે સોહબત કરી લીધી ત્યારે હવે આ ભૂલથી સોહબત કરવાના સબબથી એક ઇદ્દત બીજી વાજેબ થઇ ગઇ હવે ત્રણ હેઝ, બીજા પૂરા કરે અને જ્યારે તે બીજા ત્રણ પૂરા થઈ જાય ત્યારે બને ઇદ્દતો પૂરી થઇ જશે

૧૨ મસઅલો મરદે બાએન તલાક દીધી અને જે ઘરમા તેણી ઇદ્દતમા બેઠી છે તેમાજ તે મરદ પણ રહે છે ત્યારે સારી રીતે પડદો બાધીને આડ કરી લીએ

મોતની ઇદ્દતનું બયાન.

૧ મસઅલો કોઇનો ધણી મરી ગયો, તો તેણી ચાર મહિના અને દશ દિવસ ઇદ્દતમા બેસે ધણી મરતી વખતે તેણી જે ઘરમા રહેતી હતી તેજ ઘરમા તેણીને રહેવુ જોઇએ બહાર નીકળવુ તેણીને દુરસ્ત નથી અલબત જો કોઇની ગરીબ હાલત હોય કે જેણીની પાસે પોતાના ગુજરાન જેટલો ખરચ નથી તેણીએ રાધવા વિગેરેની નોકરી કરી લીધી તો તેણીને બહાર જવુ દુરસ્ત છે. પણ રાત્રે પોતાના

ઘરમાજ રહ્યા કરે. પછી ભલે તો સોહબત થઇ ચુકી હોય અથવા નહિ થઇ હોય, અથવા ભલે તો કોઇ વરેહનો એકાત થયો હોય અથવા ન થયો હોય અને હેઝ આવતુ હોય અથવા નહિ આવતુ હોય સૌ નો એકજ હુકમ છે, કે ચાર મહિના અને દસ દહાડા ઇદ્દતમા બેસવુ જોઇએ પણ જો તે ઓરત ગર્ભવતી (હામેલા) હતી અને તેવી હાલતમાં ધણી મરી ગયો તો બચ્ચુ પેદા થાય ત્યા સુધી ઇદ્દતમા બેસે હવે મહિનાની ગણત્રીની કઇ જરૂર નથી જો તેના મરવા પછી બે ચાર કલાકમા પણ બચ્ચુ પેદા થઇ ગયુ ત્યારે પણ ઇદ્દત પૂરી થઇ ગઇ

૨ મસઅલો આખા ઘરમા જ્યા મરજીમા આવે ત્યા રહે ખાસ એક જગ્યા મુકર્રર કરીને રહેવાનો અને ગમજદહનુ બિછાનુ તેમ તે ગમવાળી ત્યાથી ખસવા પામતી નથી એવો જે દસ્તુર છે એ તદ્દન નકામો અને વ્યર્થ છે. એને છોડી દેવો જોઇએ

૩ મસઅલો. ધણી નાબાલેગ છોકરો હતો અને જ્યારે તે મરણ પામ્યો ત્યારે તેણીને ગર્ભ (હમલ) હતો, ત્યારે પણ તેણીની ઇદ્દત બચ્ચુ પેદા થાય ત્યા સુધીની છે. પણ એ છોકરૂં હરામનુ છે ધણીનુ કહેવાશે નહિ

૪ મસઅલો જો કોઇનો ધણી ચાંદની પહેલી તારીખે મરી ગયો અને ઓરતને હમલ (ગર્ભ) નથી, ચાંદને હિસાબે ચાર મહિના અને દશ દિવસ પૂરા કરે અને જો પેહલી તારીખે મર્યો નથી તો દરેક મહિને ત્રીશ દશ દહાડાનો ગણીને ચારમહિના અને દશ દિવસ પૂરા કરવા જોઇએ અને તલાકની ઇદ્દતનો પણ એજ હુકમ છે. કે જો હેઝ નહિ આવતુ હોય, અને તેમજ ગર્ભ (હમલ) પણ નહિ હોય અને ચાંદની પહેલી તારીખે તલાક મળી ગઇ તો ચાંદના હિસાબથી ત્રણ મહિના પૂરા કરી લે પછી એગણત્રીશો ચાંદ હોય કે ત્રીશો હોય અને જો પહેલી તારીખે તલાક નહિ મળેલી છે તો દરેક મહિનો ત્રીશ ત્રીશ દહાડાનો ગણીને ત્રણ મહિના ખલાસ કરે.

૫ મસઅલો કોઇએ ગેરકાયદે નિકાહ કીધા, જેમકે ગવાહો વગર નિકાહ કરી લીધો અથવા બનેવી સાથે નિકાહ થઇ ગયા અને તેણીની બેહેન હજી તે મરદના નિકાહમા છે ફરી તે ધણી મરી ગયો તો એવી ઓરત જેણીનો નિકાહ જાએઝ રીતે થયો નથી તેણી મરદના મરી જવાથી ચાર મહિના અને દશ દહાડા ઇદ્દતમા બેસે નહિ પણ ત્રણ હેઝ સુધી ઇદ્દતમાં બેસે હેઝ નહિ આવતુ હોય તો ત્રણ મહિના બેશે. ગર્ભવતી અને (હમલવાળી) હોય તો બચ્ચુ પેદા થાય ત્યા સુધી ઇદ્દતમા બેશે

૬ મસઅલો કોઇએ પોતાની બીમારીમા બાએન તલાક દઇ દીધી અને તલાકની ઇદ્દત હજી પૂરી થઇ નહોતી એટલામા તે મરદ મરી ગયો. ત્યારે જુઓ કે તલાકની ઇદ્દતના બેસવામા વધારે દહાડા લાગે છે અથવા મોતની ઇદ્દત પૂરી કરવામા જે ઇદ્દતમા વધારે દહાડા લાગે તે ઇદ્દત પૂરી કરે અને જો બીમારીની હાલતમા રજઇ તલાક દીધી હોય અને હજી તલાકની ઇદ્દત પૂરી થઈ નહોતી એટલામાં ધણી ગુજરી ગયો, તો એવી ઓરત પર મોતની ઇદ્દત વાજેબ છે

૭ મસઅલો કોઇનો ધણી મરી ગયો પણ તેણીને ખબર પડી નહિ ચાર મહિના અને દસ દહાડા ગુજરી ગયા પછી ખબર આવી તો તેણીની ઇદ્દત પૂરી થઈ ચુકી છે જ્યારે ખબર મળી ત્યારથી ઇદ્દતે બેસવાની જરૂર નથી એવીજ રીતે જો ધણીએ તલાક દીધી પણ તેણીને તલાકની ખબર પડી નહિ બહુ દહાડા પછી માલમ પડ્યુ અને જેટલા દહાડા તેણીને ઇદ્દતમા બેસવા જોઇતા હતા તેટલા દહાડા ખબર મળવા પહેલાજ વિતી ગયા તો તેણીની ઇદ્દત પણ પૂરી થઇ ગઈ હવે ઇદ્દતમા બેસવુ વાજેબ નથી

૮ મસઅલો. કોઇ કામને માટે ઘરથી બહાર ગઈ હતી અથવા પોતાની પાડોસણને ઘેર ગઈ

હતી અને એટલામા તેણીનો ધણી મરી ગયો તો હવે તરતજ ત્યાથી ચાલી આવે અને જે ઘરમા રહેતી હતી તેમાજ રહે

૯ મસઅલો મરવાની ઇદ્દતમા ઓરતને ખાવાનો અને લુગડાનો ખર્ચો દેવાડવામાં આવશે નહિ પોતાની પાસેથી તેણી ખરચ કરે

૧૦ મસઅલો કેટલેક ઠેકાણે એવો દસ્તુર છે કે ધણીના ગુજરી ગયા પછી એક વરસ સુધી ઇદ્દતની પેઠે ઓરતો બેસી રહે છે, એ તદન હરામ છે

સોગ (શોક) કરવાનું બયાન

૧ મસઅલો જે ઓરતને રજઇ તલાક મળી હોય તેણીની ઇદ્દતતો ફકત એજ છે કે તેટલા દહાડા ઘરથી બહાર જાય નહિ તેમજ કોઇ મરદ સાથે નિકાહ કરે નહિ, અને તેણીને શણગાર વિગેરે કરવુ દુરસ્ત છે અને જેણીને ત્રણ તલાક મળી હોય અથવા બીજી રીતે નિકાહ તુટી ગયા હોય, અથવા ધણી મરી ગયો હોય તો એ સૌ હાલતોને વાસ્તે એ હુકમ છે કે જ્યા સુધી ઇદ્દતમા રહે ત્યા સુધી ઘરથી બહાર નીકળે નહિ, તેમજ પોતાનો બીજો નિકાહ કરે નહિ, અને કોઇ તરેહનો શણગાર પણ કરે નહિ એ સૌ કામો તેણીને વાસ્તે હરામ છે એવી રીતે શણગાર નહિ કરવાને અને એવી રીતે મેલી રહેવાને સોગ (શોક) કહે છે

૨ મસઅલો જ્યા સુધી ઇદ્દત પૂરી નહિ થાય ત્યા સુધી ખુશબો લગાડવી લુગડાઓને અત્તર વિગેરેથી સુગંધી બનાવવા, ઘરેણુ પહેરવુ, [1]ફુલો પેહેરવા, સુર્મો લગાડવો, પાન ખાઇને મો લાલ બનાવવુ, મિસ્સી લગાડવી, માથામા તેલ ન ખવુ, કાસકીથી ઓળવુ, મ્હેદી ચોપડવી, સાગ લુગડા પહેરવા રેશમી તથા રંગેલા ભપકાદાર લુગડા પેહેરવા એ સૌ કામો તેણીને હરામ છે અલબત જો લુગડા ભપકાદાર નહોય તો જાએઝ છે ગમે તેવો રંગ હોય. મતલબ એ છે કે શણગાર જણાય તેવુ લુગડુ નહોય.

૩ મસઅલો માથામા દરદ થવાથી જો તેલ નાખવાની જરૂર પડે તો જે તેલમા ખુશબો નહોય તે તેલ નાંખવુ દુરસ્ત છે. તેવીજ રીતે દવા તરીકે સુર્મો લગાડવો પણ જરૂરની વખતે જાએઝ છે. પણ રાતના લગાડે અને દિવસની વખતે લુછી નાંખે જરૂરની વખતે કાસકીથી ઓળવુ પણ દુરસ્ત છે જેમકે કોઇએ માથુ ચોળ્યુ, અથવા માથામા જૂ પાકી પણ બને તરફ સફાઇથી પટ્ટીઓ પાડે નહિ તેમજ ઘણુંક બારીક કાસકીથી ઓળે નહિ, જેથી વાળ ચિકણા થઇ જાય છે પણ મોટા અને જાડા દાતાવાળી કાસકીથી ઓળે કે જેથી ખૂબસૂરતી આવવા પામે નહિ

૪ મસઅલો શોક કરવો તેજ ઓરત પર વાજેબ છે જેણી બાલેગ હોય નાબાલેગ છોકરી પર વાજેબ નથી તેણીને મજકુર (મનાઇ કીધેલી) સૌ ચીજો દુરસ્ત છે પણ ઘરથી બહાર જવુ અને બીજો નિકાહ કરવો તેને પણ દુરસ્ત નથી

૫ મસઅલો જેણીનો નિકાહ દુરસ્ત રીતે થયો નહોતો અને તે નિકાહ તોડી નાખવામા આવ્યો અથવા ધણી ગુજરી ગયો તો એવી ઓરતપર શોક કરવો વાજેબી નથી

૬ મસઅલો ધણી સિવાય કોઈ બીજા (સગા વ્હાલા)ના મરવાપર શોક કરવો દુરસ્ત નથી અલબત જો ધણી મનાઈ નહિ કરે તો પોતાના સગા વ્હાલાઓના મરવાપર પણ ત્રણ દહાડા સુધી શણગાર છોડી દેવુ દુરસ્ત છે એથી વધારે તદન હરામ છે અને જો ધણી ના પાડે તો ત્રણ દિવસને માટે પણ છોડે નહિ [2]

---

[1] રાદેર તેમ રાદેરની આસપાસમા રિવાજ છે કે સોગવાળી સઘળુ ઘરેણું કહાડે છે પણ સોનાની ચુડી રહેવા દે છે, એઘણુ બુરૂ છે ચુડી પણ કાઢવી વાજેબ છે ગુ. મો

[2] અને કેટલાક લોકોમા મરદો પણ શોક કરે છે એ દુરસ્ત નથી અને કેટલાક લોકો શોક જાહેર કરવા ખાસ કપડા કે ખાસ રંગનો ફેંટો પેહેરે છે કાગળ પત્ર ઉપર કાળી બોર્ડર કે લીટા પાડે છે એ કાફેરોની રસમો છે એને તજવી જોઈએ ગુ મો

ખોરાકી પોશાકીનુ બયાન

૧ મસઅલો ઓરતનો ખાવાનો પહેરવાનો ખરચો મરદપર વાજેબ છે પછી ઓરત ગમે તેટલી માલદાર કેમ નહોય પણ ખરચો મરદનેજ માથે છે, અને રહેવા વાસ્તે મકાન દેવુ પણ મરદને માથે છે.

૨ મસઅલો નિકાહ થઇ ગયા પણ ઓરત ધણીને ઘેર ગઇ નથી, ત્યારે પણ ખોરાકી પોશાકીની તે દાવેદાર થઇ શકે છે, પણ જો ધણીએ તેડુ મોકલ્યુ પણ તેણીને મોકલવામા આવી નહિ, તો ખોરાકી પોશાકીની તેણી હકદાર નથી

૩ મસઅલો ઓરત એટલી નાની ઉમરની છે કે જેણી સાથે સોહબત થઇ શકે તેમ નથી ત્યારે જો ધણીએ ઘરના કામકાજ સારૂ અથવા પોતાનુ દિલ ખુશ કરવા વાસ્તે તેણીને પોતાને ઘેર રાખી તો તેણીની ખોરાકી પોશાકી મરદપર વાજેબ છે, અને જો પોતાને ઘેર નહિ રાખે અને તેણીને પીએરમા મોકલી દીએ તો (ખોરાકી પોશાકી તેનાપર) વાજેબ નથી અને જો ધણી નાની ઉમરનો નાબાલેગ હોય પણ ઓરત મોટી ઉમરની હોય તો ખોરાકી પોશાકી તેણીને મળશે

૪ મસઅલો જેટલી મેહેર પેહલાથી દેવાનો રિવાજ છે તેટલી મેહેર ધણીએ દીધી નહી અને તેથી કરીને તેણી તેને ઘેર જતી નથી ત્યારે તેણીને ખોરાકી પોશાકી દેવાડવામા આવશે અને જો એમજ વગર કારણે ધણીને ઘેર નહિ જતી હોય તો, ખોરાકી પોશાકી લેવાની તેણી હકદાર નથી જ્યારે તેણી જશે ત્યારથીજ દેવાડવામા આવશે.

૫ મસઅલો. જેટલી મુદત ધણીની રજાથી પોતાના પીએરમા રહે તેટલા દહાડાની ખોરાકી પોશાકી પણ ધણી પાસેથી તેણી લઈ શકે છે.

૬ મસઅલો ઓરત માદી પડી તો માંદગીની મુદતની ખોરાકી પોશાકી લેવાની તેણી હકદાર છે પછી ગમેતો તે ધણીને ઘેર માદી રહે અથવા પોતાના પીએરમા પણ જો માંદગીની હાલતમા ધણીએ તેણીને તેડી છતા તે નહિ આવી તો હવે ખોરાકી પોશાકીનુ તેણીનુ હક્ક જતુ રહ્યુ અને માદગીની હાલતમા ફક્ત ખોરાકી પોશાકીનો ખર્ચો તેણીને મળશે હકીમ વૈદની દવા ઇલાજ વગેરેનો ખર્ચો ધણીપર વાજેબ નથી. તેણી પોતાની પાસેથી ખરચે અને જો ધણી દીએ તો એ તેનો ઉપકાર છે.

૭ મસઅલો ઓરત હજ પઢવા ગઇ તો તેટલી મુદતની ખોરાકી પોશાકી ધણીને માથે નથી અલબત જો ધણી પણ સાથે હોય તો તેટલા વખતનો ખર્ચો પણ તેણીને મળશે. પણ ખોરાકી પોશાકીનો જેટલો ખરચો તેણીને ઘરમા મળતો હતો તેટલોજ મેળવવાની તેણી હકદાર છે, એથી ઉપ્રાત જે વધારે ખર્ચો. પડે તે તેણી પોતાની પાસેથી ખર્ચે. અને રેલ ખર્ચો તેમજ આગબોટ વિગેરેનો ખર્ચો પણ મરદને માથે નથી

૮ મસઅલો. ખોરાકી પોશાકીમા ધણી ધણિઆણી બંનેની સભાળ રાખવામા આવશે જો બંને માલદાર હોય તો અમીરી ખોરાકી પોશાકી દેવામા આવશે. અને જો બેઉ ગરીબ હોય તો ગરીબી હાલત મુજબ મળશે અને જો ધણી ગરીબ હોય અને ઓરત પૈસાવાળી હોય અથવા ઓરત ગરીબ હોય અને મરદ અમીર હોય તો ખોરાકી પોશાકી એવી દીએ કે અમીરાઇથી ઓછી હોય અને ગરીબાઇથી વધારે હોય

૯ મસઅલો. ઓરત એવી માદી છે કે ઘરનુ કામકાજ કરી શકતી નથી. અથવા એવા કુટુબની છે કે પોતાને હાથે રાધવા દળવા અને છડવાના કામ કરતી નથી એટલુંજ નહીં પણ તેને કલક સમજે છે તો તૈયાર રાધેલુ ખાણું તેણીને દેવુ પડશે. અને જો બંને વાતોમાથી

કોઈ વાત નહોય તો ઘરના સૌ કામ પોતાને હાથે કરવાં તેણીપર વાજેબ છે એ સૌ કામો તેણી પોતે કરે. મરદને માથે ફક્ત એટલુજ કે ચૂલો, ઘંટી, કાચુ અનાજ બાળવાના લાકડા, ખાવા પીવાના વાસણ વિગેરે લાવી દીએ તેણી પોતાને હાથે રાંધે અને ખાય

૧૦ મસઅલો તેલ, કાસકી, સાબુ, વઝુ અને ન્હાવાનુ પાણી મરદને માથે છે અને સુર્મો મિસ્સી, પાન તમાકુ મરદપર પુરા પાડવા વાજેબ નથી ધોબીની ધોવડામણી મરદને માથે નથી તેણી પોતાને હાથે ધુએ અને પહેરે અને જો ધણી દીએ તો તેનો ઉપકાર છે

૧૧ મસઅલો. જણાવનારી દાયણની મજુરી જે બોલાવે તેને માથે છે ધણીએ બોલાવી હોય તો ધણીપર અને ઓરતે બોલાવી હોય તો તેણીને માથે છે, અને જો બંનેમાથી એકના પણ બો લાવ્યા વગર જો દાયણ આવી હોય તો ધણીએ મજુરી આપવી જોઇએ

૧૨ મસઅલો ખોરાકી પોશાકીના ખર્ચો એક વરસનો અથવા તેથી કઇ વધારે કે ઓછી મુદતનો આગળથી દઈ દીધો તો હવે ધણી તેમાથી કઇ પાછુ લઇ શકતો નથી

રહેવા વાસ્તે-ઘર મળવાનું બયાન

૧ મસઅલો ધણીને માથે એ પણ વાજેબ છે કે ઓરતના રહેવા વાસ્તે કોઇ એવી જગ્યા દીએ કે જેમા ધણીનુ કોઇ સગુ રહેતુ નહોય તદન એકાત હોય કે જેથી ધણી ધણિઆણી તદન કોઇપણ રોકાણ વગર રહી શકે પણ જો ઓરત પોતે સૌની સાથે રહેવા કબુલ રાખે તો બધાની સાથે પણ તેણીને રાખવી દુરસ્ત છે

૨ મસઅલો ઘરમાનો એક ભાગ તેણીને જુદો આપે કે જેમા પોતાનો સરસામાન તેણી સારી રીતે રાખે, અને તેણી પોતે તેમા રહી શકે, અને તે ઓરડીના તાળાની કુંચી તેણી પોતાની પાસે રાખે કોઇ બીજાનુ તેમાં સંબંધ રહે નહિ ફક્ત ઓરતનાજ કબજામા તે રહે. ત્યારે બસ તેણીનુ હક અદા થઇ ગયુ. ઓરતને હવે એથી વધારે દાવો કરવાનુ કઇ હક નથી અને તેણી એમ કહી શકતી નથી કે પૂરૂ ઘર મને સોપી દીએ

૩ મસઅલો જેવી રીતે જુદુ ઘર માગવાનુ ઓરતને હક છે. કે જેમા ધણીનુ કોઈ સગું રહેવા પામે નહિ, ફકત ઓરતનાજ કબજામા રહે, તેમ ધણીને પણ અખત્યાર છે કે જે ઘરમા ઓરત રહેતી હોય ત્યા તેણીના સગાઓને પણ આવવા નહિ દે પછી તે મા હોય, બાપ હોય, ભાઈ હોય અથવા બીજુ સગુ હોય

૪ મસઅલો ઓરત પોતાના માબાપને જોવા વાસ્તે અઠવાડીયામા એક વખત જઇ શકે છે, અને માબાપ સિવાય બીજા સગા વ્હાલાઓને વાસ્તે વરસે એક વખત એથી વધારેનો તેણીને અખત્યાર નથી તેમજ તેણીના માબાપ પણ અઠવાડીયામા એક વખત અહી આવી શકે છે, ધણીને અખત્યાર છે કે એથી વધુ જલદી જલદી તેઓને આવવા નહિ દે અને માબાપ સિવાય બીજા સગાવ્હાલા વરસમા એક વખત આવી શકે છે એથી વધારે વખત આવવાનો તેઓને અખત્યાર નથી તેમજ ધણીને અખત્યાર છે કે વધારે વાર તેઓને થોભવા (દીએ અથવા) નહિ દીએ પછી તેઓ (ઓરતના) માબાપ હોય કે કોઇ બીજા સગા હોય. અને યાદ રાખવુ કે (મઝકુર મસઅલાઓમાં) સગા વ્હાલાઓથી મતલબ તે લોકો છે જેઓની સાથે નિકાહ હમેશને વાસ્તે હરામ છે, અને જેઓ એવા ન હોય (એટલે જેઓની સાથે નિકાહ થઈ શકતા હોય તો) તેવા સગાઓ અને પારકા માણસોનો શરેઅ શરીફમા એકજ હુકમ છે

૫ મસઅલો જો બાપ ઘણોજ માંદો હોય કે તેની સારવાર કરનારૂ કોઇ નથી તો જરૂર જોવુ (ઓરત) દરરોજ ત્યા જાય, જો તેણીનો બાપ કાફેર બેદીન હોય ત્યારે પણ એજ હુકમ છે. એટલુજ નહિ પણ ધણી જો

મનાઈ કરે તો પણ જવુ જોઇએ પણ ધણીના મના કીધા પછી જો તેણી જશે તો ખોરાકી પોશાકીનુ તેણીનુ હક્ક જતુ રહેશે

૬ મસઅલો, પારકા લોકોને ત્યા જવુ નહિ જોઇએ જો લગ્ન શાદી વિગેરેની મજલેસમા ધણી રજા દીએ ત્યારે પણ તેણીને જવુ જાએઝ નથી, જો ધણી ત્યા જવા રજા દેશે તો તે ગુનેહગાર થશે એટલુજ નહિ પણ એવી મિજલસો થતી હોય ત્યારે પોતાના મહરમ (જેણી સાથે નિકાહ થઇ શકતા નહોય તેવા) સગાને ત્યા જવુ પણ દુરસ્ત નથી *

૭ મસઅલો, જે ઓરતને તલાક મળી ગઇ તેણી પણ ઇદ્દતમા બેસે ત્યા સુધીની ખોરાકી પોશાકી તથા રહેવાનુ ઘર લેવાની હકદાર છે, અલબત જેણીનો ધણી ગુજરી ગયો હોય તેણીને ખોરાકી પોશાકી અને ઘર મળી શકતુ નથી પણ તેણીને સૌ ચીજોમા વારસો મળશે

૮ મસઅલો જો નિકાહ ઓરતનાજ કઇ ભુડા કામોથી તુટયો જેમકે તેણીના સાવકા છોકરા સાથે ખરાબ થઈ, અથવા જૂવાનીના જુસ્સાથી ફકત તેને હાથ લગાડયો બીજુ કઇ થયુ નહિ પણ તેથી કરીને ધણીએ તલાક દીધી અથવા તેણી બેદીન મુરતદ થઇ ઇસલામી દીનથી ફરી ગઇ, અને તેથી કરીને નિકાહ તુટી ગયો, તો એ સૌ હાલતોમા ઇદ્દતની મુદતની ખોરાકી પોશાકી તેણીને મળશે નહિ પણ રહેવાનુ ઘર મળશે પણ જો તેણી પોતે ચાલી જાય (અને આપેલા ઘરમા નહિ રહેવા માગે) તો એ જુદી વાત છે ફરી દેવામા આવશે નહિ

* હઝરત નબી (સલ)ના નેક ઝમાનામા અગરજો આપે (સલ) સહાબા (રદી)ની ઓરતોને શાદી વિગેરેની ખુશાલીની મિજલસોમા જવા દીધી છે એમ હદીસોથી સાબેત છે પણ આ વખતની એવી ખુશાલીની મિજલસોમા શરીઅતમા હરામ થયલા ઘણા ખરા કામો લોકો કર્યા વિના રહેતા નથી તેથી કરીને ઉપલા મસઅલામા ત્યા જવાની મના બયાન થઇ છે.

છોકરાના હલાલી થવાનુ બયાન.

૧ મસઅલો જ્યારે કોઇ ધણીવાળી સ્ત્રીને ઓલાદ થશે તો તે ઓલદ તેજ ધણીની કહેવાશે કોઈ તરેહના વ્હેમને લીધે એમ કહેવુ કે એ છોકરૂ તેણીના ધણીનુ નથી પણ ફલાણાનુ છે, દુરસ્ત નથી અને તે છોકરાને હરામનુ કહેવુ પણ જાએઝ નથી જો ઇસલામી રાજ્ય હોય તો એવુ કહેનારને ફટકા મારવામા આવે

૨ મસઅલો ગર્ભ (હમલ) ની મુદત ઓછામા ઓછી છ મહિના છે અને વધારેમા વધારે બે વરસ, એટલુ બચ્ચુ ઓછામા ઓછુ છ મહિના પેટમા રહે છે ફરી પેદા થાય છે છ મહિના પેહલા પેદા થતુ નથી અને વધારેમા વધારે બે વરસ પેટમા રહી શકે છે. એથી વધારે રહી શકતુ નથી

૩ મસઅલો શરીઅતનો કાયદો છે કે બને ત્યા સુધી છોકરો હરામનો કહેવાશે નહિ જ્યારે તદન લાચારી થઇ જાય ત્યારેજ હરામનો છે એમ હુકમ ઠેરવાશે, અને ઓરતને ગુનેહગાર ઠેરવાશે

૪ મસઅલો કોઇએ પોતાની ઓરતને રજઇ તલાક દીધી ફરી બે વરસની મુદત અંદર તેણીને છોકરૂ પેદા થયુ તો છોકરૂ તેજ ધણીનુ છે તેને હરામનુ કહેવુ દુરસ્ત નથી શરીઅતમા તેનો વંશ બરાબર અને સારો છે જો બે વરસમા એક દહાડો પણ ઓછો હોય તો પણ એજ હુકમ છે અને તે વખતે એમ સમજીશુ કે તલાક થઇ તે પેહલાનો ગર્ભ છે, અને બે વર્ષ સુધી બચ્ચુ પેટમા રહ્યુ અને હવે બચ્ચુ અવતર્યા પછી તેની ઇદ્દત પુરી થઇ, અને નિકાહથી દૂર થઇ પણ જો તે ઓરતે તેણીને બચ્ચુ પેદા થાય તે પેહલાજ પોતેજ કબુલ કીધુ હોય કે મારી મુદ્દત પુરી થઇ ચુકી, ત્યારે તો લાચારી છે હવે એ છોકરૂ હરામી છે. પણ એવી ઓરતને જો બે વરસ પછી છોકરૂ પેદા થયુ, અને હજી સુધી ઓરતે પોતાની ઇદ્દત પુરી

થવાનો એકરાર કીધો નથી ત્યારે તો તે છોકરૂં તેજ ધણીનુ છે, પછી ગમે તેટલા વરસે પેદા થયુ હોય અને તેને એમ સમજીશુ કે તલાક દીધા પછી ઇદ્દતમા સોહબત કીધી હતી અને તલાક તોડી નાખી હતી તેથી કરીને તે ઓરત છોકરૂ પેદા થયા પછી પણ તેનીજ ઓરત છે અને બનેનો નિકાહ તુટયો નથી જો ધણીનુ છોકરૂ ન હોય તો તે કહી દે કે મારૂ નથી અને જ્યારે એવો ઇનકાર કરશે તો તેનાપર લેઆનનો હુકમ લાગુ પડશે

૫ મસઅલો જો બાએન તલાક દીધી તો તેનો હુકમ એ છે કે જો બે વરસ દરમ્યાન પેદા થયુ હોય ત્યારે તો તેજ ધણીનુ છોકરૂ છે અને જો બે વરસ પછી પેદા થયુ હોય તો તે છોકરૂ હરામી છે પણ બે વરસ પછી તે પેદા થયુ અને તે છતા ધણી જો દાવો કરે કે તે છોકરૂ મારૂ છે તો તે હરામી નથી, અને ઇદ્દતની અદર ભૂલથી સોહબત કરી લાધી હશે અને તેથી ગર્ભ (હમલ) રહી ગયો હશે એમ ગણીશુ

૬ મસઅલો જો નાબાલેગ છોકરીને તલાક મળી ગઇ જે હજી જુવાન થઇ નથી પણ જુવાનીને લગભગ પહોચી ગઇ છે ફરી તલાક થઇ ગયા પછી નવ મહિના પૂરા થયા બાદ છોકરૂ પેદા થયુ તો તે હરામી છે અને જો નવ મહીના કરતા ઓછી મુદતમા પેદા થયુ હોય તો ધણીનુ છે અલબત જો તે છોકરી ઇદ્દતમા હોય એટલે ત્રણ મહીના પેહલા એકરાર કરી લીએ કે મને ગર્ભ (હમલ) છે તો તે છોકરૂ હરામી નથી બે વરસની અદર પેદા થવાથી બાપનુજ ગણાશે

૭ મસઅલો કોઇનો ધણી મરી ગયો ત્યારે તે મરી ગયો તે વખતથી બે વરસની અદર છોકરૂં પેદા થાય તો તે હરામી નથી પણ ધણીનુંજ છોકરૂ છે. પણ જો તે ઓરત પોતાની ઇદ્દત પૂરી થવાનો એકરાર કરી ચુકી હોય તો નાચારી છે હવે તેને હરામી કહેવામા આવશે, અને જો બે વરસ પછી પેદા થાય ત્યારે પણ હરામી (વર્ણસંકર) છે

ચેતવણી. એ મસઅલાઓ ઉપરથી જણાઇ ગયુ કે બેઇલમ નાદાન લોકોના જે ટેવ છે કે જો કોઇના મર્યા પછી નવ મહીના કરતા એક કે બે મહિના પણ વધુ વિતિને છોકરૂ પેદા થયુ હોય તો તે છોકરાની માને ખરાબ ચાલની સમજે છે એ મોટો ગુનોહ છે

૮ મસઅલો નિકાહ થયા પછી છ મહિનાની મુદત અદર જો છોકરૂ પેદા થયુ તો તે હરામી છે. અને જો પૂરા છ મહિના થયા પછી અથવા એથી વધારે મુદત પછી અવતર્યું તો તે છોકરૂં ધણીનુ ગણાશે. એવા છોકરા ઉપર શક કરવો ગુનોહ છે પણ જો ધણી પોતે ઇનકાર કરે અને કહે છે કે એ મારૂ છોકરૂ નથી, તો તેના ઉપર લેઆનનો હુકમ કરવામાં આવશે (જેનુ બયાન ઉપર થઇ ગયુ)

૯ મસઅલો નિકાહ થઇ ગયો પણ હજી ધણીને ઘેર ઓરતને મોકલવામા આવી નહોતી કે એટલામા તેણીને છોકરૂ પેદા થયુ ત્યારે તે છોકરૂ તેજ ધણીનુ છે, હરામી નથી અને તે છોકરાને હરામી કહેવુ દુરસ્ત નથી જો ધણીનુ નહિ હોય તો ધણી ઇનકાર કરે અને ઇનિકાર કરવાથી લેઆનનો હુકમ તેના પર જારી થશે

૧૦ મસઅલો ધણી પરદેશમા છે અને મુદત ઘણી વિતી ગઇ અને વરસો ગુજરી ગયા કે તે ઘેર આવ્યો નથી અને તે દરમ્યાન તેના ઘરમા છોકરૂ પેદા થયુ, ત્યારે પણ તે છોકરૂ હરામી નથી તેજ ધણીનુ છે અલબત એ વાતની ખબર થયા પછી જો તે ધણી નકાર કરે તો લેઆનનો હુકમ તેનાપર જારી થશે.

ઓલાદનુ પોશાણુ કરવાનુ બયાન.

૧ મસઅલો ધણી ધણિઆણીમા જુદાઇ થઇ ગઇ, અને તલાક મળી ગઇ, અને ધણિઆણી પાસે એક છોકરૂ છે તો તે છોકરાને પાળીને ઉછેરવાનુ હક્ક માનુ છે (બાપનુ નથી) બાપ તેને તેણીની પાસેથી છીનવી શકતો નથી પણ છોકરાની ખોરાકી પોશાકીનો ખર્ચો બાપનેજ દેવો પડશે અને જો મા પોતે તેને ઉછેરે નહિ, પણ બાપને સોપી દીએ તો બાપને તે છોકરાને લેવુ પડશે પોતાની ઓરતને જોર જુલમથી દઇ શકતો નથી

૨ મસઅલો જો મા (જીવતી) નહોય અથવા હોય પણ તેણીએ બચ્ચાને લેવા વાસ્તે ના પાડી તો તેને પાળવાનુ હક્ક નાનીનુ અને નાનીની માનુ છે અને તે પછી દાદી અને દાદાની માનુ છે જો તેઓમાથી કોઇ નહોય તો તે બચ્ચાની બેહેનોનુ હક્ક છે, કે તેઓ તે બચ્ચાને ઉછેરે જો સગી બેહેનો ન હોય તો સાવકી બેહેનોનુ હક્ક છે પણ જે બેહેનો એવી હોય કે તેઓની અને આ બચ્ચાની મા એકજ છે (અને બાપ જુદો છે) તો તેઓનો, તે બેહેનો કરતા કે જેઓનો અને આ બચ્ચાનો બાપ એકજ છે (અને મા જુદી છે) ઉછેરવામા હક્ક પેહલુ છે તેઓ પછી માશીનુ અને તેણી પછી ફૂઇનુ હક્ક છે

૩ મસઅલો જો માએ કોઇ એવા મરદ સાથે નિકાહ કરી લીધો કે જે મરદ બચ્ચાનો મહરમ સગો નથી એટલે તે સગપણના હમેશને વાસ્તે નિકાહ હરામ થતા નથી, તો હવે તે બચ્ચાને ઉછેરવાનુ હક્ક (માને વાસ્તે) રહ્યુ નથી. અલબત જો તેજ બચ્ચાના કોઇ એવા સગા જોડે નિકાહ કીધો કે જે સગપણમા નિકાહ દુરૂસ્ત થતા નથી, જેમકે તે બચ્ચાના કાકા સાથે નિકાહ કીધો અથવા એવુ જ કોઇ બીજુ સગપણ હોય તો માનુ (ઉછેરવાનુ) હક્ક બાકી છે. મા સિવાય કોઇ બીજી ઓરત જેવી કે, માશી, બેહેન વિગેરે જો કોઇ પારકા મરદ સાથે નિકાહ કરી લીએ તો (બચ્ચાને પરવરેશ કરવા વિષે) તેણી વાસ્તે પણ એજ હુકમ છે કે હવે તે બચ્ચાને ઉછેરવાનુ હક્ક તેણીનુ જતુ રહ્યુ

૪ મસઅલો પારકા મરદ સાથે નિકાહ કરવાથી (ઉછેરવાનું) હક્ક તેણીનુ જતુ રહ્યું હતું પણ પછીથી તે મરદે તેણીને તલાક દીધી અથવા તે મરી ગયો તો હવે પાછી તેણી હકદાર થશે અને બચ્ચુ તેણીને સોપવામા આવશે.

૫ મસઅલો બચ્ચાના સગાઓમાથી કોઇ ઓરત જો બચ્ચાને પાળીને મોટુ કરવા વાસ્તે મળી નહી આવે તો હવે સૌથી વધારે હકદાર તેને ઉછેરવાને વાસ્તે બાપ છે, પછી દાદો વિગેરે, એક પછી એક તેવીજ રીતે કે જેમ અમે નિકાહના વલી બનવા વિષેના બયાનમા ઉપર લખી ગયા છીએ પણ જો તે સગુ નામહરમ હોય અને બચ્ચાને તેને સોપવામા આગળ જતા કઇ નુકસાનીની બીક હોય તો એવી હાલતમા તે બચ્ચાને એવા માણસને સોપવામા આવશે કે જે ઠેકાણે સોપવાથી દરેક બાબતનો સતોષ હોય.

૬ મસઅલો છોકરો જ્યા સુધી સાત વરસની ઉમરનો નહિ થાય ત્યા સુધી તેની પરવરિશીનું હક્ક (હકદારને) રહે છે જ્યારે સાત વરસનો થઇ ગયો ત્યારે હવે બાપ તેને જોર જુલમથી પણ લઇ શકે છે અને છોકરીને ઉછેરવાનુ હક્ક (હકદારને) નવ વરસ સુધી છે જ્યારે તેણી નવ વરસની થઇ ગઇ ત્યારે બાપ તેણીને લઇ શકે છે હવે (તેણીને જેણે ઉછેરી હોય તેને) તેણીને રોકી રાખાવાનુ હક્ક નથી.

(ઓરત ઉપર) ધણીના હકોનું બયાન

અલ્લાહ તઆલાએ ધણીનુ મોટુ હક્ક (ઓરતપર) રાખ્યુ છે અને બહુ મોટી બુઝુર્ગી (મોટાઇ) દીધી છે, (તેથી કરીને) ધણીને રાજી અને ખુશ રાખવો મોટી ઇબાદત છે, અને

તેને નાખુશ અને નારાજ કરવો મોટો ગુનાહ છે

હઝરત રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યુ છે કે "જે ઓરત પાચ વખતની નમાઝ પઢયા કરે અને રમઝાન મહિનાના રોઝા રાખે અને પોતાની આબરૂને બચાવે એટલે પવિત્રતા (પાક દામન) રહે અને પોતાના ધણીની તાબેદાર છે અને દરેક (એવા) હુકમને (કે જે શરીઅતથી ઉલટો નહોય) માને તો તેણીને અખત્યાર છે કે જે બારણાથી ચાહે તે બારણાથી જન્નતમા દાખલ થાય " મતલબ એ કે જન્નતના આઠે બારણાઓમાથી જે બારણાથી તેણીના મનમા આવે જન્નતમા વગર આચકે ચાલી જાય અને હઝરત નબી (સલ) એ ફરમાવ્યુ છે કે "જે ઓરતની મોત એવી હાલતમા થાય કે તેણીનો ધણી તેણીથી રાજી હોય તો તે ઓરત જન્નતી છે " અને હઝરત રસૂલે ખુદાએ (સલ) ફરમાવ્યુ છે કે "જો હુ ખુદા સિવાય કોઇ બીજાને સિજદો કરવાનો હુકમ આપત તો ઓરતને જરૂર હુકમ આપત કે પોતાના ધણીને સિજદો કરે જો ધણી પોતાની ઓરતને હુકમ દીએ કે આ પહાડના પથ્થરને ઉઠાવીને બીજા પહાડ સુધી લઇ જાય અને તે પહાડના પથ્થરને ઉઠાવીને ત્રીજા પહાડ સુધી લઈ જાય તો તેણીને તેમજ કરવુ જોઇએ " અને હઝરત રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યુ છે કે "જ્યારે ધણી પોતાની ઓરતને પોતાના કામ સારૂ બોલાવે ત્યારે જરૂર તેણી તેની પાસે જાય જો ચુલા પાસે બેઠા હોય ત્યારે પણ પોતાનુ તે કામ છોડીને તેની પાસે જાય " મતલબ એ છે કે ગમે તેવા જરૂરના કામમા રોકાયલી હોય તે સૌ કામને પડતુ મુકીને તેની પાસે આવે અને હઝરતે (સલ) ફરમાવ્યુ છે કે " જ્યારે કોઇએ પોતાની ઓરતને પોતાની પાસે સૂવા બોલાવી અને તેણી આવી નહિ પછી તે મરદ તેમજ ગુસ્સામા સુઇ રહયો ત્યારે સવાર સુધી સૌ ફરિશ્તાઓ તે ઓરતપર લઅનત કર્યા કરે છે " અને હઝરતે (સલ) ફરમાવ્યુ છે કે " જ્યારે કોઇ ઓરત પોતાના ધણીને દુન્યામા સતાવે છે, ત્યારે કેયામત પછી જે હુર તેણી ધણિઆણી થવાની છે તેણી કહે છે કે " ખુદા તારો નાશ કરે, તુ તેને દુખ નહિ દે, એ મરદ તો તારી પાસે પરોણો છે થોડાજ દહાડામા તને છોડીને અમારી પાસે આવી જશે" અને હઝરતે (સ૦) ફરમાવ્યુ છે કે "ત્રણ તરેહના માણસો એવા છે કે જેઓની નહિ કોઇ નમાઝ (અલ્લાહ પાકની જનાબમા) કબુલ થાય, નહિ કોઇ નેકી મનજૂર રાખવામા આવે એકતો લોડી અથવા ગુલામ કે જે પોતાના માલેક પાસેથી ન્હાસી જાય બીજી તે ઓરત કે જેણીનો ધણી તેણીથી નાખુશ રહે અને ત્રીજુ તે માણસ કે જે નિશો પીને બેભાન (મસ્ત) હોય." કોઇ માણસે હઝરત (સ૦)ને પૂછયુ કે સૌથી સારી ઓરત કોણછે? ત્યારે આપે (સલ) ફરમાવ્યુ કે "તે ઓરત (સૌથી સારી છે) કે જ્યારે તેનો ધણી તેની તરફ જુએ ત્યારે તેને ખુશ કરી દીએ અને જ્યારે કઇ કહે ત્યારે તેનો હુકમ માને અને પોતાની જાન અને માલમા કઇ પણ તેના હુકમથી ઉલટુ કરે નહિ કે જે તેને પસદ પડે નહિ

મરદનુ એક હક (ઓરતપર) એ પણ છે કે તે જ્યારે તેણીની સાથે હોય ત્યારે તેની રજા વગર નફિલ રોઝો પણ રાખે નહિ અને તેની રજા વગર નફિલ નમાઝ પણ પઢે નહિ

મરદનુ એક હક એ પણ છે કે તેણી પોતાનો ચેહરો બગાડીને મેલી અને ગદી રહે નહિ, પણ શણગાર કરીને રહે એટલે સુધી કે જો મરદના હુકમથી પણ ઓરત શણગાર નહિ કરે તો મરદને તેણીને મારવાનો અખત્યાર છે

મરદનુ એક હક એ છે કે, ધણીની રજાવગર ઘરથી બહાર કોઇપણ ઠેકાણે જાય નહિ પોતાના સગા વ્હાલાઓને ત્યા પણ નહિ જાય, તેમજ પારકા માણસોને ત્યા પણ જાય નહિ.

ધણીની સાથે બનાવ કરવાની રીત.

એ વાતને સારી રીતે સમજી લીઓ કે, ધણી ધણિઆણીનો એવો સંબંધ છે કે આખી ઉમર તેમાજ ગુજારવાની છે જો બનેના દિલ હળીમળીને રહ્યા તો એથી વધારે મોટી કોઇ નેઅમત નથી અને ખોદાપાક ન કરે જો દિલોમા કઇ જુદાઇ આવી ગઇ તો એથી વધારે કોઈ મુસીબત નથી તેથી કરીને બને ત્યા સુધી ધણીનુ દિલ ખુશ રાખે, અને તેના ઇશારાપર ચાલ્યા કરે જો તે હુકમ દીએ કે આખી રાત હાથ જોડીને ઉભી રહે તો દુન્યા અને આખેરતનુ ભલું એમાજ છે કે, દુનિયાની થોડી તકલીફ ઉઠાવી લીએ અને આખેરતનુ ભલુ હાસેલ કરે કોઇ પણ વખતે કોઈ વાત એવી નહિ કરે, જે તેની પસંદગીથી ઉલટી હોય જો ધણી દિવસને રાત કહે તો તેણી પણ દહાડાને રાત કહેવા લાગે

ઓછી બુદ્ધી અને છેવટ (અન્જામ) નો વિચાર નહિ કરવાથી કેટલીએક ઓરતો એવી વાતો કરી નાખેછે કે જેથી ધણીના દિલમા ખુરાસ આવી જાય છે (જેમકે) કોઇ ઠેકાણે ગેરમોકે કઇ બોલી દીધુ, કોઇ વાતમા મ્હેણુ માર્યું, ગુસ્સામા કલેશ ઉપજાવનારી વાતો કહી દીધી કે જેને સાભળી ખોટુ નહિ લાગતુ હોય તોપણ લાગે પછી જ્યારે ધણીનુ દિલ તેણી તરફથી ફરી ગયુ ત્યારે તેઓ રડતી ફરે છે

એ વાતનુ ખુબ ધ્યાન રાખવુ જોઇએ કે દિલપર ખુરાશ આવી ગયા પછી જો બે ચાર દહાડામા તેણીએ વિનતી કરી ધણીને મનાવી લીધો તોપણ જે (મોહબતની) વાત પેહલા હતી તે રહેતી નથી. ફરી હજાર તરેહની વાતો બનાવે અને માફીને માટે બાના રજૂ કરે તોપણ જેવુ દિલ પહેલા સાફ હતુ તેવો હવે પ્યાર રહેશે નહિ. જ્યારે કઇ વાત બને છે તો એજ વિચાર આવે છે કે એ તેજ (ઓરત) છે કે જેણીએ ફલાણે દહાડે એમ કહ્યુ હતુ તેથી કરીને પોતાના ધણી સાથે ખુબ વિચારીને રહેવુ જોઇએ, કે જેથી ખુદાપાક અને તેના રસુલ (સલ) પણ રાજી રહે, અને તેણીની દુન્યા અને આખેરત પણ સુધરી જાય

સમજૂ ઓરતને કઇ શિખાડવાની જરૂર નથી તેઓ પોતેજ દરેક વાતની બુરાઇ અને ભલાઇને જોઇ લેશે તે છતા અમે કેટલીક જરૂરની વાતો બયાન કરીએ છીએ. જ્યારે તે વાતોને તેઓ સારી રીતે સમજી લેશે ત્યારે બીજી વાતો પણ એ વાતો ઉપરથીજ માલૂમ પડી જશે,

ધણીની તાકાત કરતા વધારે ખર્ચો માંગવો નહિ. જે કઈ મળી આવે તે પોતાનુ ઘર સમજીને ચટણી રોટલી ખાઇને દહાડા કાઢે જો કોઈ ઘરેણુ કે લુગડુ પસંદ પડે તો જો ધણી પાસે ખર્ચો ન હોય તો તે લેવાની ફરમાશ કરે નહિ અને તે વાત પોતાના મોઢાથી બહાર કાઢે નહિ

તેણીએ પોતે વિચારવુ જોઇએ કે જો તેણી તે લેવાની ફરમાશ કરશે તો ધણી પોતાના મનમા જરૂર કહેશે કે એને મારો કઇ પણ વિચાર નથી કે જેથી એવા ગેર મોકાપર ફરમાશ કરે છે, એટલુજ નહિ પણ જો ધણી પૈસાદાર હોય ત્યારે પણ બને ત્યા સુધી પોતે કોઈ વખત કોઇ ચીજની ફરમાશજ કરે નહિ. અલબત જો તે પોતે પુછે કે તમારે માટે શુ લાવીએ? તો કહી દેવામા હરકત નથી કેમકે ફરમાસ કરવાથી માણસનો વકર ઘટી જાય છે અને તેની વાતનુ માન રહેતુ નથી કોઈ પણ વાતપર આગ્રહ, અને જીદ કરવા નહિ જો કોઇ વાત તેણીની મરજીથી ઉલટી પણ થઇ જાય તો તે વખત ચુપ રહે, પછી કોઇ વખતે સમજાવીને તે વાતનો તોડ લાવે. જો ધણીને ત્યા તકલીફથી ગુજરાન ચાલે તો કદી પણ કોઇને કહે નહિ અને હમેશ-

ખુશી જાહેર કરે કે જેથી ધણીને દુઃખ નહિ થાય. અને તેણીના આ બનાવથી ધણીનું દિલ તેણીના કબજામા આવી જશે

જો ધણી તેણીને વાસ્તે કોઇ ચીજ લાવે તો તે વસ્તુ માટે પોતાની ખુશી દેખાડે, પછી તે પસંદ પડી હોય અથવા નાપસંદ થઇ હોય એમ કદી નહિ કહેવુ કે એ ખરાબ ચીજ છે મને પસંદ નથી જેથી કરીને તેનુ દિલ તુટી જશે અને ફરી કોઇ ચીજ લાવવાને તેનુ મન થશે નહિ અને જો તે ચીજના વખાણ કરીને ખુશીની સાથે તેણી લઇ લેશે તો તેનુ દિલ વધુ રાજી થશે અને ફરી તેથી વધારે ચીજો તે લાવશે. કોઇ પણ વખતે ગુસ્સે થઇને ધણીના ઉપકારની ના પાડે નહિ, અને એમ નહિ કહેવા મંડી જાય કે "આ મુવા ઉજડ ઘરમા આવ્યા પછી મે જોયુ જ શું? મારી આખી ઉમર મુસીબત અને કષ્ટમાજ પૂરી થઇ મારા માબાપે મને સારે ઘેર નહિ દીધી, મને આવી તકલીફમા ફસાવી દીધી એવી આગમા નાખી દીધી" એવી વાતો સાંભળ્યા પછી ધણીના દિલમા તેણી ઉપર પ્યાર રહેતોનથી

હદીસ શરીફમા આવેલુ છે કે, રસૂલુલ્લાહે (સલ) ફરમાવ્યુ છે કે "મે દોઝખમા ઘણી ઓરતો જોઇ કોઇએ પૂછ્યુ કે યા રસૂલુલ્લાહ (સલ) જહન્નમમા ઓરતો વધારે કેમ જશે? તો હઝરતે (સલ) ફરમાવ્યુ કે તેણીઓ બીજા ઉપર લઅનત વધારે કર્યા કરે છે અને પોતાના ધણીનો ઉપકાર માનતી નથી" ત્યારે વિચાર કરવો જોઇએ કે એવી રીતે ઉપકાર નહિ માનવો (નાશુકરી કરવી) કેવી ખરાબ વસ્તુ છે, અને કોઇના ઉપર લઅનત કરવી, અથવા એમ કહેવુ કે ફલાણી ઉપર ખોદાની માર ખોદાની ફિટકાર, ફલાણીનો ચેહરો લઅનતી છે, ફલાણીના મોઢાપર લઅનત વરસી રહી છે, એવી સૌ વાતો બોલવી ઘણીજ બુરી છે જો ધણીને કોઇ વાતપર ગુસ્સો આવી જાય તો એવી વાત બોલે નહિ, કે જેથી તે વધારે ગુસ્સે થાય દરેક વખતે તેની હાલત જોઇને વાત કરવી ત્યારે જુઓ- કે તે આ વખતે હસવા બોલવામાં રાજી છે તો તેમ હસો બોલો. અને જો તેવી હાલતમાં ન હોય તો તેની સાથે હાસી મસ્કરી કરો નહિ જેવી તેની તબીઅત જુએ તેવી વાતો કરે, કોઇ વાત પર જો તે તેણીથી ગુસ્સે થઇને રિસાઇ જાય, તો તેણી પણ મોઢુ ચઢાવીને બેસી રહે નહિ પણ ખુશામત કરીને આજીઝી જાહેર કરી, હાથ જોડીને જેમ બને તેમ તેને મનાવી લીએ. અગરજો તેણીનો કસુર નહોય અને ધણીજ કસુરવાન હોય ત્યારે પણ તે રિસાય નહિ અને હાથ જોડીને કસુરની માફી માગવામા પોતાની મોટાઈ જાણે અને સારી રીતે સમજી લીઓ કે ધણી ધણિઆણીમા મોહબ્બતનો વધારો ફક્ત જાહેરની ડોળ ઘાલેલી મોહબ્બતથી થતો નથી પણ મોહબ્બતની સાથે ધણીનો અદબ પણ કરવો જરૂરી છે ધણીને દરજ્જામા પોતાની બરાબર સમજવો બહુજ મોટી ભૂલ છે

ધણીથી કદી પણ કોઇ કામ કરાવે નહિ જો મોહબ્બતને લીધે તે હાથ કે માથુ દાબવા લાગે તો તેમ કરવા નહિ દે વિચારવુ જોઇએ કે જો તેણીનો બાપ એમ કરવા ચાહે તો (અદબને લીધે) શુ તેણી એમ દાબવા દેશે કે? ત્યારે ધણીનો રૂતબો તો બાપ કરતા પણ વધારે છે ઉઠવા બેસવામા વાતચીતમા મતલબ કે દરેક વાતમા અદબ અને સ્વચ્છતા (તમીઝ) ની સભાળ રાખે અને જો પોતે તેણીનોજ કસુર હોય તો એવે વખતે રીસાઇને બેસવુ તો ઘણીજ બેવકૂફી અને નાદાની છે એવા કામોથી દિલ તુટી જાય છે

જ્યારે ધણી પરદેશથી આવે ત્યારે તેની તબીયત સારી છે કે કેમ તે પૂછે, અને સફરમા તે આરામથી રહ્યો કે કોઇ વાતની તકલીફમા રહ્યો તે તેનાથી પૂછે તેના હાથ પગ દાબે કે રખેને તે થાકી ગયો હશે. જો તે

જુમ્મો હોય તો ખાણુ તૈયાર કરે. ગરમીની મોસમ હોય તો પખો તેનાપર હલાવીને તેને ટાઢો કરે. મતલબ એ કે તેના આરામ અને સંતોષનુ દરેક કામ કરે રૂપીયા પૈસાની વાતો કદી કરવા લાગે નહિ, કે–" મારે માટે શુ લાવ્યા ? ખર્ચો કેટલો લાવ્યા ? પૈસાની કોથળી ક્યા છે ? જોઇએ કેટલા નાણા છે ? " જ્યારે તે પોતે દઇ દીએ ત્યારે લઇલે અને હિસાબ માગે નહિ કે પગાર તો તમારો વધારે છે એટલા મહિનાઓમા ફકત એટલુજ લાવ્યા ? તમે બહુ ખર્ચી નાખો છો એટલુ બધુ કયા ખર્ચી નાખ્યુ, શુ કીધુ ? " કોઈ ખુશીને વખતે માણુસાઇથી વાતચીત કરવામા પૂછી લેવુ હરકત નથી જો ધણીના મા બાપ જીવતા હોય અને સૌ પૈસા તેઓનેજ દઇ દીએ તેણીને કઇ દીએ નહિ તો જરા પણુ દિલગીર થાય નહિ એટલુજ નહિ પણુ જો તેણીને દઈ દીએ ત્યારે પણુ હોશીયારીની વાત એજ છે કે તેણી લીએ નહિ, પણુ તેઓનેજ દેવા વાસ્તે કહે જેથી તેઓના મનમા કઇ ખુરાસ આવે નહિ અને તેણીને વિષે કઇ ભુડુ બોલે નહિ, કે " વહુએ છોકરાને તો પોતાનો ગુલામ બનાવી લીધો છે " જ્યાસુધી સાસુ અને સસરો જીવતા રહે ત્યાસુધી તેઓની તાબેદારીને પોતાના ઉપર ફરજ જાણે અને એમાજ પોતાની આબરૂ સમજે. અને સાસુ નણુદોથી જુદા રહેવાનો કદી વિચાર પણુ નહિ કરે કેમકે સાસુ અને નણુદોથી ટટો થવાનુ પ્રથમ મૂળ એજ છે પોતે વિચાર કરે કે માબાપે ધણીને પાળી પોસીને ઉછેરી મોટો કીધો અને હવે ઘડપણમા એવી આશાથી તેને પરણાવ્યો કે તેઓને આરામ થાય અને જ્યારે વહુ ઘરમા આવી તો સાસરે પગ મુકતાની વારેજ વિચારવા લાગી કે ધણી પોતાના આજીજ માબાપને છોડી દે. ફરી જ્યારે તેની માને ખબર પડે છે કે વહુનો ઇરાદો એ છે કે અમારાથી અમારા છોકરાને જુદો કરે તો ઝઘડો ઉઠેછે. કુટુબમા સૌની સાથે હળીમળીને રહે. ...થીજ દરેકની જોડે અદબની સાથે વર્તે. નાની ઉમરવાળાઓ ઉપર મેહેરબાની રાખે અને મોટાઓ સાથે અદબ રાખે પોતાનુ કઇ પણુ કામ બીજાને માથે નાખે નહિ. અને પોતાની કોઇ પણુ ચીજ એવી રીતે મુકેલી છોડી નહિ દીએ કે ફલાણી ઓરત તેને ઉડાવી લેશે જે કામને સાસુ અને નણુદો કરતી હોય તે કામ કરવામા એબ સમજે નહિ. તેણી પોતે, તેઓના કહ્યા વગર તે કામ કરવા લાગી જાય એમ કરવાથી તેણીની મોહબ્બત તેઓના દિલોમા પેદા થશે.

જ્યારે બે માણુસો અલગ પોતામા ધીમેથી કઇ વાતો કરતા હોય તો તેઓથી દૂર રહે અને તેઓ શું વાતો કરતા હતા તેની ઢુઢ કરે નહિ. અને જાણી જોઇને એમ પણુ વિચાર નહિ કરે કે ખાસ મારીજ વાતો થતી હશે એ વાતનુ પણુ ધ્યાન રાખવુ જોઇએ કે સાસરામા નારાજીથી રહે નહિ, અગરજો નવુ ઘર અને નવા લોકો હોવાને લીધે ત્યા દિલ લાગે નહિ, પણુ મનને સમજાવવુ જોઇએ ત્યા તેણી કઇ રડવા તો ગઇ નથી, કે જ્યારે જોઇએ ત્યારે બેસીને રડી રહેલી છે જવાને વાગ તો લાગી નહિ અને પાછા પીએરમા આવવાનો તગાદો શરૂ થઈ ગયો

વાત ચીત કરવામા ધ્યાન રાખે પોતે એટલો બકવો પણુ નહિ કરે કે જે ખરાબ દેખાય. તેમજ એટલી ચુપ પણુ નહિ થઇ જાય કે આજીજી કરવાથી પણુ બોલે નહિ. કેમકે એ પણુ ઠીક નથી, અને મગરૂરી ગણાય છે સાસરામા કોઈ કોઇ વાત તેણીને નાપસદ થાય તો પીએરમા આવીને ચાડી ખાય નહિ સાસરાની નજીવી વાત માની આગળ કહેવી, તેમજ માએ ત્યાની વાતો ઢુઢી ઢુઢીને પૂછવી બહુજ ખોટુ છે. એથી ફિતના પેદા થાય છે અને ઝગડા જાગે છે. એ સિવાય બીજો કોઈ ફાયદો થતો નથી. ધણીની ચીજોને સારી સભાળ સાથે ખુબ સફાઇથી રાખે. રહે-

વાનો ઓરડો મેલો રાખે નહિ સુવાનુ બિછાનુ મેલુ રહેવા દે નહિ. સળ કાઢી નાખે તકિયો મેલો થઇ ગયો હોય તો તેનું ગિલાફ બદલી નાખે. જો ગિલાફ નહિ હોય તો નવુ સીવી કાઢે જ્યારે પોતે ધણી એ કામો કરવાને કહે અને પછી તેણી કરે, ત્યારે તેણીએ કીધુ જ શુ !

સારી વાત તો એજ છે કે, તેના કહ્યા વગર સૌ ચીજો ઠેકાણેસર કરી નાખે જે ચીજો તેણી પાસે રાખેલી હોય તે સભાળીને રાખે લુગડા હોય તો તેની ઘડી વાળીને મુકે, એમજ ઘડી વાળ્યા વગર મુકી નહિ દે આમતેમ નાખી દે નહિ ઠેકાણેસર મુકે, કદી પણ કોઇ કામમા બાનું કાઢે નહિ, કોઇ વખતે પણ જુઠી વાતો ઘડે નહિ. કેમકે તેથી કરીને ભરોસો જતો રહેછે ફરી સાચી વાતપર પણ ભરોસો આવતો નથી જો ગુસ્સામા કઇ ભૂડુ બોલે તો તેણી મુંગે મોઢે સાભળ્યા કરે અને બિલકુલ જવાબ નહિ દીએ તે ગમે તે બોલે પણ તેણી ચુપ સાભળ્યાજ કરે. જ્યારે ગુસ્સો ઉતરી જશે ત્યારે તેણી પોતે જોશે કે ધણી પોતે પસ્તાવો કરશે. અને તેણીથી ઘણોજ ખુશ રહેશે અને તે વખત પછી તેણીપર કદી પણ ગુસ્સે થશે નહિ. અને તેણી પોતે પણ તેની સામે બોલશે તો વાત વધી જશે ફરી કોણ જાણે કયા સુધી વાત લાબી થઇ જાય !

નજીવા વ્હેમપર ધણી ઉપર તોહમત મુકે નહિ. જેમકે "તમે ફલાણી સ્ત્રી સાથે ઘણા હસો છો તેણીને ત્યા વધારે આવ જાવ કરો છો ત્યા બેસીને કરો છો શુ ?" એમ કરવાથી જો ધણીની કસુર નહિ હશે તો વિચારવુ જોઇએ કે તેને કેટલુ માઠુ લાગશે ! અને જો ખરેખાત તેની ટેવ બગડીજ હશે તો વિચારવુ જોઇએ કે તમારા બકારાથી અથવા કોઈ રકમની દબાણુ નાખી તેનાપર જોરજુલમ કરવાથી તેણીનુજ નુકસાન થશે પોતાની તરફથી જો તેના દિલમા ખુરાસ નાંખવી હોય તો નાખે એવી વાતો કરવાથી કોઇ દહાડે ટેવ છુટશે નહિ. ખરાબ ટેવ મેલાવવીજ હોય તો હોશીયારીથી રહે એકાતમા ધીમેથી સમજાવે જો એકાતમા સમજણુ આપવા છતા પણ ટેવ મેલે નહિ તો ધીરજ ધરીને બેશી રહે લોકો આગળ તેના ગીતડા નહિ ગાય અને તેની ફજેતી કરે નહિ તેમજ ગુસ્સે થઇને તેને જેર કરવા પણ ચાહે નહિ કેમકે તેથી વધારે બગાડો થાય છે અને ગુસ્સામા આવીને તે વધારે તેમ કરવા લાગે છે જો તેણી ગુસ્સો કરશે અને લોકો આગળ લવારો કરીને બદનામ કરશે તો તેણીની સાથે તે જેટલુ બોલતો હશે તેટલુ પણ બોલશે નહિ ફરી તે વખતે તેણી રડતી ફરશે

અને એ વાત સારી પેઠે સમજવાની છે કે ખોદા પાકે મરદોને શેર બનાવ્યા છે દબાણુ અને જોરજુલમથી તેઓ કદી પણ તાબે થઈ શકશે નહિ એ લોકોને તાબેદાર બનાવવાની બહુજ સહેલી રીત ખુશામત અને તેઓના હુકમને માનવુ છે તેઓપર ગુસ્સો કરીને અને તપી જઇને દબાણુ નાખવુ ઘણી મોટી ભૂલ અને નાદાની છે અગર જો એનુ પરિણામ (અજામ) હમણા જણાતુ નથી પણ જ્યારે બગાડની જડ મજબુત થઇ તો કોઇ પણ દિવસે તેનુ પરિણામ જરૂર ખોટુજ જાહેર થશે

લખનૌ શહેરમા એક ઓરતનો ધણી ઘણી ખરાબ ચાલનો છે રાત દહાડો બહારજ રામજણીને ત્યા પડયો રહે છે પોતાને ઘેર આવતોજ નથી. અને વળી ખૂબી એ છે કે તે રામજણી રોજ નવી નવી ફરમાસો કરે છે કે "આજે તમારે ઘેરથી પુલાવ રાધી મગાવો આજે ફલાણી ચીજ રાધી મગાવો." અને તે બીચારી ધણિઆણી કઇ પણ બોલતી નથી ધણી જે કઇ મગાવે છે તે રાધીને દરરોજ પેલી રામજણીને ત્યા મોકલી આપે છે અને કોઇ વખતે એક અક્ષર પણ બોલતી નથી જુઓ કે તમામ લોકોમા તે ઓરતની કેવી વાહ વાહ થઇ રહેલી

છે અને ખોદાપાકને ત્યા જે રૂતબો તેણીને મળશે તે જુદો અને જે દહાડે ધણીને ખોદા હિદાયત દેશે અને તે પોતાની ખરાબ ટેવને છોડી દેશે તે દહાડેથી તો બસ ઓરતનો ગુલામ જ થઇ જશે (ઇ. અ. તઆલા)

ઓલાદને ઉછેરવાનુ બયાન

જાણવુ જોઇએ કે એ વાત ઘણીજ ધ્યાન દેવા લાયક છે કેમકે નાનપણમા ભલી કે ભૂડી જેવી ટેવ પાકી થઈ જાય છે તે આખી ઉંમરમા જતી નથી. તેથી કરીને નાનપણથી જુવાન થાય ત્યા સુધી તે વાતને એક પછી એક બયાન કરીએ છીએ —

૧ સારા ચાલચલણની દીન ચુસ્ત ઓરત બચ્ચાને ધવાડે, કેમકે દૂધની બહુજ મોટી અસર બચ્ચાપર થાય છે ૨ ઓરતોની ટેવ છે કે બચ્ચાને વખતે સિપાઇથી બિવડાવે છે, અને કોઈ વખતે બીજી એવીજ બીકની ચીજોથી એ ખોટુ છે, એથી બચ્ચાનુ દિલ બીકણુ થઇ જાય છે ૩ તેને ધવાડવાને વાસ્તે અને ખવડાવવાને માટે અમુક વખત મુકર્રર રાખવો કે જેથી તે તદૂરસ્ત રહેશે ૪ તેને સફા સ્વચ્છ રાખો કે જેથી તે તદુરસ્ત રહે ૫ તેની બહુ ટાપ ટીપ કરો નહિ. ૬ જો છોકરો હોય તો તેના માથાપર બહુ લાબા વાળ રાખો નહિ ૭ જો છોકરી હોય તો જ્યા સુધી તે પડદામા બેસવા લાયક ઉમરની નહિ થાય ત્યા સુધી તેણીને ઘરેણા પહેરાવો નહિ જેથી કરીને પહેલાતો તેણીના જીવનો જોખમ રહેતો નથી. બીજુ એકે નાનપણથી ઘરેણાનો શોખ તેણીના દિલમા પેદા થતો નથી જે ઘણી સારી વાત છે ૮ બચ્ચાના હાથથી ગરીબોને ખાણુ લુગડા અને એવીજ વસ્તુઓ દેવડાવો તેમજ ખાવા પીવાની વસ્તુઓ તેના ભાઇ બેહેનોને અથવા બીજા બચ્ચાઓને વ્હેચાવો જેથી તેને સખાવત (ઉદારતા) ની ટેવ પડે પણ એ યાદ રાખો કે તમે પોતાની ચીજો તેઓને હાથે દેવડાવો પણ ઘરેથી જે ચીજ તેઓની હોય તે ચીજો કોઇને દેવાડવી દુરસ્ત નથી ૯ વધારે ખાનારા માણસોની બુરાઇ તેઓ આગળ બયાન કરો પણ કોઇનુ નામ દેશો નહિ. પણ એવી એવી રીતે કે " જે માણસ ઘણો ખાવરો હોય છે લોકો તેને શોધી સમજે છે અથવા તેને બળદ ગણે છે " ૧૦ જો છોકરો હોય તો તેને સફેદ કપડાં પહેરવાનો શોખ દેવડાવો અને રગીન કે ભપકાદાર લુગડા તરફથી તેને અભાવ (નફરત) પેદા થાય તેમ કરો જેમકે " એવા લુગડા તો છોકરીઓ પહેરે છે તમે તો મરદ છો " હમેશ તેઓની આગળ એવી વાતો કર્યા કરો ૧૧ જો છોકરી હોય તો પણ તેણીને વધારે શણગાર કરવાની ટેવ નહિ નાખો ૧૨ બચ્ચાની દરેક જીદને પૂરી પાડો નહિ કેમકે તેથી કરીને તેનો સ્વભાવ (મિઝાજ) બગડી જશે. ૧૩ ધાટો પાડીને બોલવાથી રોકો અને તેમા ખાસ કરીને જો છોકરી હોય તો ધાંટો પાડીને બોલવાથી તેણીને ખૂબ ધમકાવો, નહિતો મોટી થયા પછી તેજ ટેવ તેણીને પડી જશે ૧૪ જે બચ્ચાઓની ટેવ ખરાબ હોય. અથવા ભણવાથી ન્હાસ્તા હોય. અથવા ભપકાદાર લુગડા પહેરવાની તેઓને ટેવ હોય તેઓની પાસે બેસવાથી અને તેઓની સાથે રમવાથી તેઓને બચાવો

૧૫ એવી વાતો તરફથી તેઓમા અભાવ પેદા થાય તેમ કરતા રહો ગુસ્સો, જૂઠાણુ, કોઇને જોઇને બળવુ અથવા લોભ કરવો, ચોરી કરવી, ચાડી ખાવી, પોતાની વાતપર અડ્યા રહેવુ, જાણી જોઇને (કે તે વાત ખોટી છે છતા) તેને સાચી ઠેરવવી, વગર ફાયદે બહુ વાતો કરવી, કઇ પણ વાત થયા વગર હસવુ, ધોકો દેવો, ભલાની કે નુકસાનની વાત પર વિચાર ન કરવો અને જ્યારે એ કામોમાથી તેનાથી કોઇ કામ થઇ જાય તો તરતજ તેને રોકાણ કરો અને તેને મારો ૧૬ જો કોઇ ચીજને ભાગી નાખી અથવા કોઇને મારી બેસે તો તેને જોઇએ તેવી રીતે

બાદની સજા (શિક્ષા) કરો જેથી કરીને ફરીથી તેવુ કરે નહિ એવી વાતોમા લાડ પ્યાર કરવો બચ્ચાને હમેશને માટે બગાડી નાખવુ છે ૧૭ તેને રાતના જલદીથી સુવા દેશો નહિ ૧૮ સવારમા જલદીથી ઉઠવાની તેને ટેવ પાડો. ૧૯ જ્યારે સાત વરસની તેની ઉમર થાય ત્યારે તેને નમાઝની ટેવ પાડવી ૨૦ જ્યારે મદ્રસામા જવાને લાયક થાય ત્યારે તેને સૌથી પેહના કુરઆને મજીદ પઢાવો ૨૧ બને ત્યા સુધી દીન પર ચુસ્ત રીતે ચાલનાર ઉસ્તાદ પાસ ભણાવો ૨૨ મદ્રસે મોકલવામા કદી પણ તેનાપર દયા કરો નહિ ૨૩ કોઇ કોઇ વખતે તેઓને નેક લોકોની વાર્તાઓ સભળાવો ૨૪ તેઓને એવી ચોપડીઓ નહિ જોવા દો કે જેનો અદર ઇશક (મોહ)ની વાર્તાઓ અથવા શરમ શરીફથી ઉલટી વાતો અથવા કોઇ એવાજ નકામા કિસ્સાઓ અથવા ગજલો વિગેરે હોય ૨૫ એવી કિતાબો પઢાવવી જોઇએ કે જેમા દીનની વાતો અને દુન્યાના જરૂરી કામો તેઓને આવડી જાય ૨૬ નિશાળમાથી આવ્યા પછી તેનુ મન ખુશ થાય તે વાસ્તે થોડીવાર રમવાની તેઓને રજા આપો કે જેથી તેનું મન ઠોઠ નહિ થઇ જાય પણ તે રમત એવી હોવી જોઇએ કે જેમા કોઇ જાતનો ગુનોહ નહિ હોય. તેનુ બદન કોઇ પણ રીતે તે રમતમા જોખમાય નહિ, ૨૭ આતશબાજી અથવા કોઇ પણ તરેહનું વાજુ અથવા નકામી ચીજો ખરીદવા પૈસા નહિ આપો ૨૮ રમત ગમત, મેળો, ખેલ તમાશો દેખાડવાની ટેવ નહિ પાડો ૨૯ બચ્ચાઓને જરૂર કોઇ એવો હુન્નર શીખવો કે જેથી જરૂરત અને મુસીબતની વખતે એ પૈસા કમાવીને પોતાનુ અને કુટુબનુ ગુજરાન ચલવી શકે ૩૦ છોકરીઓને એટલુ લખવા શિખવો કે જરૂરી કાગળપત્ર અને ઘરનો હિસાબ લખી રાખી શકે ૩૧ બચ્ચાઓને એવી ટેવ પાડો કે પોતાનુ કામ પોતાને હાથે કરે, ઢીલા અને સુસ્ત પડી જાય નહિ રાત્રે બિછાનુ પોતાને હાથે કરવાનુ તેને કહો સવારે જલદીથી ઉઠીને પોતાને હાથે ઘડી વાળીને સભાળીને રાખે એમ શીખવો લુગડાની ગાસડી પોતાના બદોબસ્તમા રાખે ફાટુતુટુ પોતેજ સીવી લીએ. લુગડા મેલા હોય અથવા સાફ સફેદ હોય એવે ઠેકાણે રાખે કે જ્યા કીડી અને ઉંદરથી નુકસાન પોહોચવાની બીક નહિ હોય. ધોબણને પોતેજ ગણીને દીએ અને લખી લીએ અને ગણીને તથા તપાસીને લીએ ૩૨ છોકરીઓને તાકીદ કરો કે તમારા બદન પર જે ઘરેણુ હોય તે રાતના સુવા અગાઉ અને સવારે જ્યારે ઉઠો ત્યારે તે ઘરેણાને તપાસી લીઓ ૩૩ છોકરીઓને કહો કે ખાણુ રાધવાનુ, સીવવાનુ, રગવાનુ અથવા કોઇ ચીજ વણવાનુ જે કંઈ કામ ઘરમા થતુ હોય તેને ધ્યાન દઇને જુએ કે કેવી રીતે થાય છે ૩૪ જ્યારે બચ્ચાથી કોઈ સારૂ કામ થઇ જાય તો તે કામ વાસ્તે શાબાશી ખુબ સારી રીતે દીઓ અને તેને પ્યાર કરો એટલુજ નહિ પણ તેને ઇનામ આપો, કે જેથી તેનુ દિલ વધારે મજબુત થાય અને જ્યારે તેનુ કોઇ કામ માઠુ જુઓ ત્યારે તેને એકાતમા પહેલા તો સમજાવો, કે "જુઓ એ ખરાબ કામ છે, જોનારા મનમા શુ કહેતા હશે, અને જે જે માણસોને ખબર પડશે તેઓ પોતાના મનમા શુ કહેશે ખબરદાર બીજી વખતે એમ કરશો નહિ સારા બચ્ચાઓ એમ કરતા નથી" તેમ સમજાવવા છતા જો ફરી તે એવુ કામ કરે તો લાયક સજા કરવી જોઇએ ૩૫ માને જોઇએ કે બચ્ચાને બાપથી બીવડાવતી રહે ૩૬ બચ્ચાને કોઈ કામ છુપી રીતે કરવા નહિ દીએ પછી ગમે તો તે રમત હોય, ખાણુ હોય અથવા કોઇ બીજુ કામ હોય. જે કામ તે છુપી રીતે કરશે તો સમજી લીઓ

કે તે બચ્ચુ તે કામને ખુરૂ સમજે છે ત્યારે જો તે કામ ખુરૂ હોય તો તે કામની ટેવ છોડાવવી જોઇએ અને જો તે કામ સારૂ હોય, જેમ કે ખાવુ પીવુ તો તેને કહો કે સોની રૂબરૂમા ખાય પીએ ૩૭ મેહનત કરવાનુ કોઇ કામ એવુ તેને સોપો કે જે કામ કરવાથી તે તદુરસ્ત અને હિમતવાન રહે સુસ્તી તેનામા પેદા થાય નહિ જેમ કે છોકરાઓને વાસ્તે, ડણ્ુ કાઢવા, મુગદલ ફેરવવી, એકાદ મેલ ચાલવુ અને છોકરીઓ વાસ્તે ઘટી અથવા રેટિયો ફેરવવો જરૂરનુ છે એમા એ પણ એક ફાયદો છે કે તેઓએ કામને એબ જાણુશે નહિ ૩૮ ચાલવામા બહુ જલદી નહિ ચાલે તે વાસ્તે તાકીદ કરવી અને નજર ઉપર રાખીને ચાલે નહિ ૩૯ તેને હમેશ આજીઝી કરવાની ટેવ પાડો જીભથી ચાલથી, અને વર્તણુકથી મોટાઇ વાપરી શકે નહિ એટલે સુધી કે પોતાની ઉમરના બચ્ચાઓમા પણ બેસીને પોતાના લુગડા કે ઘર કે ખાનદાન કે ચોપડી કે લખાણ અથવા ખડીયો સિલેટના વખાણ કરે નહિ ૪૦ કોઇ કોઇ વખતે તેને બે ચાર પૈસા આપ્યા કરો જેને તે પોતાની મરજીમા આવે ત્યા ખર્ચે પણ તેને એવી ટેવ પાડો કે તમારાથી છુપી રીતે કોઇ પણ ચીજ ખરીદે નહિ ૪૧ તેને ખાવાની, મિજલસમા ઉઠવા બેસવાની રીત શીખાડો જેમાની થોડી રીતો અમે પણ અહિ લખીએ છીએ

ખાવાની રીત

જમણા હાથથી ખાવો ખાવાની શરૂમા બિસમિલ્લાહ પઢો પોતાની આગળથી ખાઓ બીજા માણસો કરતા પહેલા ખાઓ નહિ. ખાવાને સુરકવુ નહિ ખાનાર માણસો તરફ જુઓ નહિ બહુ જલદી જલદી ખાશો નહિ સારી રીતે ચાવીને ખાઓ. જ્યા સુધી એક કોળિયો ગળી નહિ જાઓ ત્યા સુધી બીજો મોમા મુકો નહિ, શેરવો લુગડાપર ટપકવો નહિ જોઇએ આગળીયો જરૂર કરતા વધારે ખરડાવી નહિ જોઇએ

મિજલસમાં ઉઠવા બેસવાની રીત.

જેની સાથે મળો અદબથી મળો ધીમેથી બોલો મિજલસમા થુકો નહિ ત્યા નાક સાફ નહિ કરો, એવી જરૂર આવી પડે ત્યારે ત્યાથી જુદે ઠેકાણે ચાલ્યા જાઓ જ્યારે બગાસો કે છીક આવે ત્યારે મોપર હાથ મુકો પોતની અવાજ ધીમી કરો કોઇની તરફ પીઠ કરશો નહિ કોઇની તરફ પગ કરશો નહિ ડાચા નીચે હાથ દઇને નહિ બેસો આગળીઓ ફોડવી નહિ વગર જરૂરે વારવાર કોઇની તરફ જુઓ નહિ અદબથી બેસી રહો બહુ વાતો કરો નહિ વાતવાતમા સમ નહિ ખાઓ, બને ત્યા સુધી પોતે વાત શરૂ કરો નહિ, જ્યારે બીજો માણુસ વાત કરે ત્યારે ખુબ ધ્યાન દઇને સાભળો કે જેથી તેનુ દિલ નાખુશ થાય નહિ.

અલબત જો તે વાત ગુનાહની હોય તો સાભળવી નહિ જોઇએ તેને તેવી વાત કરવાની મના કરો અથવા તમે ત્યાથી ઉઠી જાઓ. જ્યા સુધી કોઇ માણુસ એક વાત પૂરી બોલી નહિ રહે ત્યા સુધી વચ્ચે બોલો નહિ જ્યારે કોઇ આવે અને મિજલસમા જગ્યા નહિ હોય ત્યારે તમો પોતાની જગ્યાથી જરા ખસી જાઓ અને મળીને બેસો કે જેથી જગ્યા થઇ જાય, જ્યારે કોઇની સાથે મળો અથવા તેનાથી છુટા પડો ત્યારે અસ્સલામો અલૈકુમ કહો, અને જવાબમા વઅલૈકુમુસ્સલામ કહો અને બીજી તરેહના નવા નવા શબ્દો બોલો નહિ

(એક બીજાના) હકોનુ બયાન

માબાપના હકો, ૧ તેઓને ઇજા પહોચાડે નહિ અગર જો તેઓના તરફથી કઇ વધઘટ થઇ જાય ૨ બોલવામાં અને તેની સાથે વરતવામા અદબ કરે ૩ જે કામો દીનથી દુરસ્ત હોય તેમા તેઓની તાબેદારી કરે ૪ તેઓને

જરૂર પડેતો માલથી તેઓની ખિજમત કરે અગરજો તેઓ કાફેર હોય માબાપના ગુજરી ગયા પછી તેઓના હકો નીચે મૂજબ છે ૧ તેઓને વાસ્તે ખુદાપાક પાસે બક્ષીસની દોઆ માગતો રહે નફિલ ઇબાદતો અને ખેરાતનો સવાબ તેઓને પહોચાડે ૨ તેઓની સાથે મળનારાઓની સાથે ઉપકાર અને ખિજમત સારી કરે ૩ તેઓને માથે જેટલુ કરજ હોય અથવા તેઓએ જે કંઈ જાએઝ કામની વસીયત કીધી હોય અને તે વસીયત પૂરી કરવાની ખુદા પાકે તાકાત દીધી હોય તો તેને પૂરી કરે ૪ તેઓના મેરી ગયા પછી દીનથી ઉલટુ રડવુ અને પોક પાડવાથી બચે, નહિ તો તેઓની રૂહને ઇજા થશે અને દાદી, દાદો, અને નાની નાનો એઓનો હુકમ શરેઅમા માબાપ જેવોજ છે તેઓના હકોને પણ માબાપ જેવાજ જાણવા જોઇએ તેવીજ રીતે માસી અને મામો મા જેવા, અને ફૂઈ અને કાકો બાપ જેવા છે હદીસના ઇશારાથી એમજ માલૂમ પડે છે

દાયણના હકો એ છે. ૧ તેણીની સાથે અદબથી વરતવુ ૨ જો તેણીને પૈસા ટકાની જરૂર હોય અને પોતાનામા તેટલી તાકાત હોય તો તેણીની મદદ કરવી

સાવકી માના હકો. પોતાના બાપની તે વ્હાલી છે અને બાપના વ્હાલાઓ સાથે ઉપકાર કરવાનો હુકમ છે તેથી કરીને સાવકી માના પણ કેટલાક હકો છે જે કે ઉપર હમણા બયાન થયા

મોટો ભાઈ, હદીસથી બાપના જેવો છે તેથી કરીને માલુમ પડી આવ્યુ કે નાનો ભાઇ ઓલાદ જેવો છે અને તેથી કરી તેઓ એક બીજાપર તેવાજ હકો ધરાવશે જેવાકે માબાપ અને ઓલાદ એક બીજા સાથે ધરાવે છે તેવીજ રીતે મોટી બેહેન અને નાની બેહેનને પણ સમજી લેવી જોઇએ

સગાં વહાલાંઓનાં હકો. ૧ પોતાના સગા જો ગરીબ હોય અને તેઓમા પૈસા કમાવવાની તાકાત નહિ હોય તો પોતાની ગુનજાશની મુજબ તેઓના ખરચનો બ દોબસ્ત રાખે ૨ કોઇ કોઈ વખતે તેઓની સાથે મળ્યા કરે ૩ તેઓની સાથેના સગપણને તોડી નહિ કાઢે એટલુજ નહિ પણ કંઇ ઇજા પણ પોહચે તો તેના ઉપર સબર કરવો બેહતર છે

સાસરાના સગપણને કુરઆનમા ખોદા પાકે નસબ (વંશ)મા બયાન ફરમાવેલુ છે, તેથી કરીને માલૂમ થાય છે કે સાસુ અને સસરો, સાળો અને બનેવી, જમાઇ અને વહુ, અને પોતાની ધણિઆણીની તેણીના આગલા ધણીથી થયલી ઓલાદ, અને તેવીજ રીતે ધણીની આગલી ઓરતથી થયલી ઓલાદનુ પણ કેટનુક હક છે અને તેથી કરીને એવા સગપણોમા પણ, બીજાઓ કરતા, ઉપકાર અને સારી વર્તણુકનુ ધ્યાન વધારે રાખવુ જોઇએ

આમ મુસલમાનોના હકો ૧ મુસલમાનની ભૂલચૂક માફ કરે ૨ તેના રડવાપર દયા કરે ૩ તેની એબને સંતાડે ૪ તેના ઉજર (કારણ) ને કબુલ રાખે ૫ તેનાપર આવી પડેલી તકલીફને દૂર કરે ૬ હમેશ તેનુ ભલુ કરતો રહે ૭ તેની દોસ્તીને કદી તોડે નહિ ૮ તેની સાથે જે કોલકરાર કર્યો હોય તેની સભાળ રાખે ૯ તે માદો પડે તો તેની ખબર રાખે ૧૦ તે મરી જાય તો તેને વાસ્તે દોઆ કરે ૧૧ તેની દાવત કબુલ રાખે ૧૨ તેની મોકલેલી ભેટને કબુલ રાખે. ૧૩ તેના પરોપકારના બદલામા તેનાપર પણ ઉપકાર કરે ૧૪ તેની સારી હાલત જોઇને તેને વાસ્તે દોઆ કરે ૧૫ જરૂરની વખતે તેની મદદ કરે ૧૬ તેના કુટુબની રક્ષા (હિફાજત) કરે ૧૭ તેનુ કામ કરી દીએ ૧૮ તેની વાતને માને ૧૯ તેની ભલામણને કબુલ રાખે ૨૦ તેની મુરાદ (ઇચ્છા) પૂરી થવામા તેને

નાઉમેદ કરે નહિ ૨૧ તે છીંક ખાઇને અલ-હમદોલિલ્લાહ કહે તો તેના જવાબમા યરહમો કલ્લાહ કહે ૨૨ તેની શુભ ચએલી વસ્તુ જો મળી આવે તેની પાસે પોહચાડી દીએ ૨૩ તેના સલામનો જવાબ દીએ ૨૪ તેની સાથે નરમાસથી વાતચીત કરે ૨૫ તેની સાથે ઉપકાર કરે ૨૬ જો તે એના ભરોસાપર સમ ખાય તો તે સમને પૂરી કરે ૨૭ જો તેનાપર કોઇ જુલમ ગુજારે તો તેની મદદ કરે અને જો તે પોતે કોઇ બીજાપર જુલમ કરતો હોય તો તેને રોકે ૨૮ તેની સાથે (હમેશ) મોહબ્બત કરે (કદીપણુ) દુશમની બગાડ કરે નહિ. ૨૯ તેની ફજેતી કરે નહિ. ૩૦ જે વાત પોતાને વાસ્તે પસદ રાખે તેજ તેને વાસ્તે પણુ પસદ કરે. ૩૧ તેની સાથે જ્યારે મેળાપ થાય ત્યારે તેને સલામ કરે મરદના સાથે મરદ અને ઓરતની સાથે ઓરત હાથ મેળવે (મુસાફહો કરે) તો વધારે સારૂ છે ૩૨ જો કદાચ એકથી બીજા સાથે કઇ ખુરાસ થઈ જાય તો ત્રણુ દિવસથી વધારે વખત માટે તેના સાથે વાતચીત કરવી છોડે નહિ. ૩૩ તેને વાસ્તે પોતાના મનમા ખોટો વ્હેમ લાવે નહિં, ૩૪ તેની સાથે દુશમનાઇ કે અદેખાઇ કરે નહિ. ૩૫ તેને સારી વાત શિખાડે ખરાબ વાતોની મનાઇ કરે. ૩૬ નાની ઉમરવાળાઓ ઉપર દયા કરે અને મોટાઓનો અદબ કરે. ૩૭ બે મુસલમાન વચ્ચે જો કઈ બગાડ થઇ જાય તો તેઓની વચ્ચે મેળાપ કરાવી દીએ ૩૮ તેની નિદા (ગીબત) કરે નહિ ૩૯ તેને કોઇ તરેહની નુકસાની પોહચાડે નહિ નહિ આબરૂમા અને નહિ માલમા ૪૦ તેને ઉઠાડી તેની જગ્યાપર પોતે બેસે નહિ

પડોશીનાં હકો.

૧ તેની સાથે ઉપકાર અને સભાળથી વર્તે ૨ તેના બૈરા છોકરાની આબરૂની સભાળ (રક્ષણ) કરે ૩ કોઇ કોઇ વખતે તેને ઘેર કોઇ ચીજ ભેટ મોકલતો રહે અને ખાસ કરીને જ્યારે તેઓ ભૂખે મરતા હોય ત્યારે તો જરૂર થોડુ કે વધારે ખાણુ તેને આપે ૪ તેને ઇજા પોહચાડે નહિ નજીવી વાતોમા તેની સાથે તકરાર કરે નહિ અને જેવી રીતે કે પોતાના દેશમા પડોશી હોય છે તેવીજ રીતે સફરમા પણુ હોય છે એટલે તે માણુસ કે જે સફરમા ઘેરથી સાથે ગયો હોય અથવા રસ્તામા કદાચ તેનો સાથી બની ગયો હોય તેનુ હક પણુ તેજ દેશમા પડોશીના બરાબર છે તેના હકોને વાસ્તે ખુલાસો એ છે કે પોતાની રાહત કરતા તેની રાહતનુ વધારે ધ્યાન રાખે કેટલાક લોકો રેલગાડીમા અથવા ગાડાઓમા અથવા બીજી એવીજ સફરની સવારીઓમા એક બીજા સાથે ઘણીજ ભૂડી રીતે વર્તે છે જે ઘણુજ ખરાબ છે

એવીજ રીતે જેઓ બીજાના આશરા નીચે હોય જેવા કે યતીમ અને રાંડો કે નાચાર અને કમજોર કે નાદાર અને માદો, કે અપગ અને મુસાફર અને ભીખારી એ લોકોના કેટલા હકો વધારે—૧ એ લોકોને માલથી મદદ કરવી એ લોકોના કામો પોતાના હાથ પગ વડે કરી દેવા ૩ એ લોકોને તેઓની હેરાનીથી દિલાસો આપવો ૪ તેઓએ માગેલી વસ્તુની ના પાડવી નહિ.

કેટલાક હકો ફકત માણુસ હોવાને લીધે છે અગર જો તે મુસલમાન નથી, અને તે એ છે—૧ કોઇ પણુ ભૂલચુક વગર કોઇને તેના જાન કે માલમા નુકસાની પોહચાડે નહિ. ૨ કીની સબબ વગર કોઇને ગાળો ભાડે નહિ ૩ જો કોઇને ખાવા પીવાની અથવા બીજી કોઈ મુસીબત કે માદગીમા જુએ તો તેની મદદ કરે ખાણુ પાણી દીએ, તેની માદગીનો ઇલાજ કરે ૪ જે હાલતમા શરઅ શરીફે સજા કરવાની રજા દીધી છે તેમા પણુ જુલમ કે વધારો કરે નહિ

જનાવરોનાં હકો ૧ જે જનાવરને ગોધી રાખવામા કઇ ફાયદો નહોય તેને કેદ કરે નહિ ખાસ કરીને પક્ષીઓના બચ્ચાઓને તેઓના માળામાથી કાઢી લાવવા, અને તેથી કરીને તેઓના માબાપને હેરાન કરવાં ઘણુ જ દયા વગરનુ કામ છે ૨ જે જનાવરોને ખાવાનો હુકમ છે. તેઓને 'પણુ ફકત પોતાનુ દિલ ખુશ કરવા વાસ્તે મારી નાખવુ નહિ જોઇએ ૩ જે જનાવરોથી તે પોતાનું કામ લેતો હોય (જેમકે ઘોડા બળદ વીગેરે) તેઓના ચારા પાણીનો અને તેઓને આરામ પોહચાડવાનો તેઓની ચાકરી કરવાનો પૂરેપૂરો બદોબસ્ત રાખે તેઓની તાકાત ઉપ્રાત તેથી કામ લીએ નહિ, તેઓને હદથી વધારે મારે નહિ ૪ જે જનાવરને જુબહ કરવા હોય અથવા તેઓ ઇજા પહોચાડે છે તેથી કરીને તેઓને મારી નાખવા હોય તો તેઝ હથીયારથી જલદીથી મારી નાખે તેઓને રીબાવીને અથવા ભૂખા તરસા રાખીને મારે નહિ

જરૂરની વાત

જો કોઇ માણુસના હકકમા કઇ ઘટાડો થયો હોય તો તેઓમા જેઓ હકક અદા કરવાને લાયક હોયતો તેઓના હકો અદા કરે નહિતો માફ કરાવે જેમકે કોઇનુ દેવુ માથે રહી ગયુ હતુ અથવા કોઇની સોપેલી વસ્તુમા કઇ વધઘટ કીધી હતી, અને જે હકો ફકત માફ કરાવવા લાયક હોય તેઓને ફકત માફ કરાવે જેમકે નિદા [ગીબત] વિગેરે કીધી હતી અથવા તેને માર્યો હતો અને જો કોઇ કારણે હકદારોથી માફ કરાવી શકતો નથી, અથવા હકો અદા કરી શકતો નથી, તો તેવા માણુસોને વાસ્તે હમેશ બક્ષીશની દોઆ કરતો રહે કઇ તાજુબી નથી કે કેયામતને દહાડે ખુદાપાક તેઓને રાજી કરી તે હકો માફ કરાવી દે પણુ એ પછી પણુ જ્યારે તે હકો અદા કરવાની અથવા માફ કરાવવાની તેને તક મળી આવે ત્યારે તેમા સુસ્તી કરે નહિ, અને તેના હકો તેઓથી અદા થાય તેની ઉમેદ ન હોય તો તેઓથી નરમાસથી વસુલ કરે અને જેઓથી ઉમેદ ન હોય અથવા તે હકો વસુલ થવાને લાયક નહોય, જેમકે નિદા વીગેરે ત્યારે અગરજો કેયામતને દહાડે તે હકોના બદલામા નેકીયો મળવાની ઉમેદ છે પણુ માફ કરવામા એ કરતા ઘણો વધારે સવાબ છે, અને તેથી કરીને તદન માફ કરી દેવુ વધારે સારૂં છે તેમા ખાસ કરીને જ્યારે કોઈ માણુસ કાલાવાલા કરીને માફ કરાવતો હોય

તજવીદ એટલે કુરઆને શરીફને સારી રીતે સુધારીને સહીહ પઢવા વિષેનું બયાંન*

મસઅલો એમા કોશીશ કરવી વાજેબ છે એમા બે દરકારી અને સુસ્તી કરવાથી ગુનોહ થાય છે

ફાયદો એના ઘણા કાયદાઓ છે પણુ કેટલાક કાયદાઓ જે વણુા જરૂરી અને સહેલા છે તે લખીએ છીએ —

ચેતવણી. એ હરફોમા સારી રીતે બદોબસ્તથી ફરક કરવો જોઇએ અને સારી રીતે અદા કરવા (પઢવા) જોઇએ **અલેફ** **એન** અને **હમઝા**મા અને **તે** અને **તોએ** મા અને **સે**, **સીન**, **સોઆદ**મા અને **હે** મોટી અને **હે** નાનીમા અને **દાલ**, **દોઆદ**મા ને **ઝાલ**, **ઝે** અને **ઝોએ**મા તે (હરફ)નો મો ભરીને ઉચ્ચાર થતો નથી અને **તોએ**નો ઉચ્ચાર મો ભરીને કરવામા આવે છે અને **સે** નરમ બોલાય છે અને **સીન** સખતાઇથી બોલાય છે અને **સોઆદ** મો ભરીતે બોલવામા આવે છે અને **દોઆદ**ને બોલતી વખતે જીભનુ

---

* જે વાતો એ સબધી સમજવાને બારીક હતી અથવા જે તદન જાહેર હતી કે જે મુજબ લોકો પોતાની મેળે પઢે છે તેની વાતો લખી નથી

વલણુ ડાબી દાઢ સાથે લાગે છે આગલા દાતો સાથે જીભ લગાડીને પઢવુ ખોટુ છે અને એની વધારે ટેવ પાડવી જોઇએ અને ઝાલ નરમીથી બોલાય છે. અને ઝે ભાર દઇને બોલવામા આવે છે અને ઝોય મો ભરીને બોલાય છે

કાયદો નીચે લખેલા હરફો હમેશ મો ભરીને બોલાય છે ખે, સોઆદ, દોઆદ, **તોએ, ઝોએ, ગૈન (મોટો) કાફ**

કાયદો. **નુન** અને **મીમ** પર જ્યારે તશદીદ હોય ત્યારે ગુન્ના પઢો એટલે તેજ અવાજને જરાવાર નાકમા થોભાવી કાઢો

કાયદો. જે હરફ પર ઝબર કે ઝેર કે પેશ અને તેની આગળ હરફ **અલિફ** અથવા **વાવ** અથવા યે ન હોય ત્યારે તેને લંબાવીને પડશો નહિ જેવી રીતે ઘણી છોકરીઓ (અને છોકરાઓ)ની ટેવ હોય છે એવી રીતે પઢવુ ખોટુ છે જેમકે **અલહમ્દોને** એવી રીતે પઢે કે અલ્હમદૂ અથવા **માલેકે** ને માલિકી અથવા વાવ હોય તેને ટુક અવાજમા ઘટાડે નહિ મતલબ એકે ખેચવાના અને ટુક અવાજમા પઢવાના શબ્દોની ઘણી સભાળ રાખે

કાયદો પેશને એવી રીતે પઢો કે જેમા વાવનો કઇક અવાજ આવી જાય, અને તેમજ ઝેરમા યેનો કઇક અવાજ આવી જાય

કાયદો જે ઠેકાણે નૂન પર જઝમ હોય અને નૂન પછી નીચે લખેલા હરફોમાનો કોઇ હરફ હોય તો નૂનને ગુન્ના પઢો અને તે હરફો **એ છે—તે સે જીમ દાલ ઝાલ ઝે સીન શીન સોઆદ દોઆદ તોએ ઝોએ ફે** (મોટો) **કાફ** (નાનો) **કાફ** જેમકે **અન્તુમ, મિન સમરતીન, ફઅંજયનાકુમ, અન્દાદન, અંઝરતહુમ, અંઝલા, મિનસઆતહુ, યંશોરો, લમ સમરા, મંઝહીન, ફઇનતિબન, ફંગ્ઝાર, યુનફેકુન, મિનકબલિક, ઇનકુનતુમ**

કાયદો એવીજ રીતે જો કોઇ હરફપર બે ઝબર કે બે ઝેર કે બે પેશ હોય કે જેનાથી નૂનનો અવાજ નિકળે છે, અને તે હરફ પછી મઝકૂર પહેલ હરફોમાનો કોઇ હરફ આવી જાય ત્યારે પણુ તે નુનની અવાજને ગુન્ના બનાવો જેમકે **જન્નાતિનતજરી, જમીઅં સુમ્મસ્તવા, મિન નફસીન શયઅં, રિઝક કાલૂ રસૂલુન કરીમ**, એવીજ રીતે બીજા દાખલા (કુરઆને શરીફમા) શોધી લીઓ. જ્યા નૂન પર જઝમ હોય અને તેની પછી રેનો હરફ અથવા લામ આવે તો તે નૂનમા નૂનનો અવાજ તદન રહેતો નથી એટલુજ નહિ પણુ તદન રે અથવા લામમા મળી જાય છે જેમ કે **મિર્રબ્બેહિમ, વલાકિલ લાયશઓરૂન.**

કાયદો એવીજ રીતે જો કોઇ હરફ પર બે ઝબર કે બે ઝેર કે બે પેશ હોય જેથી કરીને નૂનનો અવાજ પેદા થાય અને તે હરફ પછી રે અથવા લામ હોય ત્યારે પણુ તે નૂનનો અવાજ જતો રહેશે રે અથવા લામમા મળી જશે, જેમ ગફુરૂર **રહીમ, હોદલ લિલ મુત્તકીન.**

કાયદો જે નૂન પર જઝમ હોય અને તેના પછી બે હરફ હોય તો તે નૂનને મીમની પેઠે પઢીશુ. અને તેને ગુન્ના પણુ કરશુ જેમ કે **અનબેઅહુમ** એને **અમ્બેઅહુમ** પઢીશુ તેવીજ રીતે જો કોઇ હરફપર બે ઝબર, બે ઝેર, અને બે પેશ હોય જેથી નુનનો અવાજ પેદા થાય અને તેની પછી બે હોય ત્યા પણુ તે નૂનનો અવાજ બદલીને મીમ પઢીશુ. જેમ કે **અલીમુનબેમાં** તેને **અલીમુમ બેમા** પઢીશુ. કેટલાક કુરઆનોમા એવે ઠેકાણે એક નાનકડી મીમ લખેલી હોય

છે અને કેટલાકમા હોતી નથી પણ સૌ ઠેકાણે એવીજ રીતે પઢવુ જોઇએ, કે જે જે ઠેકાણે એ કાયદો લાગુ પડતો હોય.

કાયદો જ્યા મીમ પર જઝમ હોય, અને તેના પછી બે હરફ હોય તો તે મીમપર ગુન્ના કરજો જેમ કે યઅ તસિમબિલ્લાહ

કાયદો જે હરફ પર બે ઝબર બે ઝેર કે બે પેશ હોય અને તેના પછીના હરફ પર જઝમ હોય તો ત્યા બે ઝબરની જગ્યાએ એક ઝબર પઢીશુ અને ત્યા જે અલિફ લખેલો છે તેને પઢીશુ નહિ અને ઝેરવાળો એક નૂન પોતાના તરફથી તે જઝમવાળા હરફ સાથે મેળવીશુ, જેમકે ખયરન લવસીયતો, તેને ખય-રનિલ વસીયતો પઢીશુ એવીજ રીતે બે ઝેરને ઠેકાણે એક ઝેર પઢીશુ, અને તેવોજ (ઝેરવાળો પોતાના તરફથી એક) નૂન પાછલા હરફ સાથે મેળવીશુ. જેમકે ફખૂરીન લઝીના તેને ફખૂરનીલ લઝીન પઢીશુ તેવીજ રીતે બે પેશ ને ઠેકાણે એક પેશ પઢીશુ, અને તેવોજ (ઝેરવાળો) નૂન પાછલા હરફ સાથે મેળવી દેશુ, જેમકે નૂહુન બનહુ તેને નૂહો નિબનહુ પઢીશુ કેટલાક કુરઆનોમા નાન-કડો નૂન વચમા લખેલો હોય છે પણ જો કુર-આનમા લખેલો નહિ હોય ત્યારે પણ એમજ પઢવુ જોઇએ

કાયદો રે ના ઉપર જો ઝબર કે પેશ હોય તો તેને મો ભરીને પઢવુ જોઇએ જેમકે રબ્બિલ આલમીન અસરોહુમ અને જો રેની નીચે ઝેર હોય તો નરમાશથી પઢવુ જોઇએ જેમકે ગયરિલ મગઝુબે અને જો રે પર જઝમ હોય તો તેના અગાઉના હરફને જુઓ જો તેના ઉપર ઝબર કે પેશ હોય તો રે ને મો ભરીને પઢો. જેમકે અનઝર તહુમ મુરસલુન અને જો તેના આગલા હરફપર ઝેર હોય તો તે જઝમ વાળી રે ને નરમાશથી પઢો જેમકે લમતુનઝિરહુમ અને કેટલેક ઠેકાણે એ કાયદો લાગુ પડતો નથી તેવા ઠેકાણા તમે સમજી શકશો નહિ પણ ઘણે ઠેકાણે તો એજ કાયદો વપરાય છે. તમે એવીજ રીતે પઢયા કરો

કાયદો અલ્લાહો અને અલ્લાહુમ્મમા લામ છે એ લામથી આગલા હરફપર જો ઝબર કે પેશ હોય તો લામને મો ભરીને પઢો. જેમકે ખતમલ્લાહો, કુઆલહોઅલ્લાહો વ ઈઝકાલુલ્લાહુમ. અને જો આગલા હરફપર ઝેર હોય તો તે લામને નરમાસથી પઢે જેમકે અલહમ્દોલિલ્લાહે.

કાયદો. જ્યા ગોળ તે હોય પછી તે મળેલી હોય અથવા હરફોથી જુદી હોય અને ત્યાજ થોભવુ હોય (એટલે આયાત કરવી હોય) તો તે તેને હે પઢવી જેમકે કસવતન તેને કસવહ પઢીશુ, આતુઝ ઝકાતા અને તૈયબતનમા પણ (આયત કરતી વખતે) હે પઢીશુ

કાયદો જે હરફ પર બે ઝબર હોય અને તે ઠેકાણે આયત કરવી હોય તો તે હરફની આગળ અલિફ પઢીશુ જેમ કે નિદાઅન તેને નિદાઆ પઢીશુ

કાયદો જે હરફપર મદની નિશાની હોય ત્યા જરા અવાજને વધારી દીઓ. જેમકે વલઝ ઝાલ્લીન અહિ અલિફને બીજા ઠેકાણાઓના અલિફો કરતા વધારે લબાવીને પઢો અથવા જેમકે કાલુ અનોઅમેનો અહીં વાવ ને બીજા વાવો કરતા વધારશો અથવા જેમકે ફી આઝાનેહિમ આ યે ને બીજા યે કરતા લંબાવશો.

કાયદો (આયાત ઉપર) જ્યા મીમ, કે તોએ, કે હે, અથવા (મોટો) કાફ અને કે, અથવા (નાનો) કાફ લખેલા હોય ત્યા ઠેરી જાઓ અને જ્યા સીન અથવા સકતા કે વકફા (લખેલુ) હોય ત્યા તદન થોભી જશો. નહિ

પણ જરા અટકીને આગળ પઢતા ચાલ્યા જાઓ. અને જ્યાં એક આયતમા બે જગ્યાએ ત્રણ નુકતા ∴ આ પ્રમાણે લખેલા હોય ત્યા એક ઠેકાણે થોભો અને બીજે ઠેકાણે થોભો નહિ પછી ગમેતો પહેલી નિશાની આગળ થોભો અથવા બીજી આગળ થોભો અને જે (આયત ઉપર અથવા જે) ઠેકાણે લા લખેલો હોય ત્યા થોભશો નહિ અને જ્યા બીજી નિશાનીઓ લખેલી હોય ત્યાં મનમા આવે તો થોભો અને ચાહો નહીં થોભો અને જ્યા ઉપર નીચે બે નિશાનીઓ દીધેલી હોય ત્યા જે ઉપર લખેલી હોય તે પ્રમાણે ચાલો

ફાયદો જે હરફ પર જઝમ હોય અને તે પછીના હરફ પર તશદીદ હોય ત્યારે તે ઠેકાણે પેહલો હરફ પઢાશે નહિ જેમ કે કદ-તબૈયનમા દાલ પઢાશે નહિ અને કાલત-તાએફતુનમા તે પઢીશુ નહિ અને લઇબિઅ-સત્તમા તોએ પઢાશે નહિ અને અસકુ-લત દઅવતુલ્લાહમા તે પઢીશુ નહિ. અને ઓ-જીબત દઅવતોકોમામા તે પઢાશે નહિ અને અલમ નખલુકકુમમા (મોટો) કાફ પઢાશે નહિ પણ જો એ જઝમ વાલો હરફ નૂન હશે અથવા બે ઝેર કે બે ઝબર કે બે પેશથી નૂનનો અવાજ પેદા થઇ ગયો હશે અને તેની પછી તશદીદવાલો હરફ યે અથવા વાવ હોય તો ત્યા પઢવામા નૂનનો અવાજ પઢાશે જેમ કે મંયયકુલો, ઝોલોમાતુંવ વરઅદુ-નમા નૂનનો અવાજ નાકમા પેદા થશે.

ફાયદો વમા મિનદાબ્બતિનના (૧૨મા) સિપારાના ચોથા રૂકૂઅની છઠ્ઠી આયતમા જે આ શબ્દ આવ્યો છે, મજરીહા એ રેની ઝેરને બીજા ઝેરો જેવી પઢીશુ નહિ પણ જેવી રીતે "નસિતારે"ની રેનો ઝેર પઢવામા આવે છે તેવીજ રીતે એને (મજરેહા) પઢીશુ.

ફાયદો હામીમના (૨૯મા) સિપારામાં સુરએ હોજોરાતના બીજા રૂકૂઅની પેહલી આયતમા બેઅસલ ઇસમો જે શબ્દ છે તેમા બેઅસનો સીન કોઇ તરફથી મળતો નથી અને તેના પછીનો લામ તેના પછીની સીન સાથે મળે છે, અને એવી રીતે પઢાય છે કે બેઅસ લિસમો.

ફાયદો. તિલકર રોસોલોના (૩જા) સિ-પારામા આલે ઇમરાનની સુરતની શરૂમા અ-લિફ લામ મીમ જે આવેલો છે તેની મીમને તેના પછીના શબ્દ અલ્લાહના લામ સાથે એવી રીતે જોડવામા આવે છે કે જેના હિજ્જા (જોડણી) એવી રીતે કરાય છે, મીમ યે ઝેર મી, મીમ લામ, ઝબર મલ મીમલ અને કેટ-લાક પઢનારા એમ પઢે છે કે મીમ મલ એ ખોટું છે.

ફાયદો એ કેટલાક શબ્દો એવા છે કે લખાય છે જુદી રીતે અને પઢવામા જુદી રીતે આવે છે. તેઓનુ બહુજ ધ્યાન રાખશો. અને કુરઆને શરીફમાથી એ મુકામો કાઢીને છોક-રીઓ (અને છોકરાઓને) દેખાડી દીઓ અને સમજાવી દીઓ.

પેહલુ મુકામ કુરઆને શરીફમા જે કોઇ ઠેકાણે અનાનો શબ્દ આવેલો છે તેમા નૂન પછીનો અલિફ પઢવામા આવતો નથી પણ ફકત પેહલો અલિફ ઝબરથી પઢાય છે અને નૂન ઝબરથી પઢાય છે. નૂનની સાથે અલિફને મેળવીને નૂનને લંબાવીને પઢવામા આવતો નથી.

બીજુ મુકામ. સયકૂલના (બીજા) સિ-પારાના ૧૬મા રૂકૂઅની ત્રીજી આયતમા યબ-સોતો સોઆદથી લખાય છે પણ પઢવામા સીનથી પઢવુ જોઇએ ઘણાક કુરઆનોમા તે ઠેકાણે એક નાનકડી સીન પણ લખેલી હોય છે પણ જો નહિ લખેલી હોય તોપણ સીન તે ઠેકાણે પઢવી જોઇએ. તેવીજ રીતે વલે.અ-ન્નનાના (૮મા) સિપારાના સોળમાં રૂકૂઅની

પાચમી આયતમા **બસતહુ** જે શબ્દ આવેલો છે તે ઠેકાણે પણ સીનજ પઢાય છે

ત્રીજું મુકામ લનતનાના (૪થા) સિપારાના છઠ્ઠા રૂકુઅની પહેલી આયતમા **અફૂઈન** શબ્દમા ફે હરફ પછી અલિફ લખાય છે પણ પઢાતો નથી

ચોથું મુકામ લનતનાના સિપારાના આઠમા રૂકુઅની ત્રીજી આયતમા **લાઇલલ લાહેમા** પહેલા લામ પછી બે અલિફો લખાચલા છે પણ એકજ અલિફ પઢાય છે અને તે એવી રીતે **લ ઇલિલ્લાહે.**

પાંચમું મુકામ લાયોહિબ્બુલ્લાહના (૬ઠા) સિપારાના નવમા રૂકુઅની ત્રીજી આયતમા **તબુઆ** એ શબ્દમા હમઝા પછી અલિફ લખાય છે પણ પઢવામા આવતો નથી

છઠું મુકામ કાલલમલઓના (૮ મા) સિપારાના ત્રીજા રૂકુઅની ચોથી આયતમા **મલાએહી** શબ્દમા લામ પછી અલિફ લખાય છે પણ પઢવામા આવતો નથી પણ તે **મલએહી** પઢાય છે એવીજ રીતે એ શબ્દ કુરઆનમા જે જે ઠેકાણે આવેલો છે ત્યાં એવી રીતે પઢાય છે

સાતમુ મુકામ વઅલમુ (૧૦મા) સિપારાના તેરમા રૂકુઅની પાચમી આયતમા **લાઔઝઉમાં** લામ પછી અલિફ લખેલો છે, પણ તે પઢાતો નથી પણ લઔઝઉ પઢાય છે

આઠમુ મુકામ વમા મિન દાબ્બતિનના (૧૨મા) સિપારાના છઠ્ઠા રૂકુઅની આઠમી આયતમા **સમૂદા** શબ્દમા દાલ પછી અલિફ લખેલો છે પણ તે પઢવામા આવનો નથી. તેમજ ફમા ખતબોકુમના (૨૭મા) સિપારામા વન્નજમની સુરતના ત્રીજા રૂકુઅની ઓગણીસમી આયતમા જે **સમુદા** શબ્દ આવેલો છે તેમા પણ અલિફ પઢાશે નહિ.

નવમુ મુકામ વમા ઓબર્રેઓ નફસીના (૧૩મા) સિપારાના દસમા રૂકુઅની ચોથી આયતમા **લેતતલોવામા** વાવ પછી અલિફ લખાય છે પણ તે પઢાતો નથી વાવ ને ઝબર પઢાશે.

દસમુ મુકામ સુબહાનલ્લઝીના (૧૫મા) શિપારાના ચૌદમા રૂકૂઅની બીજી આયતમા **લન નદઓવામા** વાવ પછી અલિફ લખેલો છે. પણ પઢાતો નથી, એવીજ રીતે એજ સિપારાના સોળમા રૂકુઅની પહેલી આયતમા **લેશૈઈનમા** અલિફ પઢવામા આવતો નથી.

અગ્યારમું મુકામ. મચકુર સિપારાના સત્તરમા રૂકુઅની સાતમી આયતમા **લાકિન્નામા** નૂન પછી અલિફ લખાય છે પણ પઢાતો નથી. નૂનને ઝબર પઢીશુ.

બારમુ મુકામ. વકાલલ્લઝીના (૧૯મા) સિપારાના સત્તરમા રૂકુઅની સાતમી આયતમા **લા અઝબહન્નહુમા** લામની પછી બે અલિફ લખાય છે પણ એકજ પઢાશે અને તે એવી રીતે **લ-અઝબહન્નહુ**

તેરમુ મુકામ વમાલેયલા (૨૩મા) સિપારામા છઠ્ઠા રૂકુઅની સુડતાળીશમી આયતમા **લાઇલલજહીમમા** પેહલા લામ પછી બે અલિફ લખાય છે પણ એકજ પઢાય છે. લ-એલલ-જહીમ એવી રીતે

ચૌદમુ મુકામ હામીમના (૨૬મા) સિપારાના સૂરએ મોહમ્મદ (સલ)ના પેહલા રૂકુઅની ચોથી આયતમા **લેયબલોવામા** વાવ પછી અલિફ લખાય છે પણ પઢવામા આવતો નથી પણ આવી રીતે પઢે છે લેયબલોવ તેવીજ રીતે એજ સૂરતના ચોથા રૂકુઅની ત્રીજી આયતમા **નબલોવામા** પણ વાવ પછી અલિફ લખાય છે પણ પઢવામા આવતો નથી પણ નબલોવ પઢાય છે

પંદરમુ મુકામ. તબારકલ્લઝીના (૨૯મા) સિપારામા સૂરએ દહરના પહેલા રૂકુઅની ચોથી આયાતમા **સલાસિલા** શબ્દમા બીજા લામ પછી અલિફ લખાય છે પણ પઢાતો નથી. પણ

આવી રીતે પઢે છે. સલાસેલ છેલ્લા લામપર ઝબર પઢશુ અને એજ રૂકુઅની પદરમી અને સોળમી આયતમા બે જગ્યા કવારીરા કવારીરા આવ્યા છે અને બને જગ્યાએ બીજા રે પછી અલિફ લખવામા આવે છે ત્યારે ઘણા એક પઢનારાઓ પહેલા કવારીરાપર થોભે છે અને બીજા કવારીરાપર થોભતા નથી તો જ્યારે એમ પઢાય ત્યારે હુકમ એ છે કે પહેલા કવારીરા શબ્દપર અલિફ પઢાય અને બીજાપર પઢાય નહિ પણ રે પર ઝબર પઢે અને જો કોઇ પહેના કવારીરાપર થોભે નહિ અને બીજા પર થોભે તો જયા થોભે ત્યા અલિફ પઢવો જોઇએ, અને જયા નહિ થોભે ત્યા અલિફ પઢે નહિ

ફાયદો વઅલમૂના (૧૦મા) સિપારામા સુરએ તોબા જે બરાઅતુમ મિનલ્લાહેથી શરૂ થાય છે તેની ઉપર બિસમિલ્લાહ લખેલી નથી તેનો હુકમ એવો છે કે જો કોઇ ઉપરથી પઢતું ચાલ્યુ આવે તો તે માણુસ ત્યા પહોચીને બિસમિલ્લાહ પઢે નહિ તેમજ શરૂ કરી દીએ અને જો કોઇએ તેજ ઠેકાણેથી પઢવુ શરૂ કીધુ અથવા થોડી સુરત પઢીને પઢવુ બંધ કરી દીધુ હતું. ફરી વચ્ચેથી પઢવુ શરૂ કીધુ તો એ બન્ને હાલતોમાં બિસમિલ્લાહીર રહમા નિરરહીમ પઢવુ જોઇએ

સમાપ્ત

